Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 6 ए ग/4

पंजिका-संख्या 20226

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है । कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते । अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતી ગ્રન્થમાળા વર્ષ ૬ પુ૦ ૩-૪

લગ્ન કે પ્રપંચ?

११-८-१९८२

લેખક

નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ

LIBRARY,
GURUKULA KANGRI.

પ્રસ્થાન કાર્યાલય : પારસી અગિયારી સામે : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતી ગ્રન્થમાળાનાં પુસ્તકો

વર્ષ ૧ લું

વીર વલ્લભભાઈ	૦-૨-૬
રાજાજીની વાતો	૦-૩-૦
અમેરિકાનું સ્વા. યુદ્ધ	૦-૪-૦
જાતકકથાસંગ્રહ	૦-૩-૦
ક્રાન્તિ	૦-૬-૦
ક્રાન્તિકારી લગ્ન	૦-૩-૦
૧૮૫૭ના બળવાની બીજી બાજુ *	૦-૩-૬
ઈટાલિનો મુક્તિયજ્ઞ	૦-૬-૦
ગરીબની હાય	૦-૩-૦

વર્ષ ૨ જું

વીરની હાકલ *	૦-૧૨-૦
દારૂનિષેધ અને સ્વરાજ	૦-૪-૦
ગાંધીકૂચ આલ્બમ*	૦-૮-૦
બારડોલીની હિજરત	૦-૨-૬
પૂજારીને પગલે	૦-૪-૦
ઓરસહની વીરાંગનાઓ	૦-૨-૦
લાલ ટોપી	૦-૩-૦
અયોધ્યા ઓહિયાં	૦-૩-૦
લૂંટાતું હિંદ	૦-૩-૦

વર્ષ ૩ જું

પચાસ વર્ષ પછી	૧-૦-૦
ગુફાનું કમળ	૦-૩-૦
ક્રાન્તિને માર્ગે *	૦-૫-૦
રૂપિયાનું ઝાડ	૦-૫-૦
ગાંધીવિચારદોહન	૦-૮-૦
ટેકને ખાતર	૦-૩-૦

વર્ષ ૪ થું

પરદેશી કાપડની હરીફાઈ	૦-૮-૦
મારી કહાણી	૦-૮-૦
ચબૂતરો	૦-૧૦-૦
કોયા ભગતની કડવી વાણી	૦-૮-૦
પ્રિન્સ બિસ્માર્ક	૦-૮-૦
કળજુગ	૦-૩-૦

વર્ષ ૫ મું

તૂટેલા તાર	૦-૮-૦
તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો	૦-૩-૦
જીવનચર્યા	૦-૧૦-૦
નૂતન રશિયામાં ડોકિયું	૦-૮-૦
ચીન-જાપાનની યાત્રા	૦-૮-૦
ગરીબાઈનો ગુનો	૦-૩-૦

વર્ષ ૬ ઠું

બોલ્શેવિઝમ અને બીજી વાતો	૦-૬-૦

(* જપ્ત થયાં છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સસ્વતી ગ્રન્થમાળા વર્ષ ૬ પુ૦ ૩-૪ કુલ પુ૦ ૫૬-૫૭

લગ્ન કે પ્રપંચ ?

LIBRARY,
GURUKULA KANGRI.

लग्न के प्रपंच

લેખક

નરસિંહભાઈ ઇશ્વરભાઈ પટેલ

'પાટીદાર' મંદિર : આણંદ

CHECKED 1973 8286

Initial 25-7-2001

પ્રકાશક

પ્રસ્થાન કાર્યાલય

અમદાવાદ

૧૯૯૧ આઠ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંચાલક અને પ્રકાશક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી : પ્રસ્થાન કાર્યાલય : અમદાવાદ

મુંબઈ શાખા
પ્રિન્સેસ સ્ટ્રીટ

સૂરત શાખા
કેળાંપીઠ

પ્રથમ આવૃત્તિ
ચૈત્ર : ૧૯૯૧

કિંમત

વાર્ષિક ફાળે	છૂટક
૦–૫–૦	૦–૮–૦
ટપાલખર્ચ સાથે	ટપાલખર્ચ વધુ

મુદ્રક
મણિલાલ પુરુષોત્તમ મિસ્ત્રી બી. એ. : આદિત્ય મુદ્રણાલય : રાયખડ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

લગ્ન એ સમાજજીવનનો પાયો છે. એ પાયો જેટલો મજબૂત ને પદ્ધતિસર હશે તેટલું સમાજજીવન ટકાવ ને વ્યવસ્થિત હશે. આજે આપણા સમાજજીવનમાં ઘણી અસ્તવ્યસ્તતા આવી ગયેલી જોવામાં આવે છે. આથી, આપણી લગ્નપદ્ધતિનું સર્વાંગ નિરીક્ષણ કરવું ખાસ આવશ્યક છે. એ દૃષ્ટિએ શ્રી. નરસિંહભાઈનું આ પુસ્તક ગુજરાતી સમાજને માર્ગદર્શક થશે.

શ્રી. નરસિંહભાઈ ગુજરાતના ગણ્યાગાંઠ્યા વિચારકોમાંના એક છે. આપણા સમાજનું તેમણે એક વૃદ્ધયુવાનની દૃષ્ટિથી સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું છે અને એ નિરીક્ષણને અંતે તેમણે કેટલાંક મહત્ત્વનાં નિદાનો આપ્યાં છે. એમની વાણી હૈયામાંથી આવે છે; તે જલદ છે તેની સાથેસાથે શામક છે, અને વાંચનારને હૈયાસોંસરી ઊતરી જાય એવી છે. આજની લગ્નપ્રણાલી કેટલી સડેલી છે, આજનો આપણો નારીવર્ગ એ પ્રણાલીથી કેવો ક્ષુંદાઇ રહ્યો છે, એની માનસિક અને શારીરિક કેટલી અવનતિ થઇ છે અને પરિણામે આખા સમાજની કેવી અધોગતિ થઈ છે તેનું આ પુસ્તકમાં તેમણે સચોટ દર્શન કરાવ્યું છે.

શ્રી. નરસિંહભાઈ પડકાર આપે છે : 'આ લગ્ન છે કે પ્રપંચ ?' આજી, એ ઉઘાડો પ્રપંચ જ છે એના ટેકામાં તેઓ તો પુષ્કળ દાખલાદલીલો અને ભરપૂર વીગતો આ પુસ્તકમાં આપે છે. આજના યુવકો અને યુવતીઓ આ પ્રશ્નને ગંભીરતાથી વિચારશે અને તેનો ઉકેલ લાવવા બુદ્ધિપૂર્વક યત્નશીલ થશે તો આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો યત્ન સાર્થક થયો માનીશ.

અંતમાં, આ પુસ્તક 'સરસ્વતી માળા' માટે તૈયાર કરી આપવા બદલ હું તેમનો આભારી છું. એ જ લેખક 'લગ્નપ્રપંચ' નામનો એક વિસ્તૃત ગ્રન્થ તૈયાર કરી રહ્યા છે તેનો આ પુસ્તક એક પ્રવેશક રૂપે છે, એ નોંધવાની તક લઉં છું.

પ્રકાશક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

અધ્યાય	૧	કુદરતમાં નારીનું સ્થાન	૧
	૨	માનવસમાજમાં નારીનું સ્થાન	૬
	૩	હિંદુસમાજમાં નારીનું સ્થાન	૧૧
	૪	લગ્નસંસ્થા	૧૭
	૫	પુરુષની કામલોલુપતા	૨૪
	૬	કામકલા	૩૧
	૭	સંતતિનિરોધ	૩૮
	૮	વિધવા	૪૭
	૯	કુટુંબસંસ્થા	૫૩
	૧૦	સ્ત્રીની આર્થિક પરાધીનતા	૬૫
	૧૧	નારીની નરી પરાધીનતા	૭૧
	૧૨	સ્ત્રીજાતિને અન્યાય	૭૯
	૧૩	પ્રાચીન લગ્નવ્યવસ્થા	૮૩
	૧૪	લગ્નવય	૯૨
	૧૫	સગ્નની કલ્યાણભાવના	૯૯
	૧૬	દંપતીના સેવાવિભાગ	૧૦૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

LIBRARY,
GURUKULA KANGRI.

અધ્યાય ૧

કુદરતમાં નારીનું સ્થાન

જાણીએ છીએ કે માનવસમાજમાં નારીનું સ્થાન પુરુષની નીચે છે. એ દબાયેલી છે, ચંપાયેલી છે, પીડાતી છે. પણ આપણા એક હિંદુસમાજમાં જ એની એ સ્થિતિ છે — એ દાસીરૂપે મનાએલી છે, એમ નથી; સમસ્ત માનવસમાજમાં એનું સ્થાન પુરુષની નીચે છે. કોઈ પણ સમાજમાં પુરુષની એ સમોવડિયણ નથી. બહુ પ્રાચીન કાળથી બધા સમાજમાં એ પુરુષનું ઉપભોગ્ય દ્રવ્ય બની પડેલી છે — ભોક્તા પુરુષ, ભોજ્ય સ્ત્રી; પુરુષ ભ્રમર, સ્ત્રી ફૂલ.

આ સ્થિતિનું મૂળ કયાં? સામાન્ય રીતે એ જોવા માટે એક પ્રશ્ન ઊભો થાય કે સુંદર કોણ? પુરુષ કે સ્ત્રી? કેટલાક ઉત્તર આપે કે સ્ત્રી; ત્યારે કેટલાક જવાબ દે કે “ના રે ના, એ તો તમે મોહવશ થઇને એમ કહો છો, બાકી ખરી રીતે તો પુરુષ સુંદર છે. સ્ત્રીને પૂછી જુઓ, એ તો કહેશે જ કે પુરુષ સુંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. — " એવું બોલનારને એમ જવાબ દેઈ શકાય કે સ્ત્રીનો એ ઉત્તર પણ પુરુષ ઉપરના મોહને લીધે જ છે. જો બન્ને પક્ષ મોહને વશ થઇને સામાને સુંદર માને તો સાચો ઉત્તર મેળવવો શી રીતે ? એનો નિવેડો લાવવા એ બે પક્ષથી ત્રીજો ત્રાહિત લાવવો ક્યાંથી ? સ્થિતિ બહુ વિકટ આવી પડી.

પણ હજી એક બારી છે. આપણે માણસજાતિને છોડી પશુપંખી તરફ નજર કરીએ. પશુપંખીનાં નરનારીજાતિના આપણે ત્રાહિત બનીએ ને તપાસીએ કે ત્યાં કોણ સુંદર છે ? સિંહણ કરતાં સિંહ જરૂર સુંદર દેખાય છે ; સિંહની કેશવાળી જુઓ, એની કેડ જુઓ, એની ચાલવાની છટા જુઓ. ઢેલ કરતાં મોર જરૂર સુંદર દેખાય છે ; એની કળા જુઓ, એનો કલાપ જુઓ, એનો ટૌકો સાંભળો. મેના કરતાં પોપટ જરૂર સુંદર દેખાય છે ; એનો કંઠ સાંભળો, કાંઠલો જુઓ, ઘાટ જુઓ. આમ સમસ્ત પ્રાણીવર્ગમાં સ્ત્રી કરતાં પુરુષ સુંદર દીસે છે, ત્યારે તો કુદરતમાં માણસજાત અપવાદ ન જ હોય, માણસજાતમાં પણ એ હિસાબે સ્ત્રી કરતાં પુરુષ સુંદર ઠરી શકે.

પણ ત્યારે કુદરતમાં આવો પક્ષપાત શાથી ? આનાં કારણ વિજ્ઞાનશાસ્ત્રીઓએ શોધ્યાં છે. એ કુદરતના મૂળમાં નજર કરે છે, ને આ પરિણામનો આખો ઇતિહાસ ચોજી કાઢે છે. એ ઇતિહાસ ઉપર આપણે નજર નાખી જઈએ તો પુરુષની સુંદરતાનો જ નહિ, પણ સ્ત્રીજાતિના નીચા સ્થાનનો પણ આપણને ખ્યાલ આવશે. પ્રથમ તો વિજ્ઞાનશાસ્ત્રી જણાવે છે એમ કેટલાક જન્તુઓ હજી યે એવા છે કે જેમાં સ્ત્રીપુરુષના ભેદ પડ્યા જ નથી. એ જન્તુઓના સ્વાભાવિક નિયમે ટુકડા થતાં નવાનવા જન્તુ થયા કરે છે. વળી એવા જન્તુ છે કે જેના એક જ શરીરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્રીપુરુષની ઇંદ્રિયો હોય છે. અહીં સુધી તો રૂપની સુંદરતાનો પક્ષપાત હોઈ શકે નહિ.

પછી આવી વાત જે પ્રાણીઓમાં પુરુષ અને સ્રીનાં શરીર જુદાં છે એમની. પોતાનો વંશ કાયમ રાખવાની સ્વાભાવિક પ્રેરણા એકે એક પ્રાણીમાં છે અને સ્રીપુરુષના લગ્નથી વંશવૃદ્ધિ થતી હોવાથી એ લગ્નની પ્રેરણા પણ એકે એક પ્રાણીમાં સ્વાભાવિક છે. આથી સ્રીપુરુષો લગ્નને માટે એક બીજાને આકર્ષવા લાગ્યાં. પુરુષ સ્રીને આકર્ષવા, લોભાવવા ફાંકડો બની હીંડવા લાગ્યો, ફાંકડો–રૂપાળો દેખાવાનો ડોળ કરવા લાગ્યો. એની સતત વાસના પ્રમાણે એનાં અંગ ખીલ્યાં અને એની સંતતિ પણ એવી જ થવા લાગી. આ પ્રમાણે શરીરે એ દિનપ્રતિદિન સુંદર થતો ચાલ્યો. પણ એમ એ સુખે લગ્ન કરી શકતો નહિ; એની જાતિના બીજા પુરુષો પણ એના હરીફ હતા, એ એને સુખે એનો ઉપભોગ ભોગવવા દેતા નહિ. એક જ સ્રીને માટે અનેક પુરુષ તકરાર કરતા, મારામારી કરતા ને તે જુદ્ધમાં છેવટે જે વિજયી નિવડે તે તે સ્રીની સાથે લગ્ન કરી શકતો. હારેલા માર્યા જતા, અગર તો એ કંઈ સબળ સંતતિ મૂકી જતા નહિ. આમ પુરુષમાં શરીરની સુંદરતા અને વળી શરીરનું બળ વિકાસ પામ્યું ને પેઢી દર પેઢી વધતું ચાલ્યું.

બીજી બાજુએ સ્રી પણ નવરી નહોતી બેસી રહી. એનામાં પણ વંશવૃદ્ધિની સ્વાભાવિક પ્રેરણા અને તેને લીધે લગ્નની કામવાસનાની પણ સ્વાભાવિક પ્રેરણા હતી જ. પોતાની વાસના પૂરી કરવાને એણે પુરુષ કરતાં જુદો જ માર્ગ લીધો. ઝાડની ડાળી ઉપર બેસીને એણે ગાવા માંડ્યું ને પોતાનાં અંગને સુંદર રીતે મરોડવા માંડ્યાં; પોતાના અંગની સુંદર ભાવભંગિથી એણે પુરુષને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકર્ષવાના અને લોભાવવાના પ્રયત્ન કરવા માંડ્યા; ને એમાં એ સફળ થઈ. પુરુષ આકર્ષાયો. અનેક પુરુષ આકર્ષાયા, ને તે સ્ત્રીને માટે મારામારી કરવા લાગ્યા. સ્ત્રી તો એ જુદ્ધ જુએ ને પોતાનું ગાન ને ભાવભંગિ વધારે વધારે જોરથી ચલાવે. પુરુષને એથી વધારે જોશ ચઢે ને વધારે જોમથી જુદ્ધ કરે. અંતે જે પુરુષ બધાને હરાવીને સફળ થાય, તે જ તે સ્ત્રી પાસે જઈ શકે ને સ્ત્રી તેનો સ્વીકાર કરી તેની સાથે લગ્ન કરે. જે સ્ત્રીમાં પુરુષને લોભાવવા ગાનની અને ભાવભંગિની કળા ન હોય તેની પાસે કોઈ ન જાય ને જાય તો જુદ્ધમાં જે હારીને જીવતા રહેલા તે જ. હવે આ સૌનું પરિણામ જોઇએ તો ફાંકડો પણ બળવાન પુરુષ ગાને ને ભાવભંગિએ સુંદર સ્ત્રી પામી શકે ને તેમની સંતતિ પણ કુદરતને કાયદે તેવી જ થાય. જે ફાંકડો ન હોય તેમજ બળવાન પણ ન હોય, તે લગ્ન કરવા પામે નહિ ને પામે તોય પોતાના જેવી છંડાએલી સ્ત્રી સાથે. સ્ત્રીમાં પણ જે સુંદર હોય તે રૂપાળા ને બળવાન પુરુષ પામી શકે. ભોટ સ્ત્રીને નમાલા જ પુરુષ મળે. આમ સુંદર અને બળવાન ઘણું કરીને વધે, કુરૂપ અને બળહીન જાતિ ધરતીના પડ ઉપરથી ઊખડી જાય ને જીવે તો ય એમના મરવાજીવવામાં બહુ ફેર નહિ. આ પરિણામ ઉપર બતાવેલા જે નિયમથી આવે છે તેને વિજ્ઞાનાચાર્ય ડાર્વિન Survival of the Fittest—**योग्यतमस्य उद्वर्त्तनम्** કહે છે. અર્થાત્ જેની યોગ્યતા વધારે તેનું જીવતર લાંબું.

હવે આગળ વાત: પુરુષ તો જુદ્ધ કરી કરીને શરીરે બળવાન થતો ચાલ્યો, ફાંકડો પણ થતો ચાલ્યો; સ્ત્રી મધુરતા પ્રાપ્ત કરતી ગઈ, પણ શરીરે તો નિબળ જ રહી. નિર્બળે બળવાનને વશ રાખવા સ્ત્રીનું જે સાધન મધુરતા, તે બસ ન થવાથી એણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈક કપટકુશળતા આણી, ને એનો એ ગુણ પણ જતે દિવસે ખીલ્યો. પણ એ સૌ રીતે — સૌને પરિણામે કામદેવના રાજ્યમાં— પુરુષ ભોક્તા બન્યો, સ્ત્રી ભોગ્ય બની; પુરુષ ભ્રમર બન્યો, સ્ત્રી ફૂલ બની. સ્ત્રીપુરુષની શારીરિક અને માનસિક આ સ્થિતિનો વિકાસ આજ સુધી ચાલતો આવ્યો છે. પશુપંખીની જુદી જુદી જાતિઓ જેમ જેમ જે જે માર્ગે જે જે અંશે શરીરે વિકાસ પામતી ચાલી, તેમ તેમ તે તે માર્ગે તે તે અંશે ઘડી વાંકે ચૂકે, ઘડી આઘેપાછે, ઘડી ઊંચેનીચે કે ઘડી સીધે માર્ગે, કોઈ વાર ધીરી તો કોઈ વાર ઉતાવળી ગતિએ એનાં એ રૂપગુણ આજ સુધી વગર-અટક્યે વિકાસ પામતાં જ આવ્યાં છે, એમ આપણે એ શાસ્ત્રના અભ્યાસથી જોઈ શકીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૨

માનવસમાજમાં નારીનું સ્થાન

આમ પુરુષ ઉપરથી બળવાન ને રોફીલો થયો, સ્ત્રી અંદરથી સુંદર અને અબળા એટલે નાજુક અને કળાબાજ થઈ. હવે વિજ્ઞાનશાસ્ત્રને વિકાસક્રમે કે ધર્મશાસ્ત્રને સૃષ્ટિક્રમે પૃથ્વી ઉપર માનવી આવ્યો ને તેમાં પણ નરનારીના ઉપર વર્ણવેલા ગુણો સાથે જ લેતો આવ્યો, વધારે સ્પષ્ટ રૂપે લેતો આવ્યો. પણ માણસમાં બુદ્ધિનો પણ વધારે વિકાસ થયો, અને સમાજ બાંધીને રહેવાની વૃત્તિ પણ આવી. નારી માટેનાં જુદ્ધોથી જ તો સમાજની સુવ્યવસ્થા જળવાઈ શકે નહિ, તેથી સૌને કોઈ ને કોઈ રીતે નારી મળી રહે એટલા માટે બુદ્ધિ — વિવેક — વાપરીને પોતાની વૃત્તિ ઉપર સંયમ મૂક્યો, સામાજિક લગ્નપ્રણાલી સ્થાપી. મહાભારતમાં પણ જણાવ્યું છે કે પ્રથમ લગ્નપ્રણાલી નહોતી, ને તે **एष धर्मः सनातनः** મનાતો, પણ પાછળથી એ લગ્નપ્રણાલી સ્થપાઈ. બેશક એ પ્રણાલી પ્રાકૃતિક તો નથી જ, પ્રકૃતિપર છે. પણ વિવેકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવીએ એવી તો કેટલી યે પ્રકૃતિપર પ્રણાલીઓ સ્થાપી સુખ મેળવવાના પ્રયાસો કર્યાં છે. નદીએથી પાણી ભરી લાવતાં કષ્ટ થાય, માટે કોઈ રીતે એને ઊંચી ટાંકીમાં ભરી પછીથી નળમાર્ગે ઘરમાં પાણી વિનાકષ્ટે લેઈ વાપરીએ છીએ ને સુખી થઇએ છીએ. એમ સૌને સુખ મળે તેટલા માટે લગ્નની પ્રણાલી પણ માનવીએ સ્થાપી.

પણ બધા કંઈ એવા નથી હોતા કે પોતાની વૃત્તિ ઉપર સંયમ રાખી લગ્નની એ ધર્મપ્રણાલીને ગાંઠે. આજ સુધી કન્યા-હરણના તેમ જ સ્ત્રીઓને કાઢી જવાના અને લગ્નપ્રણાલીની વિરુદ્ધ થતા બીજા અપરાધ આપણે જોયા કરીએ છીએ. પણ સમાજ જેમ જેમ વધારે સંસ્કારી થતો જાય છે, તેમ તેમ એવા અપરાધ ઓછા થતા જાય છે. કેટલીક જંગલી જાતોમાં તો લગ્નોનાં બંધન પણ હજી દૃઢ નથી થયાં. યુરોપિયન સમાજ વધારે સંસ્કારી છે ને તેથી ત્યાં લગ્ન વિષેના ધર્મ વધારે સારી રીતે પળાય છે. પૂર્વ દેશોનો સમાજ વધારે પ્રાચીન કાળથી સંસ્કાર પામ્યો છે, પણ આજે એના આચારવિચાર જડ થઈ ગયા છે, વિવેકશૂન્ય થઈ ગયા છે; એનો લગ્નધર્મ પણ ઉન્નત છે, પણ સાથે જ જડ ને વિવેકશૂન્ય થઈ ગયો છે. આફ્રિકાના જંગલીઓનો બાળસમાજ છે, યુરોપઅમેરિકાનો યુવાસમાજ છે ને એશિયાનો વૃદ્ધસમાજ છે. વૃદ્ધ છે એટલે હવે મરશે જ, એમ માનવાનું કારણ નથી. માણસનું શરીર વૃદ્ધ થયે મરે જ, એની સરખામણી સમાજ સાથે થઈ શકે નહિ. બેશક ઘણીયે જાતિ વૃદ્ધ થઇને મરી ગઈ, પૃથ્વીના પડ ઉપરથી ભૂંસાઈ ગઈ. પણ હિંદુસમાજની જીવનશક્તિ કંઈ અલૌકિક છે. સૌથી વૃદ્ધ હોવા છતાં હજી યે એ જીવે છે. મુસલમાનોના ભરતીકાળમાં એ ડૂબી ગયો હતો, તે પાછો એમના ઓટકાળમાં તરી આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, ને પાછો [૧]જુવાનીમાં જતો હોય એવાં ચિહ્ન પણ હું તો જોઉં છું.

પણ એ બધી જાતિઓનાં નરનારીમાં પશુલગ્નના જે ગુણો એ તો વિકાસ પામતા જ ચાલ્યા છે. સ્ત્રી માટે પુરુષ આજ સુધી જુદ્ધ મચાવતો જ રહ્યો છે. કન્યાહરણ અને સ્ત્રીહરણ એકે એક સમાજમાં આજ સુધી થતાં આવ્યાં છે. 'જર જમીન ને જોરુ, એ ત્રણે કજિયાના છોરુ,' એ કહેવત હજી યે ખોટી પડી નથી. સંયમને માટે બ્રહ્મચર્યની વ્યવસ્થા કર્યા છતાં એનો અનાદર થતો આવ્યો છે. વળી પોતે મર્દ ને ફાંકડો છે એવો દેખાવ નારી આગળ નર કરતો જ રહ્યો છે. પટિયાં પાડી, દાઢીમૂછ ફાંકડી કરી, માથે અત્તરતેલ ઘાલી તે રોફ મારતો જ રહ્યો છે. 'સ્ત્રીએ પુરુષનો વેશ ન ધરવો ને પુરુષે સ્ત્રીનું વસ્ત્ર ન પહેરવું,' એવા કાયદા સ્થપાયા (બાઇબલ પુનર્નિયમ ૨૨ : ૫), અને વળી પુરુષ હાથમાં લાકડી ઝાલે છે તેમાં તો રોફ તથા પશુબળ બંને સમાયેલાં છે. રાજા તો રાજદંડ અવશ્ય ધારણ કરે છે, રાજા ગામમાં આવે ત્યારે એ દંડની છડી પોકરાય ને અપરાધીને એ દંડથી દંડ દેવાય. આમ પશુલગ્નની મુખ્ય બે પ્રકૃતિ : પશુબળ ને રોફ, એ બંનેનું એકઠું પ્રદર્શન દંડમાં છે!

સ્ત્રી પણ પોતાની આકર્ષણશક્તિ વિકસાવવામાં પાછી નથી પડી. અનેક રીતે એણે પોતાનું રૂપ અને કલાકૌશલ વધારી મૂક્યું

૧ આ વાક્ય લખ્યા પછી ચારેક જ કલાકમાં 'The Visva-Bharati Quarterly'ના એપ્રિલ માસના અંકમાં દીનબન્ધુ ઍંડ્રુઝનો India and Africa નામે લેખ વાંચવામાં આવ્યો. એ લેખમાં એમણે પણ આમ જણાવ્યું છે: " India in her old age seems to have attained the secret of intellectual youth. " [જણાય છે કે ભારતે પોતાની વૃદ્ધાવસ્થામાં માનસિક જુવાનીનો મંત્ર પ્રાપ્ત કર્યો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમાં વળી પુરુષે પોતે પણ પોતાના વિલાસને માટે સ્ત્રીના એ વિકાસમાં મદદ કરી. પોતાની ભોગ્ય વસ્તુને — સ્ત્રીને — વધારે સુંદર બનાવવા તેને કૃત્રિમ રીતે પણ શણગારવા માંડી, એના વાળ વધાર્યા ને તેલ નાંખી, ચકચકિત બનાવી હોળાવવા માંડ્યાં ; એને સુંદર દેખાય એવાં કપડાં પહેરાવ્યાં ને સુંદર રંગ આપ્યા, તેથી યે ન ધરાતાં એનાં અંગપ્રત્યંગ રંગ્યાં, રંગએરંગી છૂંદણાં છૂંદી તેમાં ઘાટ કાઢ્યા ; વળી પ્રથમ કોડીઓનાં ને શંખલાનાં ઘરેણાં પહેરાવ્યાં, શંખની ચૂડીઓ પહેરાવી ને શંખિયાં શબ્દમાં હજી યે શંખ શબ્દનો અપભ્રંશ જોઈએ છીએ ; ત્યાર પછી ધાતુનાં ને પછી હીરામોતીમાણેકનાં પણ ઘરેણાં પહેરાવ્યાં. અને આ બધું દિવસ જતે એટલું સ્વાભાવિક થઈ પડ્યું કે આજે તો સ્ત્રી પોતે જ એ સૌને પોતાનો શણગાર માને છે, સૌભાગ્યનું ચિહ્ન માને છે, ભોક્તા મરતાં એ બધું ઉતારે છે ; પુરુષે પોતાને સ્વાર્થે ઓઢાડેલી એની એ વિલાસસામગ્રી છે એમ સ્ત્રી સ્વપ્ને પણ માની શકે નહિ. જેમ ઉપરનું તેમ અંદરનું : પોતાના વિલાસને માટે સ્ત્રીમાં પુરુષે ગાન, નાચ આદિ લલિત કળાઓ પણ ખીલવી. આ સૌ પુરુષની ભોગસામગ્રી.

બીજી બાજુએ પુરુષ શરીરે બળવાન રહ્યો, સ્ત્રી અબળા પડી. અબળા ને નાજુક રહેવામાં જ એનું સાચું સૌન્દર્ય છે એમ પણ મનાવ્યું. ગર્ભધારણને લીધે પણ તે નબળી પડી. આનો લાભ પણ લેવામાં પુરુષે બાકી નથી રાખી. પોતાની ઇચ્છામાં આવે તે પ્રમાણે તેણે કાંડાબળે સ્ત્રી પાસે કામ કરાવ્યું છે. ઘણી યે જંગલી જાતિઓમાં પુરુષ ઘેર બેસી રહે છે ને સ્ત્રીઓ પાસે કામ કરાવે છે, ને એવે કારણે અનેક સ્ત્રીઓ પરણે છે. આપણામાં પણ રોટલા ટિપાવવાને કારણે જ પ્રૌઢ ઉમરે નથી પરણતા ? લગ્ન માંડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં રહેતાં સૌ વહેવાર પોતાની મરજીમાં આવે એમ પુરુષ કરે છે ને સ્ત્રી ઘરમાં ને બહાર ગુલામડીની પેઠે કામ કરે છે, એ દાસીનો ઇલ્કાબ પામી છે. સ્ત્રીને માટે પુરુષે અન્યાયભર્યા કાયદા રચ્યા; પોતે વ્યભિચાર કર્યા છતાં સ્ત્રીના વ્યભિચારને ન સાંખ્યો ને એ વાતને કાયદામાં પણ સ્થાન આપ્યું. પોતાની ભોગ્ય વસ્તુનો કોઈ ઉપભોગ કે એનું અપમાન કરે તો ભોક્તાથી તે સહન ન થાય, એટલે ભોગ્ય વસ્તુના રક્ષણની ને તેનું માન સાચવવાની ભાવના પણ ધીરેધીરે ખીલી. એ ભાવના ખૂબ વધી ત્યારે સ્ત્રીઓમાં આત્મસન્માનની ભાવના આવી, તે પછી પુરુષ-સમાજ તરફથી થતાં અપમાન તે પાછાં હડસેલવા લાગી. યુરોપમાં આજે સ્ત્રી પુરુષની સામે થઈ ગઈ છે. પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ તરફ માનદૃષ્ટિ વધારે હતી, પણ તે કાળે સમાજમાં ધર્મભાવના પ્રબળ હતી, પુરુષ તેમજ સ્ત્રી પોતાના ધર્મ સમજતાં; તેથી અપમાન હડસેલવા કે સરખા હક્ક ભોગવવા આજના જેવો કલહ ઊભો નહોતો થયો, પણ આજે તે થવા સંભવ છે એ ધ્યાનમાં આવવાની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૩

હિંદુસમાજમાં નારીનું સ્થાન

હિંદુસ્તાનમાં આર્ય અને વેદ સાથે જ આવ્યા દેખાય છે. વેદકાળમાં નારીજાતિ પ્રત્યે કંઈક સદ્દ્ભાવ દેખાય છે. પણ આત્માની તલાસ કરતા ઉપનિષદ્કાળમાં એ સદ્દ્ભાવ સારી રીતે કેળવાયો છે. ચાર આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ સૌનો આધારભૂત મનાયો અને ગૃહિણી વિના ગૃહ નહિ એ ભાવનાથી ગૃહિણીનું સ્થાન ચડેલું જણાય છે. પતિ અને પત્ની બન્ને ઘરનાં સરખાં માલિક અને જવાબદાર ગણાયાં, અને તેથી दम्पती તથા पितरौ એ શબ્દ બન્નેને માટે દ્વિવચનમાં અને વળી નરજાતિમાં યોજાયા. पति અને पत्नी બન્ને, તથા पितृ શબ્દ पा=રક્ષણ કરવું એ ધાતુ ઉપરથી નીકળ્યા છે. પત્ની એ પતિનો માત્ર નારીજાતિવાચક શબ્દ છે, બન્નેના અર્થમાં ઘર ઉપર સમાન અધિકાર છે, કોઈ કોઈથી ઊંચુંનીચું નથી. યજ્ઞ વગેરે કોઈ પણ ધાર્મિક ક્રિયા બન્ને હોય તો જ થઈ શકે; પતિ વિના પત્નીથી કે પત્ની વિના પતિથી ન થઈ શકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ પણ મનાયું. પણ ત્યારે એ જ જુગમાં રાજા હરિશ્ચંદ્રે પોતાની સ્ત્રીની ભરબજારમાં જાહેર હરરાજી કરી હતી, ને પછીના જુગમાં રાજા યુધિષ્ઠિરે પોતાની સ્ત્રીને જુગટામાં મૂકી હતી.

બૌદ્ધ અને જૈન જુગમાં પણ નારીનું સ્થાન વધારે ઊંચે ચડતું ગયું છે. ખુદ બુદ્ધ ભગવાને ગોતમીને દીક્ષા આપીને ભિક્ખુણીસંઘમાં — સાધ્વીસંઘમાં — સ્વીકારી છે; મહાવીરસ્વામીએ પણ માતા દેવાનંદા તથા પુત્રી પ્રિયદર્શનાને દીક્ષા આપી હતી, અને એમના જૈનસંપ્રદાયે પણ નારીને સાધ્વીસંઘમાં સ્વીકારીને એને ઊંચું આસન આપ્યું છે. બૌદ્ધસંપ્રદાયે નારીજાતિને માતૃજાતિ કહી છે ને એમ કરીને જગતની જનેતાની પૂજા કરી છે. જૈનોના શ્વેતાંબર સંપ્રદાયે તો એક નારીને — મલ્લીને — પોતાના ૧૯મા તીર્થંકરનું સ્થાન પણ આપ્યું છે. પણ વળી દિગમ્બર સંપ્રદાય નારીને મોક્ષ છે એમ માનતો નથી; તેથી મલ્લિનાથને સ્ત્રી નહિ, પુરુષ માને છે, અને નારી પ્રત્યે એમની અવગણના એટલે સુધી છે કે છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામી પરણ્યા જ નહોતા એમ એ સંપ્રદાય માને છે. તંત્રકાળમાં માતૃજાતિ પ્રત્યે માનવૃત્તિ ખૂબ જ ઊંચે ગઈ છે. દેવીપૂજાનાં મૂળ ત્યાં જ છે.

આમ એક બાજુથી માતૃજાતિનું આસન ઊંચે ચડાવવાના પ્રયત્ન થાય છે, બીજી બાજુથી એના મોક્ષનાં દ્વાર પણ બંધ કરવાના પ્રયત્ન થાય છે, અને આ બે બાજુઓનો વિકાસ થતો ચાલ્યો છે. ખુદ મનુસ્મૃતિમાં પણ આ બન્ને વિકાસ નજરે પડે છે. એક બાજુએથી એ પ્રખ્યાત સ્મૃતિ કહે છે:

उपाध्यायान्दशाचार्य आचार्याणां शतं पिता ।
सहस्रं तु पितॄन्माता गौरवेणातिरिच्यते ॥ २ : १४५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः ॥ ३: ५६ ॥
संतुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव चः।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥ ३: ६० ॥
यदा भर्ता च भार्या च परस्परवशानुगौ।
तदा धर्मार्थकामानां त्रयाणामपि संगतम् ॥ (३: ६१/२)

ઉપાધ્યાય કરતાં આચાર્ય દશગણા અધિક પૂજ્ય ગણાય છે, આચાર્ય કરતાં પિતા સોગણા અને પિતા કરતાં માતા હજારગણાં પૂજ્ય ગણાય છે (૨: ૧૪૫). જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે, ત્યાં દેવતા રમે છે, જ્યાં એની પૂજા નથી થતી ત્યાં યજ્ઞાદિ સૌ ધર્મક્રિયાઓ અફળ જાય છે (૩: ૫૬). જે કુળમાં ભર્તા ભાર્યાથી અને ભાર્યા ભર્તાથી સંતુષ્ટ છે તે કુળનું ખરે જ કલ્યાણ થાય છે (૩: ૬૦). જ્યારે ભર્તા અને ભાર્યા પરસ્પર પ્રીતિવાળાં હોય છે ત્યારે ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનો તેમને લાભ થાય છે (૩: ૬૧/૨).

આમ એમને પૂજાસ્થાને મૂકી છે, ને પરસ્ત્રીને બોલાવવી હોય તો ય પુરુષની પેઠે માનભાવે બોલાવવી, એવી આજ્ઞા મનુ કરે છે:

परपत्नी तु या स्त्री स्यादसंबंधा च योनितः।
ता ब्रूयाद्भवतीत्येवं सुभगे भगिनीति च ॥ २ : १२९ ॥

જે પરસ્ત્રી હોય અને જેની સાથે લોહીનો સંબંધ ના હોય તેને આપ, સુભગે, ભગિની એવાં સંબોધનથી બોલાવવી (૨: ૧૨૯).

પણ વળી સ્ત્રી એ ભોગ્ય વસ્તુ છે, તેને ઘરેણાંથી સજાવવી અને સંતુષ્ટ રાખવી એ દૃષ્ટિ પણ મનુમાંથી ગઈ નથી:

तस्मादेताः सदा पूज्या भूषणाच्छादनाशनैः।
भूतिकामैर्नरैर्नित्यं सत्कारेषूत्सवेषु च ॥ ३ : ५९ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यदि हि स्त्री न रोचेत पुमांसं न प्रमोदयेत् ।
अप्रमोदात्पुनः पुंसः प्रजनं न प्रवर्तते ॥ ३ : ६१ ॥
स्त्रियां तु रोचमानायां सर्वं तद्रोचते कुलम् ।
तस्यां त्वरोचमानायां सर्वमेव न रोचते ॥ ३ : ६२ ॥

તે માટે સંપત્તિની કામનાવાળા પુરુષોએ સત્કાર કરતી વેળાએ ધરેણાં, વસ્ત્રો અને ભોજનથી સ્ત્રીઓને સત્કાર કરવો (૩ : ૫૯). સ્ત્રી જો ઘરેણાં તથા વસ્ત્રોથી શોભાયમાન રહેતી નથી તો તે પુરુષને પ્રસન્ન કરી શકતી નથી, અને પુરુષ પ્રસન્ન ન રહે તો તેને પ્રજા થતી નથી (૩ : ૬૧). સ્ત્રી જો ઘરેણાં વગેરેથી શોભાયમાન રહે છે, તો તેનું કુળ પણ શોભે છે; જો એ શોભતી નથી તો એનું કુળ પણ શોભતું નથી (૩ : ૬૨).

આમ ઉપરથી એને પ્રસન્ન રાખવી છે, બાકી સ્વતંત્રતા તો કોઈ રીતે આપવી નથી. મનુ કહે છે :

बाल्ये पितुर्वशे तिष्ठेत्पाणिग्राहस्य यौवने ।
पुत्राणां भर्तरि प्रेते न भजेत्स्त्री स्वतंत्रताम् ॥ ५ : १४८ ॥

સ્ત્રીએ નાનપણમાં પિતાને વશ, જુવાનીમાં પતિને વશ, પતિ ગુજર્યે પુત્રોને વશ રહેવું. એણે સ્વતંત્રતા ભોગવવી નહિ (૫: ૧૪૮).

વળી શૂદ્રની પેઠે સ્ત્રીને પણ વેદ ભણવામાંથી બાતલ કરી છે. છતાંયે ગાર્ગી, મૈત્રેયી, સરસ્વતી જેવી વિદુષી ભારતમાં પાકી છે. સમદૃષ્ટિનો ઉપદેશ દેનાર ગીતાએ પણ એને પાપયોનિ અને શૂદ્રની હારમાં બેસાડી છે :

मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ ९: ३२ ॥

હે અર્જુન, મારો આશ્રય કરનાર પાપયોનિ, સ્ત્રી, વૈશ્ય કે શૂદ્ર હોય તે પણ પરમગતિને પામે છે (૯ : ૩૨). છતાં સ્ત્રીને માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષનાં દ્વાર ખુલ્લાં રાખ્યાં છે તે દૃષ્ટિએ ગીતાનું માહાત્મ્ય ભવ્ય છે. બાકી દિગમ્બર સમ્પ્રદાયની પેઠે અનેકોએ એનાં મોક્ષનાં દ્વાર બંધ કર્યાં છે, એટલું જ નહિ પણ અનેકોએ તો 'નારી નરકનું દ્વાર' માન્યું છે!

છતાં ઊંચી ભાવનાને લીધે સર્વ કાળમાં માતૃજાતિને પક્ષે ઊભા રહેનાર નીકળ્યા છે. કાલિદાસ, ભવભૂતિ અને બીજા અનેક કવિઓએ એ જાતિનાં યશોગાન ગાયાં છે.

આ બન્ને પ્રકારના વિકાસ આજ સુધી આપણી જાતિમાં ચાલતા આવ્યા છે. **चोर पखाज पशु अरु नारी, ए सब ताडनके अधिकारी।** એવું તુળસીદાસ જેવા ભક્તકવિએ પણ ગાયું છે, ને 'બુધે જારબાજરી, બુધે નાર પાધરી' એવી ગ્રામ્ય કહેવત આપણામાં પ્રચલિત છે. અને એ જ ન્યાયે, એ પ્રાચીન દંડે હજી આપણો સમાજ માતૃજાતિને હાંકે છે; રાજ્યના કાયદા એને દબાવે છે, વ્યભિચારને માટે એને દંડે છે ને પુરુષનું તો નામ પણ દેતા નથી. સમાજમાં એના ઉપર વૈધવ્યનાં દુઃખ અગણિત છે, અને સતી થવાનો રિવાજ તો પ્રાતઃસ્મરણીય રાજા રામમોહનરાયને અને અંગ્રેજ સરકારને પ્રતાપે જ ભૂંસાયો છે. એનાથી સ્વતંત્રતાએ બહાર ફરાતું નથી, ને ઘણી યે નાતોમાં તો એને ઘરમાં ય લાજ કાઢવી પડે છે. એને ઘરમાં લૂંડીના જેટલું કામ કરવું પડે છે, ને સૂકેપાતળે રોટલે ને ટાઢાં દાળભાતે પેટ ભરવું પડે છે; એના સ્વાસ્થ્યની કોઇને દરકાર નથી. બહાર પોતાનું રૂપાળું દેખાય એ માટે આપણે એને ચકચકિત વિલાયતી વસ્ત્રો અને સોનારૂપાના દાગીના પહેરાવીએ છીએ, પણ ઘરમાં સ્ત્રીની કદર નહિ જેવી જ છે. બેશક, કન્યાવિક્રય કરનાર એના શરીરની વધારે સંભાળ લે છે, પણ તે તો પૈસાની કદર છે, માણસની કદર નથી — ખેડૂત ઢોર સાચવે છે તેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં યે આ જમાનામાં રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને બીજા અનેક સહૃદય પુરુષોએ માતૃજાતિને પક્ષે ઊભા રહીને અનેક કષ્ટ સહ્યાં છે.

અંગ્રેજી ભણતરને પરિણામે ઘણા ભણેલા જુવાનો ભણેલી સ્ત્રીઓ પસંદ કરે છે, ને છતાં યે અંગ્રેજ સરકાર જેમ ભણેલી પણ ગુલામ હિંદી પ્રજાને વધારે પસંદ કરે છે તેમ તેઓ પણ ભણેલી છતા યે ગુલામડી સ્ત્રીને વધારે પસંદ કરે છે; અને છતાં યે અનેક ભણેલા સાચી રીતે માતૃજાતિને માન આપે છે ને તેની ઉન્નતિ ચાહે છે.

આમ હિંદુસ્તાનમાં સ્ત્રી પ્રત્યેની એ બન્ને ભાવના ઠેઠ આજ સુધી વિકાસ પામતી આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૪

લગ્નસંસ્થા

મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે અને વળી સામાજિક પ્રાણી છે. એણે સમાજ બાંધ્યો છે અને એ સમાજને સુખી કરવા પ્રયત્નો કર્યા છે. એમાંના કેટલાક પ્રયત્નો તેના પ્રકૃતિસ્વભાવને લીધે અનાયાસે ફૂટી નીકળ્યા છે, કેટલાક એણે બુદ્ધિપૂર્વક કર્યા છે. સમાજજીવનને માર્ગે સરળતાથી ચાલતાં કોઇ કોઇ વાર એવા સબળ પ્રયત્નો થઈ ગયા છે, જેથી તેના જીવનમાં પ્રચંડ અને ચિરંજીવ ફેરફાર થઈ ગયા છે. વર્તમાન યુગમાં વરાળયંત્રની શોધથી ગાડી ચાલવા લાગી, ત્યારે આપણા સમાજજીવનની સંસ્કૃતિમાં એક પગલું આગળ મુકાયું માનીએ છીએ, પણ ગોળ વસ્તુનો સ્વભાવ સમજાતાં પ્રથમ ગાડું બન્યું હશે, ત્યારે તો પ્રચંડ પગલું ભરાયું હશે. માણસ પૂર્વે કાચાં કંદમૂળ કે માંસ ખાતો હતો; જ્યારે અગ્નિનો ઉપયોગ એ કંદમૂળ કે માંસ રાંધવામાં એને સૂઝ્યો, ત્યારે પણ માણસની સંસ્કૃતિમાં એક પ્રચંડ પગલું ભરાયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે. આમ પગલાં ભરતો ભરતો માનવસમાજ આગળ ચાલે છે, તેને આપણે સમાજની સંસ્કૃતિ, પ્રગતિ, ઉન્નતિ કે ઉત્કર્ષ કહીએ છીએ.

પણ એ બધાં ય પગલાંથી માણસને લાભ જ થયો છે એમ નથી; અગ્નિથી ખોરાક રાંધીને ખાવાથી હાનિ થઈ છે. એમ સંસ્કૃતિનાં અનેક પગલાંથી આપણને હાનિ થઈ છે, છતાં આપણે એને સંસ્કૃતિ કહીએ છીએ. પ્રકૃતિને અનુકૂળ ગતિથી લાભ અને પ્રતિકૂળ ગતિથી હાનિ થઈ છે. અને કોઈ કોઈ વાર તો વિચાર કરતાં એમ પણ માનવાનું મન થઈ જાય છે કે માણસ સંસ્કૃતિની, પ્રગતિની, ઉન્નતિની કે ઉત્કર્ષની ગમે તેટલી વાતો કરે, પણ એ તો ઠામનો ઠામ જ છે. जगत् જાય છે, संसार સરે છે; નહિ ઊંચે કે નહિ નીચે, માત્ર સીધી લીટીમાં. અબજો વર્ષ પછી પૃથ્વીમાં એક કણ વધ્યો નથી કે ઘટ્યો નથી, તેની જ પેઠે. અને છતાં યે કશું અચળ નથી, સૌ ચંચળ છે; એમ સમાજ પણ ચંચળ છે, ચાલ્યા જ કરે છે, તેમાં અનેક ફેરફાર થયા કરે છે.

હવે એ જ રીતે લગ્નનો વિષય લઇએ. ડાર્વિનને મતે બીજા કોઇ પ્રાણીમાં ફેરફાર પામીને માણસ આજનું સ્વરૂપ પામ્યો છે. વૈજ્ઞાનિકો કહે છે કે પૃથ્વી ઉપર માણસ ત્રણેક લાખ વર્ષથી છે. ગમે તેમ માનો, પણ માણસજાતિમાં પૂર્વે આજના જેવી લગ્નસંસ્થા નહોતી; આજે પણ કોઇ કોઇ વનવાસી જાતિઓમાં નથી, કોઇમાં શિથિલ પ્રકારની છે. ઇતર પ્રાણીઓમાં લગ્ન જેવી સંસ્થા જ નથી, જોકે સારસ જેવાં પ્રાણીઓમાં નરમાદા વચ્ચે દૃઢ અનુરાગ છે. પ્રાણીમાત્રમાં આત્મરક્ષણ અને વંશવર્ધન એ પ્રાકૃતિક ગુણો છે અને એ સહજસ્વભાવથી પ્રેરાઇને પ્રાણીમાત્રમાં નરમાદા વચ્ચે સ્વાભાવિક આકર્ષણ છે. આને સ્નેહ (સં. स्निह्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકર્ષવું) કહો કે ગમે તે કહો, પણ તે છે જ; અને તેથી આકર્ષાઇને દરેક જાતિનાં નરમાદા વંશવર્ધન માટે શારીરિક લગ્ન (સં. लग् લાગવું, સંબંધ જોડવો) કરે છે. આમ પ્રાણીમાત્રમાં નરમાદા ગમે તેની સાથે વિનાસંકોચ લગ્ન કરે છે અને જુદાં પડી જાય છે, પછી એમને પરસ્પર કશો સ્થાયી સંબંધ રહેતો નથી. આમ સર્વદા ઇતર પ્રાણીમાં અને પૂર્વે માણસજાતિમાં પણ લગ્ન તો હતાં જ; પણ આજે માનવજાતિમાં જેવી લગ્ન-સંસ્થા છે તેવી કોઈ ઇતર પ્રાણીમાં નથી, પૂર્વે માણસજાતિમાં પણ નહોતી.

પ્રાણીમાત્રમાં ચડતે ઊતરતે પ્રકારે બુદ્ધિ તો છે જ, પણ માણસ બુદ્ધિમાં સૌ પ્રાણીથી ચડિયાતો મનાય છે. જેને બુદ્ધિ ઓછી તે સહજસ્વભાવે પ્રેરાઇને ચાલે છે, જેને બુદ્ધિ વધારે તે સહજસ્વભાવને દબાવી બુદ્ધિબળે ચાલે છે. માણસ બુદ્ધિબળને પ્રભાવે અનુભવ પામ્યો અને અવલોકન કરવા લાગ્યો. આત્મરક્ષણમાં પણ બુદ્ધિબળનો ઉપયોગ કરવા લાગ્યો અને ત્યારે ખેતી કરવાની ને ઘર માંડવાની એને જરૂર લાગી. અને ત્યારે એ સ્ત્રીપુરુષે કાયમનાં સાથે રહેવાની જરૂર પણ તેને સમજાઈ. આત્મ-રક્ષણ અને વંશવર્ધન એ બે સ્વાભાવિક બળોનો આમ સંયોગ થયો એટલે લગ્નસંસ્થાનાં મૂળ નંખાયાં. એ જ પળે સમાજ-જીવનની સંસ્કૃતિમાં એક પ્રચંડ પગલું ભરાયું—કહો કે કૂદકો મરાયો!

ત્યારે આત્મરક્ષણ–ઘર માંડવા–માટે માનસિક લગ્નની જરૂર છે, વંશવર્ધન માટે જ શારીરિક લગ્નની જરૂર છે. એક ઘરમાં રહ્યા છતાં વંશવર્ધન માટે જ શારીરિક લગ્ન સાધવું અને ત્યાર પછી સંયમ જ પાળવો – ઇતરપ્રાણી પાળે છે તેથી ઉન્નત ભાવે, એમ લગ્નભાવનાનો વિકાસ થયો હોત તો સુંદર પરિણામ આવ્યું હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આજે માનવસમાજની લગ્નસ્થિતિ છેક અધમ થઈ પડી છે, પશુથી યે નપાટ થઈ પડી છે! શાથી આમ?

માનવજાતિમાં સ્ત્રી કરતાં પુરુષ શરીરે બળિયો છે. શાથી, એના લાંબા ઇતિહાસમાં અત્યારે આપણે ન ઊતરીએ; એનો કંઇક ઇતિહાસ પહેલા અધ્યાયમાં આપ્યો છે. ન બનવું જોઈએ, પણ આજ સુધી એમ બન્યું છે કે બળવાન નિર્બળ ઉપર રાજ્ય ચલાવે છે અને બધાં બળમાં કાંડાબળ વારંવાર વધારે ફાવી ગયું છે. આમ માણસજાતિમાં પુરુષે સ્ત્રી ઉપર અનેક વિષયમાં તેમ જ લગ્નવિષયમાં પણ, પોતાના કાંડાબળથી, સત્તા જમાવી છે. એટલે આજ સુધી લગ્નવિષયમાં કંઈ અનેકાનેક પ્રયોગો થઇ ગયા છે, અને તે સૌમાં પુરુષે જ ઉપર હાથ રાખ્યો છે. પરિણામે લગ્નનો સાચો હેતુ ભાગીને ભૂકા થઈ ગયો છે.

લગ્નના ઇતિહાસમાં કયા પ્રયોગો થયા છે તે હવે જોઇએ. સ્ત્રીપુરુષ પ્રથમ તો પોતાની ઇચ્છાથી જોડાતાં, પણ પુરુષના હાથમાં લગ્નનો અધિકાર આવ્યા પછી સ્ત્રીની ઇચ્છા ન હોય તોપણ તેનું હરણ કરતો; તેની ઈચ્છા હોય ને બીજાં વિઘ્ન આવે તોપણ હરણ કરતો. ખીલેથી ઢોર છોડી જાય તેમ કુંવારી કે પરણેલી સ્ત્રીને તેને ઘેરથી આજે ય કાઢી જાય છે. નવા વસવાટને પ્રસંગે પરદેશથી આવેલા પુરુષોની સંખ્યા ઘણું કરીને ઓછી હોય છે અને ત્યારે આવાં હરણ વધારે થાય છે. ત્યાર પછી પિતાને ધન આપીને તેની પુત્રી ખરીદવા માંડી. કાળે કરીને સ્થાયી સમાજમાં કુલીનતાનાં મૂળ નંખાયાં, ત્યારે કુલીન વરની ખેંચાખેંચીમાં પૈસા આપીને પણ પિતા પોતાની કન્યાને કુલીન વરને આપવા લાગ્યો.

વંશવર્ધન એ જ શારીરિક લગ્નનો હેતુ છે, એ હેતુ ધ્યાનમાં રાખીને પતિ કે પત્ની મરી જતાં વિધવા કે વિધુર વડીલોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંમતિથી નિયોગ કરતાં. ધૃતરાષ્ટ્ર, પાણ્ડુ અને સૌ પાણ્ડવો આવા નિયોગનાં ફળ છે. મહાભારતમાં અને જૂના બાઇબલમાં નિયોગનાં પુષ્કળ ઉદાહરણ છે. આજે આ સંસ્થા નાબૂદ થઇ ગઇ છે. પુરુષ મરતાં તેની વિધવાએ સતી થવું સારું મનાતું. આપણા દેશમાં પ્રાચીન કાળથી ગયા સૈકા સુધી અનેક વિધવા આમ જીવતી બળી મરી છે! અંગ્રેજ સરકારને પુણ્યપ્રકોપે એ રીત નાબૂદ થઈ છે.

પુરુષ પોતાને કાંડાબળે સ્ત્રી ઉપર લગ્નસંસ્થામાં પણ રાજ્ય ચલાવે છે. તે કુંવારો રહી શકે છે. ઇચ્છે તો એક કે અનેક સ્ત્રીઓ પરણી શકે છે. વિધુર થતાં નવી પરણે છે કે જીવતી ઉપર નવી આણે છે. ૧૮૯૨ની હિંદ સંસારસુધારા પરિષદમાં એક બંગાળીએ જણાવેલું કે કુલીનતાને બળે એક બંગાળી જમીનદારે ૧૦૮ જીવતી પત્નીઓ કરી છે; એક એલ. એલ. બી. મુનસફે ૬૦ જીવતી પત્નીઓ કરી છે! ભણેલો એટલે અભણ્યા જેટલી તો ના જ કરી શકે ને! ૨૦, ૨૫, ૩૫, ૫૦ કે ૬૦ વર્ષનો પુરુષ ૧૬ વર્ષની કે તેથી યે નાની બાળા કે બાળાઓ સાથે લગ્ન કરતો થઈ ગયો છે. અને આ વાત આ કળજુગની નથી, માનવસમાજના ઇતિહાસમાં દૂર દૂર જાઓ, ગમે એટલે દૂર જાઓ, તો ય આવાં ઉદાહરણ ઠામઠામ સાંપડશે.

અને સ્ત્રીને માટે? એક પતિ જીવતાં બીજો કરનાર જાતિઓ આ પૃથ્વીના પડ ઉપર વિરલ છે. બાકીની જાતિઓમાં દ્રૌપદીની પેઠે અનેક જીવતા પતિ તો હોય નહિ એટલું જ નહિ, પણ વિધવા થતે પણ તેનાથી બીજો પતિ આપણા હિંદુસમાજમાં તો થાય નહિ. સ્ત્રીએ લગ્ન કરવું જ જોઈ એ. બીજી પળે વિધવા થતાં તેનાથી ફરી લગ્ન કરાય નહિ, એવી આજે રૂઢિ પડી ગઇ છે!

LIBRARY,
GURUKULA KANGRI.
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ અને સ્ત્રી વચ્ચેની લગ્નની આવી અસમાનતાએ લગ્નનો ઇષ્ટ હેતુ વિફળ કરી નાખ્યો છે. વળી વંશવર્ધન માટે જ શારીરિક લગ્ન છે એ વાત પણ માણસ ભૂલ્યો છે. પશુપાલકો એ હેતુ ધ્યાનમાં રાખીને યોગ્ય પશુઓનું લગ્ન કરાવે છે; સંતતિ-પાલક માબાપો એ હેતુ ભૂલીને ધન, કુળ કે આબરૂને હેતુએ પોતાનાં બાળકનાં લગ્ન કરે છે. આથી પણ લગ્નનો મૂળ હેતુ વિફળ થઇ ગયો છે.

અને આવી અસમાન સ્થિતિમાં કામવાસનાનું આકર્ષણ હોય એટલે જુવાનીમાં તો ગાડું ગબડે; પણ એ આકર્ષણ નષ્ટ થતાં વખતે સમાન તત્ત્વરૂપે બાળકો હોય તો ઠીક, નહિ તો પછી લગ્ન જેવું કશું રહેતું જ નથી. ચિરંજીવ સમાનતા વિના એ જણ ચિરંજીવ સહવાસમાં કે સહચારમાં શી રીતે રહી શકે ? શી રીતે એકતા પામી શકે ? કામવાસનાનું સામાન્ય તત્ત્વ તો જુવાની જતે ક્યારનું ય ઊડી ગયું હોય છે, જે મોહને સ્નેહનું નામ અપાય છે તે તો ક્યારનો ય ઊડી ગયો હોય છે, એટલે એવી સ્થિતિમાં બંનેનાં હૃદય જુદાં પડે છે. પછી તો, બાપીકાં ઘરખેતર છોડવાં ગમતાં નથી એમ આભિમાનિકી મમતાને કારણે એક બીજાને વળગી રહે છે, અને પડ્યાં પાનાં નિભાવી લે છે. અને છતાં ય લોક પરણ્યે જ રાખે છે ! તાબૂતમાં યા હુસેન — યા હુસેન– ઝાવસોઈ ઝાવસોઈ કરતા લોકોને કદી જોયા છે ? — તેની જ પેઠે !

સુપ્રજા પ્રાપ્ત કરવાને હેતુએ શારીરિક લગ્ન કરવું, અને પછી સંયમ રાખવો–બ્રહ્મચર્ય પાળવું; અને એમ પેઢી દર પેઢી કરીને માનવસમાજને ઉન્નત કરવો. લગ્નનો હેતુ જો આ હોય તો તે હેતુ નિષ્ફળ ગયો છે, એ ભાવના સાચી અને સારી રીતે ખીલી નથી. અત્યારે તો કામવાસનામાં ડૂબેલો માનવી કામવાસનાની જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરવા કરે છે, તેને સન્તતિની જરાય પરવા નથી, તેની કામ-વાસનાને ય સીમા નથી. અનેક નિયમની પેઠે આમાં પણ અપવાદ તો હશે જ, પણ આ નિયમ જેવું થઈ પડ્યું છે.

અને અંતે સ્થિતિ ભયંકર થઈ પડી છે. સાધારણ મનુષ્ય તો આ સંબંધે તેને દુઃખ થવા છતાં ય, એક પ્રકારની જડતા આવી ગયાથી, વિચારતો નથી ; કેટલાક કંઈક વિચાર્યા છતાં સમાજબંધનથી નિરુપાય બની બેસી રહે છે; પણ કેટલાક સમાજવિચારકો તો હવે બોલવા લાગ્યા છે કે આ લગ્નસંસ્થા તો કેવળ નિષ્ફળ નીવડી છે, હવે તો બીજી કોઈ પ્રથા નીકળે તો સારું.

અને ત્યારે, આ લગ્નસંસ્થાને આપણે માનવસમાજની સંસ્કૃતિ, પ્રગતિ, ઉન્નતિ કે ઉત્કર્ષ, જે કંઇ કહેવું હોય તે કહીએ ; પણ એથી આપણને લાભ થયો નથી, હાનિ થઈ છે ; કેટલાક વિષયમાં તો આપણે પશુ કરતાં નપાટ બની ગયા છીએ. પ્રકૃતિને પ્રતિકૂળ ગતિએ ચાલ્યા છીએ તેનું આ પરિણામ છે. અને માટે જ આ પુસ્તકનું નામ 'લગ્ન કે પ્રપંચ ?' રાખ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૫

પુરુષની કામલોલુપતા

માનવસમાજમાં શુભહેતુએ લગ્નસંસ્થાની યોજના થઇ. પણ ગયા અધ્યાયમાં જણાવ્યું છે તેમ "પુરુષે સ્ત્રી ઉપર અનેક વિષયમાં, તેમ જ લગ્નવિષયમાં પણ, પોતાના કાંડાબળથી સત્તા જમાવી છે. . . પરિણામે લગ્નનો સાચો હેતુ ભાગીને ભૂકા થઈ ગયો છે."

શારીરિક લગ્નનો હેતુ તો વંશવર્ધન છે. તે હેતુ સાધવા માટે શારીરિક લગ્ન હોય, પછી તો બ્રહ્મચર્ય જ હોય. નદીના જળને સમુદ્રમાં વહી જવા ખુલ્લો માર્ગ હોય, પણ તે સંયમમાં રહીને વહે એટલા માટે બે તટ હોય. ખુલ્લો માર્ગ ન હોય તો નદી ઊભરાઈ જાય અને આજુબાજુના પ્રદેશને બોળી કાઢે. જળને સંયમમાં રાખવા બે બાજુ બે તટ ન હોય, તોપણ એ પ્રદેશને બોળી નાંખે અને પોતાના ઇષ્ટ ધામ સમુદ્રમાં જઈ શકે નહિ. યોગ્ય સંયમ માટેના બે તટ વચ્ચે વહી ખુલ્લે માર્ગે સમુદ્રમાં એ જઈ મળે, તો જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજુબાજુના પ્રદેશની સેવા કરી શકે. લગ્નવિષયમાં પણ એમ જ: શારીરિક લગ્ન ના જ હોય તો પ્રકૃતિનો ઇષ્ટ હેતુ વંશવર્ધન અશક્ય થઈ પડે. પણ જો તે બ્રહ્મચર્યના સંયમતટ વચ્ચે ના વહે તો લગ્નહેતુ તોડી નાખે, વ્યભિચારની નિરંકુશતાથી સંસારને ભ્રષ્ટ કરી નાખે. બ્રહ્મચર્ય પાળતે પાળતે લગ્નહેતુ સિદ્ધ થાય, તો જ યોગ્ય વંશવર્ધન વડે સંસારની સેવા થઈ શકે.

પણ આજે તો પુરુષે પોતાને સત્તાબળે લગ્નના એ સુંદર, પવિત્ર હેતુનો નાશ કરી મૂક્યો છે. લગ્નને નામે વ્યભિચાર પ્રવર્તાવી મૂક્યો છે. જેમ લોટરી જેવા અનેક જુગારને કાયદાને બળે નિર્દોષ ઠરાવી દીધા છે, તેમ આ પ્રકારના વ્યભિચારને પોતાને સત્તાબળે લગ્નનું રૂપ આપી નિર્દોષ ઠરાવી દીધો છે. બાકી એમાં પુરુષની નરી કામલોલુપતા જ છે.

આજે જગત અનેક રોગોથી પીડાય છે. ઇન્દ્રિયલોલુપતા અને તેને માટે ધનસંગ્રહ એ તો બે મહારોગ છે. જીભના સ્વાદની લોલુપતાની પેઠે બીજી અનેક પ્રકારની ઇન્દ્રિયલોલુપતા છે અને તેમાં યે વિષયવાસનાની લોલુપતા પ્રચંડ છે. પુરુષની લોલુપતા સ્ત્રીની લોલુપતા કરતાં અનેકગણી વધારે છે.

પોતાની વિષયવાસનાની લોલુપતાને પોષવા માટે પુરુષે અનેક જાતનાં લગ્નની વ્યવસ્થા કરી દીધી છે. ગમે તે લગ્ન તપાસો, પણ એમાં પુરુષની જ લોલુપતા નજરે તરી આવશે. સર્વ પ્રકારનાં લગ્નમાં પુરુષ માણીગર છે, માણારાજ છે! સ્ત્રી તો માત્ર ભોગ્યા જ છે અને તેટલા જ માટે જાણે હોય તેમ પોષ્યા છે. પ્રકૃતિમાં ઇતર પ્રાણીઓને તો વંશવર્ધનને હેતુએ શરીરલગ્નની પોતપોતાને અનુકૂળ ઋતુ હોય છે, પુરુષે તો એ ઋતુના અંકુશ પણ તોડી નાખ્યા છે. વંશવર્ધન માટે સ્ત્રીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋતુકાળને પ્રસંગે શરીરલગ્ન કરવું ઇષ્ટ છે. પણ પુરુષ તો કામલોલુપતામાં કશા અંકુશને ગાંઠતો નથી. સ્ત્રીની સગર્ભાવસ્થા પવિત્ર અવસ્થા છે, તે અવસ્થામાં સમાજને અર્પણ થનાર સુંદર અને ઇષ્ટ બાળકનું ગર્ભમાં પોષણ થાય છે; પ્રકૃતિના ઇષ્ટ હેતુને સફળ કરવાનો એ પવિત્ર સમય છે. પણ પુરુષને તેનું ય ભાન નથી. તે સમયના શરીરલગ્નથી સ્ત્રીને અતિશય દુઃખ થાય છે, પણ 'પ્રિયા' કહીને સંબોધનાર નિષ્ઠુર પુરુષને એ 'પ્રિયા'ના દુઃખની યે પરવા નથી! અને છતાં ય આ સંબંધને આપણે 'પવિત્ર લગ્ન'નું નામ આપીએ છીએ!

અને આ બધું પ્રેમને નામે! પ્રેમલગ્નને નામે સ્ત્રીજાતિ ઉપર કેટલો ભયંકર અત્યાચાર કરીએ છીએ, એ વિષે આપણે પુરુષો ભાગ્યે જ વિચારીએ છીએ. આપણે તો લગ્નપ્રપંચને પવિત્રતાના ક્ષેત્રમાં મૂકી રાચીએ છીએ. પણ એને નામે થતા આપણા અત્યાચારથી સ્ત્રીજાતિ કેમ પીડાય છે એ તો એ જ જાણે! સ્ત્રીનો અનુભવ પુરુષને કેમ હોઈ શકે? બાકી ઘણા પ્રસંગોમાં તો એને 'પરણીને પસ્તાવું' જ પડે છે.

પોતાની વિષયવાસના સારી રીતે સંતોષવાને માટે પુરુષ ઘણું કરીને નાની સ્ત્રી પરણે છે, અને એવે પ્રસંગે સ્ત્રી ઉપરના અત્યાચારનો પાર રહેતો નથી. એથી ઘણી સ્ત્રીઓ ભાગી જાય છે અને કોઈ કોઈ પ્રસંગે તો મરી પણ જાય છે. એક પ્રસંગ યાદ આવે છે: સ. ૧૮૯૧માં બંગાળામાં પ્રૌઢ ઉમરનો એક પુરુષ કોઈ લગ્નપ્રસંગે પોતાને સાસરે ગએલો. તેની પત્ની ફૂલમણિ છેક નાની હતી. અનેક પ્રસંગે તેમજ લગ્નપ્રસંગે સ્ત્રીઓને મનુમહારાજના વિધાન પ્રમાણે વસ્ત્રાલંકારથી શણગારીને તેમને સંતોષ આપવામાં આવે છે. તે બાળાને પણ એ પ્રસંગે ખૂબ શણગારેલી. તેના કામલોલુપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પતિએ તેને જોઇ, તે કામાન્ધ બની ગયો અને રાત્રે લાગ સાધીને એ નિર્લજ્જ પતિપશુએ એ બાળાનો બળાત્કારે નાશ કર્યો. તેના દુઃખની એ નિષ્ઠુરને પરવા નહોતી, એને તો એની વિષયલોલુપતાની જ પરવા હતી. પરિણામે એ બાળા બીજે દિવસે સવારે મરણ પામી! આ પ્રસંગે કવિ નરસિંહરાવે બળતે હૃદયે ગાયું, કે:

"અધીરા એ ભૃંગે, કુસુમકળિ મર્દી બળ કરી,
ન જાણ્યું જે થાશે, પરિમૃદિત સાજી નવ ફરી;
દીઠું જે મોહાન્ધે અનુભવ્યું ન તે સૌરભ વળી
અને સોંપી મૃત્યુ-શરણ પશુનાથે ફૂલમણિ."

એમના ભાઈ કૃષ્ણરાવે તો એ પ્રસંગ ઉપર 'મુકુલમર્દન' નામે આખી નવલકથા લખી છે. એ જ પ્રસંગને પરિણામે સરકારને 'સમ્મતિ વય'નો કાયદો કરવો પડ્યો છે. પુરુષને પોતાને જ ભાન હોય, પોતાની વિષયલોલુપતા ઉપર એ સમજીને અંકુશ રાખતો હોય, તો પોતાની જ પત્નીના સંબંધથી દૂર રહેવાના સરકારના આવા કાયદા વેઠવા પડે? બાળલગ્નનિષેધનો કાયદો પણ પુરુષની વિષયવાસના સામે સ્ત્રીને રક્ષણ આપવા માટે જ કરવો પડ્યો છે ને? અને છતાં ય પુરુષ પોતાના આવા લગ્નપ્રપંચને સ્નેહલગ્નને નામે પૂજે છે, પૂજાવે છે અને તેમાં રાચે છે!

એકંદરે પ્રેમલગ્નને નામે મનાતા લગ્નપ્રપંચની આવી સ્થિતિમાં સ્ત્રી થાકી જાય છે, ભાગી જાય છે, તેનો અવતાર રોળાઈ જાય છે; તેને પુરુષ પ્રત્યે તિરસ્કાર છૂટે છે. પણ તે પુરુષાધીન હોવાથી તેને એ તિરસ્કાર ઢાંકી રાખવો પડે છે ને પુરુષની કામલોલુપતાને તાબે થવું પડે છે. એથી બિચારી સ્ત્રીને બહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રાસ થાય છે; પણ ઘરકામમાં ને બાળકામાં એ ત્રાસ ભૂલે છે, પુરુષ તેને વસ્ત્રાલંકારથી એ દુઃખ ભુલાવે છે. પુરુષ એ કલહને ઘડીભર સંસારકાર્યમાં ને કોઈ કોઈ વાર રમતગમતમાં પણ ભૂલે છે; કોઈ કોઈ વાર દારૂ વગેરેના નશામાં પણ ભૂલવા પ્રયત્ન કરે છે. આમ બન્ને જણ આત્મવિસ્મરણ કરે છે, પોતાનો સંતાપ ઢાંકે છે. પણ સાચો ઉપાય લેવાનું, બ્રહ્મચર્ય પાળવાનું પુરુષને સૂઝતું નથી.

પતિની કામવાસના તૃપ્ત કરવાને સ્ત્રી છેક જ અસમર્થ થઈ જાય, છતાં યે પતિપશુ હેરાન કરે, તો પરસ્પર ખૂબ જ તિરસ્કાર છૂટે છે, રોજ રોજ કજિયા થાય છે. જ્યાં કામવાસના સિવાય બીજું કશું સમાન તત્ત્વ ન હોય ત્યાં પરિણામ બીજું શું હોય? કોઈ કોઈ વેળા તો એમાંથી એકનું ખૂન કે આત્મહત્યા પણ થાય અને તેવા પ્રસંગોમાં તો ઘણે ભાગે 'માડીને કહેજો જે દીકરી કૂવે પડી,' 'માડીને કહેજો જે દીકરી બળી મરી,' કે 'અજવાળી રાતે રે વખડાં ઘોળીઆં' સાંભળવાનું હોય! કોઈ કોઈ વિરલ પ્રસંગે તો પતિના પશ્વાચારથી થાકીને લોથ થઈ ગએલી પત્ની નિરુપાય બની જાય છે, ત્યારે બીજી કોઈને લોભાવી લલચાવી પોતાના પતિને આણી આપ્યાનાં ઉદાહરણ પણ છે! અને છતાં યે પુરુષના આ લગ્નપ્રપંચ પ્રેમલગ્નને નામે પૂજાય છે!

અને પુરુષની લંપટતાનો તે કંઈ પાર છે? વિષયતૃપ્તિની એની શક્તિઓ ક્ષીણ થાય છે, છતાં લોલુપતા ક્ષીણ થતી નથી. એ શક્તિને ઉત્તેજિત કરવા દારૂ વગેરે વ્યસનોનું સેવન કરે છે. અને તમે કોઈ પણ વર્તમાનપત્રમાં જોશો તો કામોદ્દીપક ગુટિકાઓની અને એવી ઔષધિઓની એટલી બધી જાહેરખબરો વાંચશો કે જાણે પુરુષવર્ગ તો હવે ષંઢ થવા બેઠો છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશવર્ધન એ શારીરિક લગ્નનો એકમાત્ર હેતુ છે, પણ અત્યારે તો સ્થિતિ એવી ભયંકર થઈ પડી છે કે કામવાસનાની પરિતૃપ્તિ એ જ એકમાત્ર હેતુ થઈ પડ્યો છે; અને તેના આડકતરા પરિણામ રૂપે જ પ્રજોત્પત્તિ થઈ પડે છે. આથી ગમે તેવાં બાળકોની ભુંજરથી ઘર ભરાઇ જાય છે!

વળી લગ્નની સ્ત્રીને છોડીને બહાર રખડવાનો પણ પુરુષે અધિકાર લીધો છે. ઘેર સીતા જોઇએ છે, બહાર રાવણ થવું છે. અને આવા વ્યભિચારમાં એણે ઘણી નિર્દોષ બાળાઓના અને વિધવાઓના ભવ બાળ્યા છે. વેશ્યાસંસ્થા એ પુરુષે પોતાની કામલોલુપતા તૃપ્ત કરવાને જ ખોલેલું કારખાનું છે. એ સંસ્થાને નાબૂદ કરવાના કે નિયમિત કરવાના તમારા બધા પ્રયત્નો આવા કામલોલુપ પુરુષો રદ કરવાના છે!

અને સૌથી દુ:ખજનક સ્થિતિ તો એ છે કે હિંદુ પુરાણોમાં ઋષિમુનિઓને પણ એવા વ્યભિચારી ચિતર્યાં છે કે તે વાંચતાં ભોળા હૃદય ઉપર એવી ગંદી જ છાપ પડે. ગમે તે પુરાણમાં ગમે તે ઋષિમુનિનું ચરિત વાંચો, આ તો ખરું જ! અને ત્યાર પછી ગોસાંઇજી મહારાજોએ ઊભી કરેલી વ્યભિચારી અને ભ્રષ્ટ કૃષ્ણભક્તિએ તો લગ્નની પવિત્રતાની મર્યાદાનાં સૌ બંધન તોડી નાખ્યાં છે, નદીસંયમના બંને તટ તોડી જળજળ બંબાકાર કરી મૂક્યું છે. 'નારી નરકનું દ્વાર' બોલતા જાય છે અને પરનારીનું — પુત્રી સમી શિષ્યાઓનું — સેવન કરતા જાય છે. હા ધર્મગુરુઓ!

બેશક કહેવું જોઈએ કે આ લગ્નપ્રપંચમાં સ્ત્રીનો પણ હિસ્સો છે, પણ ગુલામની ગુલામી કાયમ રાખવાના શેઠના કાર્યમાં ગુલામનો જેટલો અને જેવો હિસ્સો હોય છે, તેટલો જ અને તેવો જ હિસ્સો આ અધર્મમાં સ્ત્રીનો છે. બાકી જ્યાં સુધી પુરુષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્નની ભાવનાનો સાચો અર્થ નહિ સમજે અને તેને નહિ અનુસરે, એના હૃદયનું પરિવર્તન નહિ થાય, જ્યાં સુધી બ્રહ્મચર્ય ન પાળતાં સ્ત્રીને એ ચૂસ્યા જ કરશે, તેને વિલાસસામગ્રી માન્યા જશે, ભોગ્યા અને તેથી પોષ્યા માન્યા જશે, ત્યાં સુધી નારીજીવનનો ઉદ્ધાર નથી. અને જ્યાં સુધી નારીજીવનનો ઉદ્ધાર નથી, ત્યાં સુધી માનવજાતિનો ઉદ્ધાર નથી જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૬

કામકલા

પ્રાણીમાત્રમાં આત્મરક્ષણની અને વંશવર્ધનની સ્વાભાવિક પ્રેરણા છે અને તેટલા માટે શારીરિક લગ્નને હેતુએ પરસ્પર સ્નેહ એટલે આકર્ષણ પણ સ્વાભાવિક પ્રેરણા છે. આમ સ્નેહ લગ્નનું આવશ્યક અંગ છે, તથાપિ સ્નેહ મોહનું રૂપ લે છે ત્યારે વિપરીત પરિણામ આવે છે.

ઇતર પ્રાણીઓમાં જોઇશું તો માદાને માટે અનેક નર યુદ્ધ મચાવે છે, તેમાં જે સૌથી બળવાન હોય તે તે માદા સાથે લગ્ન કરી શકે છે. આમ નિરંતર યુદ્ધ કરવાથી પુરુષ શરીરે કસાયો ને બળવાન બન્યો. વળી પોતાના બહારના ભપકાથી ને રૂઆબથી પણ માદાને આકર્ષવા લાગ્યો, એટલે તેમાં પણ કાળે કરીને વિકાસ પામ્યો; એ રીતે સિંહણ કરતાં સિંહ, ઢેલ કરતાં મોર અને એકંદરે પ્રાણીમાત્રમાં માદા કરતાં નર ભભકાદાર ને રૂઆબદાર બન્યો. યુદ્ધના અભ્યાસને લીધે તેનામાં તે પ્રકારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૌર્ય પણ આવ્યું. માદા એવા પુરુષને પસંદ કરે, સ્ત્રીઓ ગાય છે કે "નાવલિયો મારો રે **બાવન વીર** જો."

પોતાને માટે થતું યુદ્ધ માદા દૂર રહી જોવા લાગી, પણ પોતાના આકર્ષણ માટે લાવણ્ય, સૌન્દર્ય, ગાન, ભાવભંગી વગેરે તેણે કેળવ્યાં; બચ્ચાંને લીધે તેના અંતરની મૃદુતા પણ કેળવાઈ.

આમ નર અને માદાના પોતપોતાના વિશિષ્ટ ગુણો જુગજુગના અભ્યાસથી વધારે ને વધારે વિકાસ પામતા ગયા. આજે આપણે માનવસમાજમાં પણ જોઈએ છીએ કે સ્ત્રી મેળવવામાં — તેનું હરણ કરી લાવવામાં, તેને ખરીદી લાવવામાં, તેને પરણી (परि + नी લાવવું, वि + वह् લેઈ જવું) લાવવામાં — પુરુષ જ પ્રયત્ન કરે છે અને તેમાં એક કે બીજા પ્રકારના બળનો ઉપયોગ કરે છે. સ્ત્રી તો પોતાના લાવણ્ય, સાન્દર્ય, ગાન, ભાવભંગી, મૃદુતા વગેરેથી દૂર ઊભી ઊભી પુરુષનું આકર્ષણ કરે એ જ.

પણ ઇતર પ્રાણીઓ હજી શારીરિક લગ્નનો સાચો હેતુ જાળવી રહ્યાં છે; વંશવર્ધન માટે શારીરિક લગ્ન અને ત્યાર પછી સંયમ, એ પ્રકૃતિનો નિયમ જાળવી રહ્યાં છું. પણ માનવજાતિને પુરુષે તો એ બંધન તોડી નાખ્યાં છે, બ્રહ્મચર્યનો સંયમ તોડી નાખ્યો છે, લગ્નહેતુના ભૂકા કરી નાખ્યા છે, અને માત્ર કામ-લોલુપતામાં જ રચ્યોમચ્યો રહ્યો છે.

પોતાની વિષયવાસનાની તૃપ્તિથી શરીર થાકી જાય તો પરોપકારી વૈદ્યરાજોની ગુટિકાઓનો ઉપયોગ કરે, મન થાકી જાય તો એ વાસનાને ઉશ્કેરવા સ્ત્રીને તેના સ્વાભાવિક સૌન્દર્ય ઉપર ઓપ ચઢાવીને વધારે મોહક બનાવે. પુરુષને આકર્ષવા સ્ત્રી પણ વધારે મોહક બનવા ટાપટીપ કરે. આમ આખા માનવસમાજમાં સૌન્દર્યને નામે કામકલા પ્રવર્તી રહી છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે માત્ર પુરુષની અનર્ગલ કામલોલુપતાને પોષવા માટે જ.

ખરી રીતે 'કામકલા' શબ્દ જ ભ્રમણામાં નાખનારો છે. 'કલા' જેવી ઉચ્ચ વસ્તુને 'કામ' સાથે કશો ય સંબંધ હોઈ શકે નહિ, છતાં દુર્ભાગ્યે એ શબ્દ એ વિષયના રસિકજનોએ યોજ્યો છે. સ્ત્રીના સ્વાભાવિક સૌન્દર્યથી કામલોલુપ પુરુષ ના ધરાય, થાકી જાય એટલે એના ઉપર સૌન્દર્યને નામે, કલાને નામે ઓપ ચઢાવે ને તેમાં રાચે!

કલાના સામાન્ય વિષય સંબંધે પણ કંઇક કહી લેવું ઘટે છે. કલાનો હું ઊંડો અભ્યાસી નથી, છતાં તેને સંબંધે મને જે ભાન થયું છે તે પૂરતું એ સંબંધે બોલવું ઠીક લાગે છે. માનવીના જીવનના એકે એક વ્યાપારને કંઇ ને કંઈ હેતુ હોય છે જ. કવિઓની સાથે કલાધરો પણ અભિમાનથી કહી નાખે છે કે તેઓ જન્મથી જ કવિઓ અને કલાધરો હોય છે, કોઈ પણ હેતુ વિના અંતરની ઊર્મિ ઊઠચે પોતાની સૃષ્ટિ સર્જે છે. એમ તો જગતના અનેક વ્યાપાર માટે કહી શકાય. પણ આ ચર્ચાને માટે આ સ્થાન નથી. હું તો માનું છું કે માનવજીવનની ઉન્નતિનો હેતુ એ જ કલાનું સર્જન છે. કલામાં कल् ધાતુ છે ને તેનો અર્થ 'પ્રેરવું' છે. सत्यम् शिवम् सुन्दरम्। જે સત્ય છે, કલ્યાણજનક છે, તે જ સુન્દર છે. 'સુન્દર'માં सुद् 'પ્રકાશવું' એ ધાતુ છે અને તેથી જ અજવાળી રાતને સુદિની રાત કહીએ છીએ. અને સુન્દર પ્રકાશમય હોય, જ્ઞાનમય હોય, સત્ય હોય, શિવસ્વરૂપ હોય. એ દિશાએ માનવહૃદયને પ્રેરે એ જ કલા. કલા વસ્તુમાં નહિ, ભાવનામાં છે. કોયલથી, વનથી, પર્વતથી, નદીથી, સૂર્યથી સત્યનો, પ્રકાશનો, જ્ઞાનનો, શિવનો મહિમા મળે તો તે સુન્દર છે. તેને કાવ્યરૂપે કે ચિત્રરૂપે પ્રકટ કરવામાં કલા છે. પુરુષ, સ્ત્રી કે બાળક વિષેનાં કાવ્યમાં કે ચિત્રમાં પણ તેમ જ.

૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આજે સમસ્ત સંસાર ઊતરતે ઢાળે લપસે છે: કવિઓ, ચિત્રકારો વગેરે કલાધરો પણ તે ઢાળે લપસે છે અને પોતાની કલા વડે સંસારને લપસવા પ્રેરે છે. બેશક સૌમાં, તેમજ એ વર્ગમાં પણ, અપવાદ તો હોય જ. પુરુષની વિષયવાસનાને ઉત્તેજન મળે એવી કલાધરોની કલાને નામે પૂજાતી ભ્રષ્ટતાનો આજે પાર નથી. સત્ય, શિવ, સુંદર તરફ દોરી જવાને બદલે તેને નામે મોહગર્તમાં ઉતારી પાડનાર નૃત્ય, ચિત્ર, શિલ્પ, સંગીત, કાવ્ય, નવલકથા, નાટક, સિનેમા વગેરે કામોત્તેજક સામગ્રીઓનો આજે કંઇ પાર છે? ઘણાંખરાં દૈનિક પત્રોના સાપ્તાહિક અંકોમાં અને સાપ્તાહિક પત્રોના વાર્ષિક અંકોમાં આખા પૃષ્ઠ ઉપરની છબિઓ જુઓ: મોટે ભાગે સ્ત્રીની મોહક અને કામોદ્દીપક છબીઓ! અને આ ભ્રષ્ટતા કલાને નામે પૂજાય! મહાત્માજીએ ખાદીપ્રચારની શરૂઆત કરી, ત્યારે ૧૯૨૧માં એક પ્રખ્યાત કવિએ કહેલું, કે સ્ત્રીઓનાં મોં ખાદીમાં વરવાં લાગે છે. વરવાં (વિરૂપ) એટલે કલાહીન! દરિદ્રનારાયણનાં દુઃખ જાણી ખાદી પહેરવી એ ભાવ કલામય નહિ, પણ કવિને હિસાબે કલાહીન! ફારસી કવિ હાફિઝ કામવાસનાથી પ્રેરાઇને ગાય છે:

"અગર આં તુર્કે શિરાઝી બદસ્ત શરદ્ દિલે મારા,
બખાલે હિંદુયશ્ બખ્શમ્ સમરકંદો બુખારા રા."

અને કામકલાની આ વાણી ઉપર આફ્રીન થઇ જઇ આપણા કવિ બાલાશંકરે એનું ભાષાન્તર ગાયું, કે

"અગર તે યાર શિરાઝી, મ્હારું મનમેળાવે,
સમર્પું હું બુખારા ને સમર, તિલ શ્યામને ભાવે."

સાહિત્યરસિકો આ કામોદ્દીપક ભ્રષ્ટતાને કલાને નામે પૂજાવે! અને નાટકમાંના 'વન્સ મોર'ની પેઠે વગર સમજ્યે જગત તેને પૂજે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ કલાને વિષે ખોટો ભ્રમ પ્રવર્તી રહ્યો છે. પુરુષની કામવાસના કલાને નામે ભ્રષ્ટતા પ્રવર્તાવી રહી છે. મોહ સ્નેહને નામે પૂજાય છે. માનવી સૌન્દર્યને સત્યસ્વરૂપમાં નહિ, પણ કામલોલુપતામાં જ જુએ છે. પુરુષ મોહવશ થઈ સ્ત્રીની બાહ્ય ટાપટીપમાં સૌન્દર્ય જુએ છે. એ ભ્રષ્ટ ભાવનાએ પુરુષ સ્ત્રીને સુંદરી બનાવે છે; તેને કામિની, મોહિની રૂપે જુએ છે. વસ્ત્રાલંકારથી તેને કાચની પૂતળી પેઠે શણગારે છે, મોહમયી ભોગ્યા બનાવે છે. કામવાસનાનો ગુલામ પુરુષ કામલોલુપતાની તૃપ્તિને અર્થે સ્ત્રીના દુર્ગુણ વેઠવા તૈયાર છે, તેનો મિજાજ સહન કરવા તૈયાર છે, માત્ર તેના અંગની બિરૂપતા સહન કરવા તૈયાર નથી. પોતે દારૂબીડીનાં વ્યસન રાખે; સ્ત્રી કુરૂપ થઈ જાય, માટે તેનું વ્યસન સહન કરવા તે તૈયાર નથી. એને તો કામકલાવતી જોઈએ છે! અને તેથી કામરૂપ સિવાયના સ્ત્રીના બધા દુર્ગુણ સહન કરવા તૈયાર છે. સ્ત્રીના કામરૂપને કામોત્તેજક બનાવવા પુરુષ એને અનેકવિધ શણગારે છે. મનુમહારાજ પણ એને વસ્ત્રાલંકારથી શણગારવાનું વિધાન આપે છે. કલાને નામે પૂજાતી આ ભ્રષ્ટતાના નશાથી કેટલાય પુરુષ ખુવાર થઈ જાય છે, પણ પાછા વળતા નથી.

અને સ્ત્રી તો બિચારી પુરુષના કાંડાબળની ગુલામડી. ગુલામ શેઠને આ કે તે પ્રકારે જેમ તેમ પ્રસન્ન કરવાના પ્રયત્ન કરે ને? બીજી કોઈના મોહપાશમાં ન જતો રહે, એટલા માટે પુરુષની કામલોલુપતા તૃપ્ત કરવાને સ્ત્રી અનેક પ્રકારનાં કામણ કરે છે, અનેક પ્રકારની કામલતા રચીને પુરુષને પકડી રાખે છે. આમ કર્યા વિના એને બીજો માર્ગ સૂઝતો નથી, પુરુષની ગુલામડી અબળા હોવાથી. તેનું પરિણામ આજે શું આવ્યું છે? વસ્ત્રાલંકારથી આજે તેઓ પોતાને એવી રીતે શણગારે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેશ્યાના અને ગૃહનારીના સ્વરૂપમાં કશો ફેર રહ્યો નથી પતિ આ જોઇને રાચે. પોતાના અભિમાનને પોષવા એ વેશે એને દેવમંદિરે કે લગ્નના વરઘોડામાં મોકલે. પણ કોઈ કામી પુરુષ તેના ઉપર કામદષ્ટિ કરી જાય એ ભયથી તેને ઈર્ષ્યા થાય; ત્યારે સ્ત્રી પાસે લાજ કઢાવે, તેને પડદે રાખે, ઝનાનામાં રાખે, ત્યાં પણ એ ઈર્ષ્યાથી ચોકી રાખે. હા કામકલા!

બાળકને ધવરાવવાથી માની લીધેલા સૌન્દર્યનો નાશ થશે એવે ભયે ઘણા પુરુષો બાળકો માટે ધાવ રાખે છે. સ્ત્રીઓ પણ પુરુષની ઈચ્છા પ્રમાણે તેને મોહપાશમાં પકડી રાખવા ધાવને સ્વીકારે છે અને બાળકો પ્રત્યેનો સ્તનપાનનો પોતાનો પવિત્ર સ્નેહસંબંધ તોડે છે! આમ બાળકો પણ કામ-લોલુપતામાં આડખીલી જેવાં જ લાગે ને! બાળકોને જન્મ આપવાથી સ્ત્રીનું સૌન્દર્ય બગડી ગયું મનાય છે અને તેથી પરોપકારી દાક્તરને શરણે જઈ સંતતિનિરોધના ઉપાય લેવા સૂઝે છે! સૌન્દર્યને નામે ભ્રષ્ટતાની કેવી ભયંકર પૂજા!

અને પુરુષની કામલોલુપતા તૃપ્ત કરવાને હેતુએ સંસારમંદિરમાં પ્રવેશતી નાની બાળાઓની શી દશા કરવામાં આવે છે? તેમને કોઈ અમુક અજાણ્યા પુરુષની વિલાસસામગ્રી રૂપે, ભોગ્યા સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે. શુભેચ્છક માતા પોતાના પેટની દીકરીને બકરીની પેઠે પુરુષની કામવેદિ ઉપર હોમવા વસ્ત્રાલંકારથી દેખાવડી કરી ફેરવે છે, ખવરાવી પિવરાવી તાજી રાખે છે; સ્ત્રીકેળવણીને નામે શાળાઓમાં સંગીત, વાદન વગેરે કામકલામાં નિપુણ કરી તેને વિલાસસામગ્રી રૂપે તૈયાર કરવામાં આવે છે અને એનું જ નામ accomplishments — ઓપ. શાળામાં બ્રહ્મચર્યનું શિક્ષણ બાળકોને જ ન અપાય, એટલે બાળાઓને અપાય તે તો તેમના હિતવિરુદ્ધ જાય;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી તો તે પુરુષને ભાવતી ભોગ્યા ન બની શકે, વિલાસસામગ્રી ન બની શકે! શાળામાં ભોપાઈને તૈયાર થએલી બાળાને પછી માબાપ લગ્નના ચૌટામાં બેસાડે. તેને યોગ્ય મનાતો કોઈ ઘરાક જાગે, તો તે પોતાના પેટની એ પુત્રીનું વેચાખત લખી આપી ગુલામગીરીની સાંકળે બાંધી તે સાંકળ પેલા ઘરાકને સોંપે. કોઈ તેવો ઘરાક ન જાગે, તો ગમે તેને ત્યાં ગરદન મારે કે ઘેર ગરદન ઉપર છરી મૂકે! પણ કામકલામાં કન્યા જેમ વધારે પ્રવીણ, કુશળ, નિપુણ, તેમ તેના વધારે ઘરાક જાગે. પુરુષની કામલોલુપતાએ કેવી કામકલા પ્રકટાવી છે!

પુરુષની કામલોલુપતાથી ને તેને નામે પ્રકટ થએલી કામકલાની મદિરાથી જગતનો કેવો વિનિપાત થઇ રહ્યો છે, એનું એને ભાન નથી. સ્ત્રી તો માત્ર પુરુષની વિલાસસામગ્રી છે, એટલે સ્ત્રીને એ વાત સમજવી કઠણ નથી. અને સ્ત્રી સમજે તો પુરુષના મોહ-પાશમાંથી એ છૂટી શકે, પુરુષની કામવાસના ઉપર અંકુશ મૂકી શકે, તેની પાસે સંયમ, બ્રહ્મચર્ય પળાવી શકે. બાકી જ્યાં સુધી પોતાને પુરુષની વિલાસસામગ્રી માન્યે જશે, ત્યાં સુધી એ ચુસાયે જશે, ચગદાયે જશે ને પોતાનું જીવતર રોળ્યે જશે; પુરુષનું જીવતર પણ રોળાયે જશે; અને ત્યાં સુધી સમાજનો ઉદ્ધાર નથી.

મહાત્માજીએ એકવાર કોલંબોમાં સ્ત્રીઓને આમ કહેલું: "તમને એક સવાલ પૂછું? સ્ત્રી પુરુષના કરતાં વધારે શણગાર કેમ પહેરતી હશે? શું તેનામાં વધારે અભિમાન છે? શું તેનામાં સૌન્દર્યનું વધારે ભાન છે? ના; મને તો કેટલીક બહેનોએ કહ્યું છે કે એ પુરુષને ખુશ કરવા માટે જ આટલા ઢોંગ કરે છે. ત્યારે તો મારે તમને કહેવું જોઈએ કે જો તમારે કાંઈ લોકસેવાનું કાર્ય કરવું હોય, તો તમારે ખુશ કરવાનો ધંધો છોડવો જોઇશે. જો હું સ્ત્રી હોત તો જરૂર સ્ત્રીને પોતાનું રમકડું માનનારા પુરુષની સામે હું બંડ કરત."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૭

સન્તતિનિરોધ

અગાઉ વારંવાર જણાવ્યું છે કે સ્ત્રીપુરુષના શારીરિક લગ્નનો એકમાત્ર હેતુ વંશવર્ધનનો, સંતતિના (सम् + तन् લંબાવવું) જનનનો જ છે. આ નિર્ધન દેશમાં આજે તો બહુ પ્રજાની જરૂર પણ નથી. કામલોલુપતાને કારણે એક બાજુથી આપણે ખૂબ ભૂંજરવટ વધારી મૂકી છે, બીજી બાજુથી અંગ્રેજી રાજ્યને પરિણામે દેશમાં ઘર કરી રહેલી દરિદ્રતાને લીધે એ ભૂંજરવટને પેટનો ઊંડો ખાડો પૂરવા જેટલું અનાજ પણ મળતું નથી. ત્યારે આ સ્થિતિમાં તો બેશક સંતતિનિયમનની જરૂર છે.

નવાં વસેલાં સર્વે સંસ્થાનોમાં વસતિ વધારવાની જરૂર છે. આર્યો આ દેશમાં નવાસવા આવેલા, ત્યારે તેમને પણ પોતાની વસતિ વધારવાની જરૂર જણાએલી. બીજી પ્રજાઓ પોતાને ઇષ્ટ લાગતી સ્થિતિ પ્રાપ્ત કરવા રાજ્યને પ્રેરે છે અને રાજ્ય કાયદાને બળે એ સ્થિતિ પ્રાપ્ત કરે છે. આર્યોએ રાજા પાસે જવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદલે ધર્માચાર્યો પાસે જઈને એ સ્થિતિ પ્રાપ્ત કરાવેલી. બીજી પ્રજાઓએ વસતિ વધારવા માટે કૂંવારા ઉપર કર નાખ્યા, વધારે બાળકનાં માબાપને ઇનામ આપ્યાં. આર્યોના ધર્માચાર્યોએ ધર્મ-બંધન નાખ્યું કે જે પિતાને નરકે ન પડવું હોય, તેણે પુત્રને જન્મ આપવો; કારણ કે पुन्नाम्नो नरकाद्यस्मात् पितरं त्रायते सुतः। तस्मात् पुत्र इति ख्यातः। પુત્ નામે નરકથી તારનાર તે પુત્ર છે। અને એ ધર્માજ્ઞાને પાળવામાં આપણા લોકોએ સીમા નથી રાખી! ઘરડા ડોસા પણ સ્વર્ગે જવાની લાલસાએ પરણે છે —પુત્રને જન્મ આપી પોતે સ્વર્ગના દરવાજા ઠોકે છે ને પાછળ વિધવાને નરકકુંડમાં નાખી જાય છે! આમ વસતિ ને વિધવા આ નિર્ધન દેશમાં એટલી વધી ગઈ છે કે હવે તો 'બસ કરો!' એમ કહેવાનું મન થઈ જાય છે! બેશક હવે તો સંતતિનિયમનની જરૂર છે.

અને તેને માટે બ્રહ્મચર્ય એ જ એકમાત્ર સાચો ઉપાય છે. પણ પુરુષની કામલોલુપતાની માત્રા એટલી બધી વધી ગઈ છે કે તેને બ્રહ્મચર્ય પાળવું નથી, એને તો કામવાસના પરિતૃપ્ત કરવી છે. દેશના ગુરુજનો ગુલામી પ્રજા વધારવા સામે બૂમ મારી રહ્યા છે, પણ આ કામાતુરને દેશની કે દરિદ્રતાની કે ગુલામીની પડી નથી; એને પડી છે પોતાની કામલોલુપતાની. બાળકો જન્મ્યે પોતાની કામિનીને નિરંકુશ ભોગવાતી નથી, એટલે એ પણ પ્રજા ન જન્મે એમ ઇચ્છે છે અને દેશના ગુરુજનોના સૂર સાથે સૂર મિલાવી રાગ કાઢે છે, કે "હા, હવે સંતતિનિરોધની જરૂર છે, એને માટે યથેષ્ટ ઉપાય જરૂર લેવા ઘટે!" આમ સ્વાર્થ સાધવાને માટે એ દેશભક્ત બની જાય છે, દાક્તરોનાં ઘર શોધે છે, વિજ્ઞાને શોધેલાં ભ્રષ્ટ સાધનોનો ઉપયોગ કરીને સંતતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંધ કરી દે છે અને યથેષ્ટ કામવિલાસ ભોગવે છે. પણ એને કંઇ પરિણામનું ભાન છે?

આપણે ઇંદ્રિયોના ઘોડા લગામ કાઢી લેઇને છૂટા મૂક્યા છે. આપણે શરીર ટકાવવા માટે, જીવવા માટે ખાવું ઘટે; પણ જાણે ખાવાને માટે જીવતા હોઈએ એમ ભાતભાતના સ્વાદની પાછળ ગાંડાતુર થઇ જઇએ છીએ. મોદક (મુદ્ આનન્દ પામવો) સૌને વહાલા લાગે છે, અન્નને (અદ્ ખાવું) ભોજન (ભુજ્ ભોગવવું) કહીએ છીએ અને ભોજનના ભોગ ભોગવીએ છીએ. આપણા ગોસાંઇજી મહારાજો તો છપ્પન ભોગ ભોગવે છે! ગુરુ થઈને જે રસના ને કામના ભોગ ભોગવતાં શરમાય નહિ, તે પોતાનાં શિષ્ય-શિષ્યાને કેવો ગુરુમંત્ર આપે તે વિચારવા વેગળે જવું પડે એમ નથી. આ જીભના સ્વાદના ઘોડા છૂટા મૂકી લોક ઘેર અને બહાર ખાયા કરે છે, હિંદુઓએ એટલા માટે જ્ઞાતિભોજનોનો આંકો રાખ્યો નથી. હવે તો પરગજુ લોકોએ નગરોમાં હોટેલો ખોલી છે અને એ હોટેલો પગ કરીને ગામડાંમાં આવવા લાગી છે! આથી લોક પેટને ન પૂછતાં જીભને પૂછીને અકરાંતિયું ખાયા કરે છે. પછી માંદા પડે છે, ત્યારે દવા કરે છે. પણ અકરાંતિયું ખાધે ય માંદા ન પડાય એટલા માટે પરગજુ વૈદ્યરાજો અનેક પ્રકારનાં ચૂર્ણો તૈયાર કરે છે. બસ, એ ચૂર્ણો ખાઓ, પછી ગમે તે અને તેટલું ગળચો! પણ કંઈ પરિણામનું ભાન છે?

બંગાળમાં બાઉલ નામે સાધુની જાતિ છે. તેઓ જીભ ઉપર સંયમ રાખવાને હેતુએ ભોજનને બદલે સેવા શબ્દ વાપરે છે. શરીર જિવાડવાને માટે અન્ન લેવું તેને તેઓ સેવા કહે છે, અને તેના વિલાસથી દૂર રહે છે. તેવી જ રીતે લગ્નજીવનમાં સંતતિ માટે શરીરલગ્નની અને ત્યાર પછી બ્રહ્મચર્યની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કામલોલુપ પુરુષને બ્રહ્મચર્ય રુચે કેમ ? એને તો એની કામલોલુપતા પરિતૃપ્ત કરવી છે. એટલા માટે તો એ પોતાની ગુલામ સ્ત્રીને શણગારીને કામિની બનાવે છે, મદનમોહના બનાવે છે. સ્ત્રી બિચારી તેના ભ્રષ્ટ પુરુષને પાલવે પડી, એટલે કરે શું ? એને રાજી રાખવાને એ કહે એ ચાળા એણે કરવા પડે. સ્ત્રી માતા છે, એને બાળક બહુ પ્રિય છે, બાળકને માટે એ તરફડે છે. પણ પુરુષને તો એ બાળક પોતાના કામવિલાસમાં આડખીલીરૂપે છે, એને બાળક બહુ ગમતાં નથી. એને તો પ્રકૃતિના સમર્થ નિયમનો — વંશવૃદ્ધિના નિયમનો — જ અંત આણવો ઇષ્ટ લાગે છે, કામવિલાસના યથેષ્ટ ભોગ ભોગવવા માટે. સ્ત્રીની સગર્ભાવસ્થા, પ્રસૂતિઅવસ્થા અને ત્યાર પછી સ્તનપાનઅવસ્થા એ બ્રહ્મચર્યને માટે બહુ અનુકૂળ અવસ્થા છે. ઇતર પશુપ્રાણી એ અવસ્થામાં શરીરલગ્ન કરતા નથી. પણ સંસ્કૃતિનું અને ઉત્કૃષ્ટિનું અભિમાન કરનાર માનવપુરુષને તો બ્રહ્મચર્ય સમૂળું જોઈતું નથી, એને તો નિરંકુશ વિલાસ ભોગવવા છે અને એટલા માટે સ્ત્રીની એ પવિત્ર અવસ્થાઓનો એને નાશ કરવો ઇષ્ટ લાગે છે.

અને પોતાના ધંધાને પવિત્ર કહેવરાવનાર દાક્તરો અને વૈદ્યો આવા કામાતુર લોકોની વહારે ચડે છે. પ્રાચીન કાળથી વૈદ્યોએ સ્ત્રીને અગર્ભા રાખવાના કે ગર્ભસ્રાવના અને ગર્ભપાતના ઉપાયો શોધી રાખ્યા છે. અને આજે વિજ્ઞાનયુગમાં તો તે માટે દાક્તરોએ અવનવા કંઈ કંઈ ઉપાયો યોજ્યા છે. ક્ષણિક હેતુસિદ્ધિને માટે દૂરનાં પરિણામો વિષે દાક્તરો પરવા કરતા નથી, કામલોલુપ પુરુષોને તો એવી પરવા કરવાની યે પરવા શી ? પણ અરેરે, એનાં પરિણામ બહુ ભયંકર છે.

બાળકોનો જન્મ થતો અટક્યો, એ મોટી આડખીલી ટળી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે પુરુષ નિરંકુશ ભોગ ભોગવવાનો. બાળકને ઉછેરવાની જવાબદારી પણ ટળી, એટલે વિલાસઘોડાને લગામ કાઢી નાખી દોડાવવાનો. પછી તો એને પત્ની સાથે વ્યભિચારનો અને પશ્ચાચારનો પરવાનો મળ્યો! કશું વિઘ્ન નહિ, કશી આડખીલી નહિ, કશી જવાબદારી નહિ; બસ ભોગ, ભોગ ને ભોગ જ!

માણસનું ખૂન કરો, તો ફાંસીએ ચડો; ગર્ભના બાળકનું ખૂન કરો તો ય સજા પામો. પણ દાક્તરોએ બનાવેલાં સાધનોથી વીર્યનાશ કર્યે જાઓ! કંઈ જ નહિ. શરતના ઘોડાનો જુગાર ખેલવો એ મોટા લોકોને માટે કાયદેસર, તેમ જ આ પ્રકારનો સંતતિનિરોધ પણ કાયદેસર! कामातुराणां न भयं न लज्जा।

પણ સમાજસેવાને ધર્મ માનનારા દાક્તરો પણ છે. આ કૃત્રિમ ઉપાયોથી સંતતિનિરોધ કરવાથી શાં શાં અનિષ્ટ પરિણામ આવે છે તે તેમણે સ્પષ્ટ રૂપે બતાવ્યું છે. સામાન્ય અનુભવ પણ આપણને એ જ કહે છે. કશા પણ અંકુશ વિના કામવાસના પરિતૃપ્ત કરવાથી પુરુષ થોડા જ સમયમાં થાકી જાય છે, અકાળે નપુંસક બની જાય છે, અને ત્યારે તેનું જીવન છેક નિરાશામય બની જાય છે. એવા કૃત્રિમ ઉપાયોથી સ્ત્રીને અગર્ભા કે વંધ્યા બનાવવાથી પત્ની પણ ભોગ્યા બનવામાં નિર્ભય અને તેથી નિરંકુશ બને છે. પ્રસવવેદના ન ભોગવવાને કારણે તેનું રૂપ ખીલ્યું રહે છે, લગામ વિનાના ઘોડા જેવી માતે છે ને આકર્ષક રહ્યા કરે છે. પુરુષ તો નપુંસક બનતો જાય છે અને તેથી તેને સ્ત્રી પ્રત્યે અવિશ્વાસ ને આશંકા ઉત્પન્ન થાય છે. પોતાની કામવાસનાને માટે સ્ત્રીને મોહિની ને મદનમોહના બનાવેલી, હવે પોતાને માટે તો તે નિરર્થક થતી જાય છે, બીજાને આકર્ષતી ને લોભાવતી થતી જાય છે. પુરુષનો અવિશ્વાસ અને આશંકા અને ઈર્ષ્યા વધ્યે જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીને એ પાલવતું નથી. ઘરમાં આમ અવિશ્વાસ, છેતરપિંડી ને કુલેશ ઘર કરી રહે છે. એમાંથી એકાદનું ખૂન પણ !

શરૂઆતમાં પુરુષને કામવિલાસની સીમા હોતી નથી, તેથી તેની કામવૃત્તિના પ્રચંડ સપાટામાં સ્ત્રી ચુસાઈ જાય છે, ભાગી જાય છે, તેનું વિત્ત હણાઈ જાય છે. પરિણામે તેને પુરુષ પ્રત્યે અણગમો થાય છે, પછી તિરસ્કાર છૂટે છે. આજ સુધી સંતતિનિરોધના ઉપાય ન લેવાયા હોય, તો સ્ત્રી પોતે કંટાળીને, અકળાઇને કે ગભરાઇને લે છે. પછી તેને પુરુષનો બહુ ભય રહેતો નથી, એટલું જ નહિ પણ પુરુષે ઊભા કરેલા કામી વાતાવરણમાં ધીરે ધીરે આનંદ માનતી થાય છે, મઝા માણતી થાય છે. ધીરે ધીરે પુરુષ નપુંસક બનતો જાય છે, ધીરે ધીરે સ્ત્રી કામાતુર થતી જાય છે. સંતતિનિરોધથી ગતપ્રસવ બનેલી નારી કામિની થતી જાય છે, તેને મોહિની થવાની લાલસા પણ થતી જાય છે. ઘરમાં પુરુષ સંતોષ આપી શકે એવો હવે ન રહ્યાથી કુલટા — કુળ બહાર ભટકતી — થાય છે. આમ ગૃહસ્થના ઘરમાં વેશ્યાવૃત્તિ પોષાવા લાગે છે.

સંતતિનિરોધનાં કૃત્રિમ સાધનોથી સ્ત્રીના ગુહ્ય ભાગને હાનિ થાય છે, તેને અનેક રોગ થાય છે એવો અનેક દાક્તરોનો અભિપ્રાય છે. સ્ત્રીઓ એ સાધનોથી ઘણી વાર વંધ્યા પણ થઈ જાય છે. છેવટે તે હતાશ થઈ જાય છે; સંસાર એને કડવોઝેર થઈ જાય છે.

બ્રહ્મચર્યના લાભનો હિસાબ તો કોણ કાઢી શકે ? એથી થતી વીર્યરક્ષાને લીધે શરીર બળવાન બને છે. શરીરબળના આપણા આદર્શ પુરુષ હનુમાન છે. કોઇ પણ વસતિપત્રકમાં જોયે જણાશે કે વગરપરણેલાં સ્ત્રીપુરુષો તેમજ વિધુર અને વિધવાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબું આયુષ્ય ભોગવે છે. વળી બ્રહ્મચર્યથી બુદ્ધિ પણ બળવાન બને છે. શંકરાચાર્ય, દયાનન્દ અને ડાર્વિન આજન્મ બ્રહ્મચારી હતા, અને જગતમાં એમના જેવો બુદ્ધિપ્રભાવ બહુ ઓછા જ પુરુષો બતાવી શક્યા છે.

પશુપ્રાણીથી પોતાને ઊંચો ગણાવનાર, સંસ્કૃતિનું ને ઉત્કૃષ્ટિનું અભિમાન કરનાર માનવી ત્યારે આ વિનાશને માર્ગેથી પાછો ન વળે ? સંતતિનિયમનની બેશક જરૂર છે; પણ તેને માટે બ્રહ્મચર્ય એ જ મહામાર્ગ છે, આ કુટિલ પંથે તો નાશ જ છે. આપણે સમાજજીવન સુંદર બનાવવું હોય, તો આપણાં ઘરમાં અને સમાજમાં બ્રહ્મચર્યનું વાતાવરણ ઉત્પન્ન કરવું ને પોષવું ઘટે. માતાપુત્રના અને બહેનભાઈના પવિત્ર સંબંધની શીતળ છાયાએ સ્ત્રીપુરુષના સંબંધમાં બ્રહ્મચર્ય પોષાવું ઘટે, તેને બદલે આજે અનેક સ્થાને કામાગ્નિની પ્રચંડ જ્વાળાથી મા – બહેનને દઝાતાં બચાવી લેવાં પડે, એ કેવું ભયંકર વાતાવરણ ! આહાર, નિદ્રા, ભય અને મિથુન એ પશુ અને માનવીને બંનેને સામાન્ય છે; પણ પશુઓ તે વિષયોમાં પોતાના સહજસ્વભાવને અનુસરે છે અને તેમના સહજ-સ્વભાવમાં અતિરેકતા ભાગ્યે જ હોય છે, તેથી યોગ્ય સીમામાં રહી તે આચરે છે. માનવીને વિવેકશક્તિ છે, તેથી તે સીમાની આ બાજુ રહી શકે છે કે સીમા તોડીને પાર પણ નીકળી શકે છે. પોતાના અને સમાજના કલ્યાણ માટે તેણે સીમાની આ બાજુ રહેવા સંયમ પાળવો ઘટે એ તેનો ધર્મ છે. અને માટે જ કહ્યું છે કે એ વિષયો પશુને અને માનવીને બંનેને સામાન્ય હોવા છતાં, માનવી પોતાના ધર્મને જ કારણે પશુથી વિશેષ છે. આપણે આ વાત ના સમજીએ ? આપણે સમજીએ કે દરેક પ્રકારની ઇંદ્રિયલાલસા ઉપર, તેમજ કામેન્દ્રિય ઉપર, પણ સંયમ રાખવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટે. સંતતિનિરોધનાં કૃત્રિમ સાધનોની સહાયતાથી કામેન્દ્રિયના ઘોડાને લગામ છોડી દઈ પૂરપાટ દોડાવવામાં હાનિ જ છે. ત્યારે તો તેના ઉપર સંયમ રાખીને — બ્રહ્મચર્ય પાળીને — માનવધર્મનું વાતાવરણ ઘરમાં, સંસારમાં અને સમાજમાં પ્રવર્તાવવું ઘટે. અને એ રીતે પેઢીદરપેઢી વર્તીને માનવીના સહજસ્વભાવમાં જ બ્રહ્મચર્યને જડી દેવું ઘટે. માનવી વિવેકશીલ પ્રાણી હોય, તો આ એનો મુખ્ય ધર્મ રહ્યો.

અને પુરુષની કામલોલુપતાના ઘોડાને સંતતિનિરોધની સહાયતાથી છૂટા મૂક્યે હાનિ મોટે ભાગે સ્ત્રીને થાય છે, એટલા માટે સ્ત્રીજાતિએ આ કૃત્રિમ સાધન સામે પ્રચંડ વિરોધ ઉઠાવવો જોઇએ, અને તેમ કરવાનો તેને અધિકાર પણ છે. વળી દરિદ્રતાને લીધે બાળકોનું પોષણ ન થઈ શકે એમ હોય, તો તેવી સ્થિતિમાં પણ સંતતિનિયમન કરવાનો એને અધિકાર છે. ગયા એપ્રિલ માસમાં ન્યુ યૉર્કની કચેરીમાં એક કેસ આવ્યો હતો. નીરીઅન કાહન નામની પત્નીના પતિએ એવી અરજ કરી હતી, કે "મારી પત્નીએ લગ્ન કરતા પહેલાં મને એવું વચન આપ્યું હતું કે હું બાળકને જન્મ આપીશ, પરંતુ પછીથી તેણે તેમ કરવા ના પાડી છે. માટે એ લગ્ન રદ કરી આપવું." પત્નીએ પોતાના બચાવમાં એવી દલીલ કરી હતી, કે "મારા ધણીને પગાર એટલો ઓછો મળે છે કે બાળકને ઉછેરવાનું પોષાતું નથી. માટે મારે બાળકને જન્મ આપવો નથી." યુનાઇટેડ સ્ટેટ્સની અપીલકોર્ટે એવો ચુકાદો આપ્યો હતો, કે "પત્નીએ પોતાની શારીરિક તબિયત સારી હોય અને તેથી બાળકને જન્મ આપવાનું વચન આપ્યું હોય, તે કાંઈ લગ્નની મુખ્ય શરત ગણાય નહિ. બાળકને જન્મ આપવાની ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડવાનો સ્રીને પણ અધિકાર છે. ” પણ બેશક આમ બાળકને જન્મ ન આપવામાં કૃત્રિમ ઉપાયોની સહાયતા લેવામાં તો હાનિ જ છે, માટે સ્રીજાતિએ કૃત્રિમ ઉપાયો અને સાધનો સામે પ્રચંડ વિરોધ ઉઠાવવો જોઇશે અને બ્રહ્મચર્ય પ્રવર્તાવવા અગાઢ પ્રયત્ન કરવા જોઇશે. અને ત્યારે જ સંસારમાં સ્વર્ગ ઊતરી આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૮

વિધવા

હિંદુ જાતિમાં વિધવા ખરે જ અનાથ પ્રાણી છે, અને 'વિધવા' શબ્દનો અર્થ પણ 'અનાથ' જ છે. વિ વિના + **ધવ** પતિ, નાથ = પતિ વિનાની તે વિધવા. **ધવ** શબ્દનો ધાતુ **ધુ** (ધૂણવું) ગતિવાચક છે. ગતિ સાથે પ્રકાશ હોય છે. અને તેથી **ધવ**નો અર્થ પ્રકાશમાન પણ છે. એ ઉપરથી **ધવલ** (ધોળું), ધોળવું, ધોવું વગેરે પ્રકાશજનક શબ્દો નીકળ્યા છે. આમ **ધવ** (પતિ) તે પ્રકાશમાન, સૂર્ય સમાન છે; સ્ત્રી તે તેનો પ્રકાશ ઝીલનાર છે, પૃથ્વી સમાન છે. **ધવ** શબ્દની ઉત્પત્તિને કાળે પણ ત્યારે તો પુરુષે પોતાના કરતાં સ્ત્રીને નીચી કોટિએ મૂકી છે. અને ધવ જતાં સ્ત્રી **વિધવા** થઈ પડે છે, સાચે જ અનાથ થઈ પડે છે.

પુરુષે લગ્નની વ્યવસ્થાનો અધિકાર પોતાના હાથમાં રાખ્યો છે અને એમ કરીને સ્ત્રીજાતિ ઉપર અનેક પ્રકારના લગ્નપ્રપંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદર્યાં છે. પુરુષને માટે લગ્ન મરજિયાત વસ્તુ છે, સ્ત્રીને માટે ફરજિયાત છે. વિધુર થતાં પણ પુરુષને પુનર્લગ્ન મરજિયાત છે, વિધવા થતાં સ્ત્રીને વૈધવ્ય ફરજિયાત છે. પ્રાચીન કાળે તો લગ્ન તેમજ પુનર્લગ્ન પુરુષને તેમજ સ્ત્રીને મરજિયાત હતાં, એમ અનેક સ્મૃતિઓ જોતાં જણાય છે. જડ રૂઢિથી બંધાઈ ગએલે આજને સમાજે પુરુષના એ અધિકાર અખંડિત રાખ્યા છે, સ્ત્રીના અધિકાર ખાંડી નાખ્યા છે. સ્ત્રીએ તો અમુક ઉમરે પરણી નાખવું જ ઘટે, પરણ્યા પછી બીજી જ પળે વિધવા થતાં પણ મરતા સુધી વૈધવ્ય પાળવું જ પડે! કેવો ભયંકર લગ્નપ્રપંચ!

લગ્નની વ્યવસ્થાનો અધિકાર પુરુષે પોતાના હાથમાં રાખ્યો એટલે સ્ત્રીને પરણવું જ જોઇએ અને વળી અમુક ઉમરે પરણી નાખવું જ જોઇએ એમ ઠરાવી દીધું. સ્ત્રીને મોટી ઉમરની થવા દે તો લગ્નમાં પુરુષની સામે એ બંડ ઉઠાવે; માટે તેને નાનપણમાં પરણાવી મારવી, નહિ તો રજસ્વળા થયે કૂંવારી રહેતાં તેનાં માબાપ નરકમાં પડે એમ પણ મૂર્ખ અને ભ્રષ્ટ સ્મૃતિકારોએ પુરુષજાતિને સ્વાર્થે ઠરાવી દીધું. પુરુષને માટે આવાં કશાં બંધન ના રાખ્યાં. પરિણામે થયું એમ કે ગમે તે અવસ્થાનો અને ગમે તે ઉમરનો પુરુષ નાની કન્યા સાથે લગ્ન કરે, સ્વાર્થી માબાપ કુળને કે પૈસાને કે બીજે કોઇ પણ સ્વાર્થે કન્યાના હિત તરફ દષ્ટિ ન રાખતાં, તેને લગ્નવેદી ઉપર હોમી દે. વર ૨૦ વર્ષનો કે ૬૦ વર્ષનો હોય, બુદ્ધિવાન હોય કે મૂર્ખ હોય, રૂપાળો હોય કે કદરૂપો હોય, સદ્ગુણી હોય કે દુર્ગુણી હોય, પણ સ્વાર્થવશ થઈ માબાપ પોતાની ફૂલ જેવી કન્યાને હોમી દે. **कन्यां यच्छति वृद्धाय नीचाय धनलिप्सया । कुरूपाय कुशीलाय स प्रेतो जायते नरः ॥** ધનને લોભે કન્યા વૃદ્ધને, નીચને, કૂબડાને કે દુર્ગુણીને દેનાર નર પ્રેત થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એવા એવા વિવેકી સ્મૃતિકારોના નિષેધને અવગણીને પણ સ્વાર્થી માબાપ પોતાની કૂમળી કન્યાઓને ભ્રષ્ટ લગ્નવેદી ઉપર હોમે છે!

સ્ત્રીજાતિ ઉપર અને તેથી સમસ્ત જનસમાજ ઉપર આનાં કેવાં ભયંકર પરિણામ આવ્યાં છે! અનેક કૂમળી સ્ત્રીઓ પ્રૌઢ બળવાન પુરુષની કામલોલુપતાને કારણે જુવાનીમાં જ મરણ પામે છે, જીવતી રહે છે તે ભાગી જાય છે. વૃદ્ધ પુરુષની જુવાન સ્ત્રીઓ કુદરતી કારણે વિધવા થઈ પડે છે, બીજી પણ અનેક વિધવા થઈ પડે છે. વિધવા પુનર્લગ્ન કરી શકે નહિ, વિધુરને પરણ્યા વિના ગમે નહિ! વળી કેટલાકને તો જીવતી બે બે કે ત્રણ ત્રણ જોઈએ!

ઘરમાં જુવાન વહુદીકરી વૈધવ્યના દુઃખથી પીડાતી હોય અને એથીયે નાની નવી સાથે ઉપર મેડીમાં સસરો કે પિતા પોતાની કામલોલુપતામાં મચી રહ્યો હોય, ત્યારે એ વિધવા વહુ-દીકરીના મન ઉપર કેવી ભ્રષ્ટ છાપ પડે વારુ? એ પરિસ્થિતિમાં કોઇ વિધવાઓ પ્રત્યે કુદૃષ્ટિ કરે એમાં કંઈ નવાઈ ખરી? કારણ કે વિધવા એ તો નધણિયાતો માલ પડ્યો! આથી અત્યારે વાતાવરણ એવું ભ્રષ્ટ થઈ ગયું છે કે પછી ગૃહસ્થોનાં ઘર પણ ઘણી વાર સલામત નથી રહેતાં. સમાજની અસંખ્ય વિધવાઓને અને તેથીયે વધારે પુરુષોને બળાત્કારે લગ્ન કરતાં અટકાવ્યાથી અત્યારે સમાજમાં સર્વત્ર વ્યભિચારનું ઝેર વ્યાપી ગયું છે. આઘાતની સામે તેટલા જ બળથી પ્રત્યાઘાત થાય છે. પુરુષસમાજે સ્ત્રીસમાજની સાથે વૈધવ્યને નામે જે લગ્નપ્રપંચ રચ્યો છે, તેને પરિણામે આજે આખો સમાજ ભયંકર રોગથી પીડાઈ રહ્યો છે.

લગ્નજીવનમાં શારીરિક લગ્ન માત્ર સંતતિને માટે હોય, પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું ઘટે, એ હેતુથી સ્ત્રીને વિધવા થતાં તેના પુનર્લગ્નનો નિષેધ કર્યો હશે એમ માનીએ, તો વિધુરના લગ્ન સામે એવો નિષેધ કેમ નહિ કર્યો હશે? વિધવાએ અખંડ બ્રહ્મચર્ય પાળવું જ, એવી સર્વે વિધવાઓ સામેની આજ્ઞા પ્રકૃતિના નિયમની વિરુદ્ધ પુરુષસમાજે કરી, એનું પરિણામ એ આવ્યું કે કામલોલુપ પુરુષોના અને કહેવાતા ધર્મગુરુઓના પણ વ્યભિચારને સારુ જાણે વિધવાઓનું એક અનામત દળ (reserved force) ના બની ગયું હોય! જે વિધવા બહેનો સમજ્યે ન સમજ્યે પણ બ્રહ્મચર્ય પાળી રહી છે, તેમને ચરણે મસ્તક નમાવું છું; તેમને આવો ભ્રષ્ટ આરોપ આરોપવાનો ઇરાદો નથી જ. પણ બહુ દર્દ સાથે કહેવું પડે છે કે પુરુષસમાજ જ જ્યાં કામ-લોલુપતાથી ભ્રષ્ટ થઈ પડ્યો છે, ત્યાં વિધવાસમાજ અને સમસ્ત સ્ત્રીસમાજ પણ બ્રહ્મચારી કેમ હોઈ શકે? આ વિષયમાં એક કે બીજે પ્રકારે સ્ત્રીજનને ભ્રષ્ટ કરનાર તો પુરુષ જ છે.

વિધવાઓ પાસે બ્રહ્મચર્ય પળાવવા તેમને સ્વર્ગની સીડી દેખાડી, પણ એમ એકપક્ષી બ્રહ્મચર્ય સ્વાભાવિક રીતે જ નિષ્ફળ નીવડ્યું; અને સ્વર્ગની વાત તો ક્યાં રહી, પણ આજે પૃથ્વી ઉપર વ્યભિચારનું રૌરવ નરક પ્રવર્તી રહ્યું છે. હિંદુસમાજમાં આજે આથી કેટલા ગર્ભપાત થાય છે, કેટલી બાળહત્યા થાય છે, એનો હિસાબ કોણ કાઢી શકે?

લગ્નજીવનથી એને વંચિત રાખીને પુરુષસમાજે વિધવાનું લગ્નસુખ લૂંટી લીધું છે, એનો આખો ભવ બાળી નાખ્યો છે. સતી થવામાં એક વાર બળવાનું દુઃખ ઉઠાવ્યે બધાં દુઃખનો સામટો નાશ થાય છે, આ તો આખો જન્મારો દુઃખે બાળવો પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધવાને બળાત્કારે વૈધવ્ય પળાવવાથી અને છતાં પુરુષે પોતાના લગ્નની મર્યાદા તોડી નાખ્યાથી સમાજમાં વ્યભિચારની રેલછેલ થઈ રહી છે. એવી વિધવાસંસ્થાને સ્વાભાવિક પરિણામે જ આપણામાં વેશ્યાસંસ્થાને અતિશય વેગ મળ્યો છે. અનેક વિધવાઓને વ્યભિચારના કલંકમાંથી બચવાને માટે, અને કોઈ કોઈ વિધવાને નિર્ધનતાને કારણે પણ, વેશ્યાસંસ્થામાં બળતે હૃદયે પગલાં પાડવાં પડે છે. આ વેશ્યાઓ પણ કામલોલુપ પુરુષોનું અનામત દળ નં. ૨! ઘેર તે બહાર બધેય પુરુષ માણીગર, માણારાજ! સ્ત્રી તો માત્ર ભોગ્યા!

આપણા દેશની વેશ્યાઓમાં મોટે ભાગે હિંદુ વિધવાઓ હોય છે. કલકત્તાની વસતિ આશરે ૧૨ લાખ માણસની છે, તેમાં આશરે ૨૦ હજાર વેશ્યાઓ છે. તેમાં ૧ હજાર છતર જાતિની, ૪ હજાર મુસલમાન અને ૧૫ હજાર હિંદુ વેશ્યાઓ છે! બંગાળમાં સેંકડે ૫૪ ટકા મુસલમાનની અને ૪૪ ટકા હિંદુની વસતિ છે, પણ વેશ્યાઓ તો સેંકડે ૨૦ ટકા મુસલમાન ને ૭૫ ટકા હિંદુ! મુસલમાન કરતાં હિંદુ વેશ્યાઓ સાડાત્રણગણી વધારે! શાથી? શું હિંદુ સ્ત્રી મુસલમાન સ્ત્રી કરતાં વધારે કામલોલુપ છે? કોણ કહેશે? ત્યારે શું સ્પષ્ટ નથી કે હિંદુ વિધવાને હિંદુસમાજે બળાત્કારે વૈધવ્ય પળાવવાને પરિણામે વેશ્યાસંસ્થામાં હડસેલી મૂકી છે? ખરે જ, તેનું વિધવા નામ અહીં પણ સાર્થક કર્યું છે: **વિ** વધારે + **ધવ** પતિ = વધારે પતિવાળી તે **વિધવા**! એવી વેશ્યાસંસ્થાનો નાશ કરવાને કે તેને અંકુશમાં રાખવાને હજારો કાયદા કરશો, તો ય મિથ્યા છે!

હવે બીજો હિસાબ: શહેરોમાં પરગામથી વેપારરોજગારને માટે આવતા અનેક પુરુષો સ્ત્રીઓને પોતાની સાથે લાવી શકતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. એટલે કલકત્તાની ૧૨ લાખની કુલ વસતિમાં ૭ લાખ પુરુષ અને ૫ લાખ સ્ત્રીઓ ધારો, તો ય એ હિસાબે વેશ્યાઓનું પ્રમાણ શું આવે? ૩૫ પુરુષે : ૧ વેશ્યા; ૨૫ સ્ત્રીએ : ૧ વેશ્યા પુરુષની કેવી ભયંકર કામલોલુપતા, સ્ત્રીની કેવી ભયંકર અવગતિ! સ્ત્રી પ્રત્યે પુરુષનો કેવો દુષ્ટ લગ્નપ્રપંચ!

વિધવાજીવનનાં અનેક દુઃખ માટે તો અનેકવાર લખાઇ ગયું છે, ફરી ફરી શું લખવું? અને છતાં ય આપણે પાછું વાળી નહિ જોઇએ? કેટકેટલાં બાળલગ્ન કરીને, કેટકેટલાં વૃદ્ધલગ્ન કરીને આપણે કયાં સુધી વિધવાની સંખ્યા વધાર્યે જઇશું? ક્યાં સુધી તેને બળાત્કારે વૈધવ્ય પળાવીશું?

ત્યારે એવી અવદશામાં વિધવાશ્રમો તેમનો ઉદ્ધાર કરી શકવાના નથી, બ્રહ્મચર્યનો ને તે દ્વારા સ્વર્ગનો ધર્મોપદેશ તેમને, પુરુષોને ને સમસ્ત સમાજને નરકમાંથી બચાવી શકવાનો નથી. સાચો ઉપાય તો એ જ છે કે પુરુષે પોતાની કામલોલુપતા ઉપર સંયમ રાખવો ઘટે, સંતતિ માટે શારીરિક લગ્ન કરવું અને પછી તો બ્રહ્મચર્ય જ પાળવું ઘટે, બાળલગ્ન ને વૃદ્ધલગ્ન જેવાં ભ્રષ્ટ લગ્ન તુરત જ બંધ કરી દેવાં અને એમ કરીને વિધવાની સંખ્યા ઓછી થાય એમ કરવું ઘટે. છતાં ય વિધુર અને વિધવા તો સમાજમાં હોવાનાં જ. તેવે પ્રસંગે વિધુરની પેઠે વિધવાને પણ પુનર્વિવાહ કરવાની છૂટ આપવી જ ઘટે – તેમને લગ્નનો શુદ્ધ માર્ગ લેવા દેવો જ ઘટે. આમ ધીરે ધીરે વ્યભિચારનું વાતાવરણ આછું કરતે કરતે બ્રહ્મચર્યના વાતાવરણને ગાઢું કરતા જવું ઘટે.

અસ્પર્શ્યતા એ હિંદુસમાજનું એક કલંક છે, ફરજિયાત વૈધવ્ય એથી યે મોટું એનું બીજું કલંક છે. હિંદુસમાજ પોતાનું એ કાળું કલંક ક્યારે ધોઈ નાખશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૯

કુટુંબસંસ્થા

અતિઅતિ પ્રાચીન કાળમાં માનવી કેમ રહેતો હશે, તેની આપણને આજે ખબર નથી. ઇતિહાસ લખી શકે એવો એનો વિકાસ થયો નહોતો, એટલે તે કાળના ઇતિહાસની આશા રાખવી નિરર્થક છે. તે વખતની કથાવાર્તાઓ આજે ભૂંસાઈ ગઈ હશે, કે જુદે સ્વરૂપે પ્રવર્તતી હશે, એટલે એ ઉપરથી પણ આપણે તે કાળની માનવસ્થિતિ જાણી શકીએ એમ નથી. પણ આજે માનવસમાજમાં જે જે વ્યવસ્થાઓ અને સંસ્થાઓ પ્રવર્તે છે, તે સૌનાં મૂળ આદિમાનવે જ નાખેલાં, એટલે એ વ્યવસ્થાઓનાં અને સંસ્થાઓનાં મૂળ વિષે અનુમાન કરીએ, તેમ જ એ આદિ-માનવની જેવી જ નહિ પણ તેને મળતી સ્થિતિમાં હજી યે વનવાસી જાતિઓ આજે છે, તેમની સ્થિતિનો વિચાર કરીએ તો આદિમાનવની સ્થિતિનો કંઈક ખ્યાલ આવે.

એ આદિજુગમાં લગ્ન જેવી સંસ્થા જ નહોતી. એ બાબતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવી પશુની જ સ્થિતિ ભોગવતો. લગ્ન જેવી સામાજિક સુખની ને વ્યવસ્થાની સંસ્થા યોજવાને બહુ સંસ્કારી બુદ્ધિ જોઈએ. અગ્નિનો ઉપયોગ રાંધવામાં કરવો, ભારે વસ્તુ ખેંચવામાં પૈડા જેવી ગોળ વસ્તુનો ઉપયોગ કરવો, એવી એવી સાધારણ વાતો સમજવામાં પણ જુગજુગ વીત્યા છે; તો લગ્ન જેવી ઉન્નત સંસ્થા તો કેટલે બુદ્ધિબળે અને કેટલે અનુભવે યોજાઈ હશે? આજે પણ અનેક જંગલી પ્રજાઓમાં લગ્નસંસ્થા છે નહિ, અથવા છે તો નહિ જેવી શિથિલ છે. અને ત્યાંથી માંડીને તે જેને આપણે ઊંચામાં ઊંચા પ્રકારની લગ્નસંસ્થા માનીએ, એ બે વચ્ચે કેટકેટલા પ્રકારની લગ્નપ્રણાલીઓ આજની જુદી જુદી પ્રજાઓમાં પ્રવર્તે છે એ વિચારીએ તો આ વસ્તુ ઝટ સમજાય.

આમ જ્યારે લગ્ન જેવી સંસ્થા જ નહોતી, પ્રજોત્પત્તિનો વ્યવહાર પશુ પેરે જ ચાલતો, ત્યારે પ્રજાને ઉછેરવાનો ભાર માતા ઉપર જ હતો. માતા પ્રજાને ઉછેરતી અને તે ઉમરમાં આવ્યે છૂટી પડતી. આ સ્થિતિ અનેક જુગ ચાલેલી. પણ પુરુષને જાણવા સાધન મળે કે આ મારી પ્રજા છે, તો તેના ઉપર સહજ મમતા થાય અને એવી સ્થિતિમાં તેને ઉછેરવાને તેની માતા સાથે રહે; પ્રજા સ્વતંત્ર થતે પિતા પણ માતાથી છૂટો થઈ જાય. આમ લગ્નવિધિ વિના પણ લગ્ન થવા લાગ્યાં. માતાના દરેક પ્રસવ પ્રસંગે પ્રજાનો પિતા તે માતા સાથે આવીને રહે અને વળી છૂટો પડે. આમ સ્ત્રી અને પુરુષ પ્રસંગવશાત્ જોડાય અને છૂટાં પડે. પણ પ્રજાને કારણે જ આ સંબંધ જોડાતો. એટલે માતા જ્યાં રહે ત્યાં જ પિતા આવીને રહેતો. આમ માતૃગૃહની કે માતૃરાજ્યની (Matriarchyની) સંસ્થાનાં બીજ રોપાયાં. એવા માતૃગૃહની સંસ્થા આજે પણ મલબારમાં છે. ત્યાં માતાદ્વારા જ વંશ ઊતરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અને માતાનો વારસો પુત્રીને ઊતરે છે.

અને પછી માતાપિતા પોતાની પ્રજા સાથે એક સ્થાને કંઇક કાળ સુધી રહેવા લાગ્યાં, એટલે ઘરકુટુંબ જેવી સ્થિતિ ઊભી થઈ. અને છતાંય હજી બદ્ધલગ્ન નહોતાં, એટલે સ્ત્રી ગમે તે પુરુષથી પ્રજા ઉત્પન્ન કરી શકતી અને પ્રથમના પુરુષની પેઠે આ બીજો પુરુષ પણ પોતાની પ્રજા ઉપરની મમતાને લીધે તે સ્ત્રીની સાથે રહેતો. આમ એક જ સ્ત્રી સાથે બેચાર પુરુષો પોતપોતાની પ્રજા સાથે રહેતા. એવા બહુપતિલગ્નની સંસ્થા આજે પણ ટિબેટમાં અને હિમાલયના પ્રદેશોમાં છે અને આપણી પ્રજામાં ઠેઠ પાણ્ડવો સુધી ઊતરી આવી હતી. દ્રૌપદી સાથે પાંચ પાણ્ડવોનું લગ્ન એ જ પ્રકારનું ગણાય.

પણ તે અતિ પ્રાચીન કાળમાં ત્યાં સુધી યે વ્યવસ્થિત લગ્ન નહોતું. અને લગ્ન કંઈ પ્રાકૃત સંસ્થા નથી; એ તો માનવીએ પોતાના સમાજની ઉન્નતિને અર્થે યોજી કાઢી છે. પાણીનો કુદરતી માર્ગ નીચે ઊતરવાનો છે, માનવીએ પોતાના બુદ્ધિકૌશલથી તેને ઠેઠ કૂવામાંથી ચાર ચાર માળ ઊંચે ચડાવ્યું છે, વગરદોરડે ચકલી ખોલતાં ચોથે માળ ગોળામાં પડે એવી સ્થિતિ કરી મૂકી છે – કહો કે 'નેવનાં પાણી મોભે ચડાવવાં' જેવી ચાલતી કહેવતને શક્ય કરી દીધી છે. માનવીનું આ બુદ્ધિકૌશલ તે પ્રકૃતિ ઉપરનો મહાવિજય છે. એમ જ લગ્નસંસ્થાની એની યોજના તે પોતાના પશુભાવની પ્રકૃતિ ઉપરનો એનો મહાવિજય છે. કુટુંબની રચના થતાં કંઇક ધનપ્રાપ્તિ પણ થાય અને તેથી કુટુંબનું સ્થાયીત્વ થાય. વળી કામવાસનાને પરિણામે પણ અનેક કલહ થાય. અને એવા અનેક જુગના અનુભવને પરિણામે સ્ત્રી પોતાના પુરુષ કે પુરુષો સાથે સ્થાયી ભાવે રહે, એ સમાજની સુખસમ્પત્તિ તથા શાન્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતો ગયો. છતાં બહુપતિલગ્નનો સમૂળો નાશ ન થયો અને હજી યે ટિબેટમાં અને હિમાલયના પ્રદેશોમાં તે છે.

તે કાળે ખેતી એ જ ધંધો હતો. એમાં એક કરતાં વધારે માણસોની જરૂર પડવા લાગી. પિતાએ પોતાને અનુભવે તૈયાર કરેલા પુત્રોને તેમને સાસરે ન મોકલતાં પોતાની સાથે રાખવાને તેમની વહૂઓને પોતાને ઘેર આણવા માંડી. અને તે જ પ્રમાણે પુત્રીઓને તેમના પતિ સાથે રહેવા મોકલવા માંડી. પિતાનો વારસો ત્યારે પુત્રોને મળવા માંડ્યો. અને આ રીતે પિતૃગૃહની (Patriarchy ની) સંસ્થાનાં મંડાણ થયાં. છતાં યે માતૃગૃહની (matriarchy ની) સંસ્થાનો સમૂળો નાશ ન થયો અને હજી યે મલબારમાં છે.

આમ માતૃગૃહના વિકાસમાંથી પિતૃગૃહનો જન્મ થયો છે, એમ હવે તો અનેક સમાજશાસ્ત્રીઓ માનતા થયા છે.

ધીરે ધીરે ખેતી વધતી ગઇ અને તેમાં વધારે ને વધારે માણસોની જરૂર પડતી ગઇ. પુત્રો પિતાથી જુદા થઇને પોતાની આગવી ખેતી કરે, તેના કરતાં બધા એકઠા રહીને સહિયારી (સહકારી) ખેતી કરે તો વધારે લાભ થાય. આથી પિતાએ, પુત્રોએ અને વળી પૌત્રોએ એકઠા રહીને ખેતી કરવા માંડી; અને અનુકૂળતા માટે એક જ ઘરમાં રહેવા લાગ્યા, એક જ ચૂલે ખાવા લાગ્યા. આ સંયુક્ત કુટુંબની સંસ્થાનું મૂળ.

ખેતીમાં વધારે માણસની જરૂર પડતાં તે કાળનો ખેડૂત એક જીવતી ઉપર જ બીજી સ્ત્રી પરણવા લાગ્યો. આથી તે સ્ત્રી ખેતીમાં મદદ કરે, તેમજ તેનાથી થતા પુત્રો પણ મદદ કરતા થાય. અને આજે પણ ખેતીનું કામ કરાવવા જ પુરુષ અનેક સ્ત્રીઓને પરણે છે, એ મેં જાતે આફ્રિકામાં જોયું છે. આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે ઇષ્ટ છે, એવું જ્યારે માનવીને ભાન થયું ત્યારે જ પ્રથમ લગ્નની યોજના થઈ. લગ્નથી કંઈક ધાર્યું પરિણામ આવ્યું.

લગ્ન થયું એટલે કુટુંબ સ્થાયી થયું. આથી નિયમિત ખેતીની વ્યવસ્થા થઈ, ધનસંગ્રહની પણ વ્યવસ્થા થઈ. માનવી ધીરે ધીરે સંસ્કારી થતો ચાલ્યો. આજે હિંદુઓની કોઇ કોઇ નાતમાં અથવા નાતના કોઈ કોઈ વિભાગમાં ધનનો વારસો માએ વહેંચાય છે, એટલે કે એક પુરુષને બે સ્ત્રીઓ હોય, તેમાંની એકને એક અને બીજીને બે પુત્રો હોય, તો દરેક પુત્રને પિતાનો ત્રીજા ભાગનો વારસો મળવાને બદલે બે સ્ત્રીના બે ભાગ પડે છે, તેમાંનો એક ભાગ એક સ્ત્રીના એક પુત્રને મળે અને બીજો એક ભાગ બીજી સ્ત્રીના બે પુત્રને સરખે ભાગે મળે. અર્થાત્ એક ભાઇને પિતાનો અર્ધો વારસો મળે અને તેના બે ઓરમન ભાઇઓમાંથી દરેકને ચોથા ભાગનો મળે. (૧) આમ તે માતૃગૃહને કાળે એક સ્ત્રીના જેટલા પતિ હોય તેટલે ભાગે તેમની પુત્રીઓને વારસો મળતો હોય, એટલે સર્વ પુત્રીઓને સરખો વારસો મળતો ન હોય. માતૃગૃહની સંસ્થામાં પુત્રોને નહિ, પુત્રીઓને વારસો મળે એ તો સ્વાભાવિક છે. જે પિતા વધારે ધન સંપાદન કરે તે પ્રમાણમાં કંઇ વધારે ધન તેની પુત્રીઓને મળે નહિ; પણ એ તો ઇચ્છે કે તે પ્રમાણમાં વધારે મળે તો સારું. (૨) અથવા તો સૌ પુત્રીઓને સરખે ભાગે વહેંચાતું હોય, પણ વધારે કમાનાર પિતા તો ઇચ્છે જ કે મારી પુત્રીઓને મારી કમાણીના પ્રમાણમાં વધારે ધન મળે. આ બે કારણોમાંથી ગમે તે એક કારણે કે બન્ને કારણે વધારે પતિ રાખનારી પત્ની સાથે પતિ તરીકે રહેવાનું કોઇ કોઇ પુરુષ ઇષ્ટ નહિ ગણવા લાગ્યા, માત્ર પોતાને જ રાખે એવી પત્નીની સાથે રહેવા લાગ્યા. આમ ધીરે ધીરે એકપતિલગ્નનો પ્રચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતો ગયો. છતાં બહુપતિલગ્નનો સમૂળો નાશ ન થયો અને હજી યે ટિબેટમાં અને હિમાલયના પ્રદેશોમાં તે છે.

તે કાળે ખેતી એ જ ધંધો હતો. એમાં એક કરતાં વધારે માણસોની જરૂર પડવા લાગી. પિતાએ પોતાને અનુભવે તૈયાર કરેલા પુત્રોને તેમને સાસરે ન મોકલતાં પોતાની સાથે રાખવાને તેમની વહુઓને પોતાને ઘેર આણવા માંડી. અને તે જ પ્રમાણે પુત્રીઓને તેમના પતિ સાથે રહેવા મોકલવા માંડી. પિતાનો વારસો ત્યારે પુત્રોને મળવા માંડ્યો. અને આ રીતે પિતૃગૃહની (Patriarchy ની) સંસ્થાનાં મંડાણ થયાં. છતાં યે માતૃગૃહની (matriarchy ની) સંસ્થાનો સમૂળો નાશ ન થયો અને હજી યે મલબારમાં છે.

આમ માતૃગૃહના વિકાસમાંથી પિતૃગૃહનો જન્મ થયો છે, એમ હવે તો અનેક સમાજશાસ્ત્રીઓ માનતા થયા છે.

ધીરે ધીરે ખેતી વધતી ગઇ અને તેમાં વધારે ને વધારે માણસોની જરૂર પડતી ગઇ. પુત્રો પિતાથી જુદા થઇને પોતાની આગવી ખેતી કરે, તેના કરતાં બધા એકઠા રહીને સહિયારી (સહકારી) ખેતી કરે તો વધારે લાભ થાય. આથી પિતાએ, પુત્રોએ અને વળી પૌત્રોએ એકઠા રહીને ખેતી કરવા માંડી; અને અનુકૂળતા માટે એક જ ઘરમાં રહેવા લાગ્યા, એક જ ચૂલે ખાવા લાગ્યા. આ સંયુક્ત કુટુંબની સંસ્થાનું મૂળ.

ખેતીમાં વધારે માણસની જરૂર પડતાં તે કાળનો ખેડૂત એક જીવતી ઉપર જ બીજી સ્ત્રી પરણવા લાગ્યો. આથી તે સ્ત્રી ખેતીમાં મદદ કરે, તેમજ તેનાથી થતા પુત્રો પણ મદદ કરતા થાય. અને આજે પણ ખેતીનું કામ કરાવવા જ પુરુષ અનેક સ્ત્રીઓને પરણે છે, એ મેં જાતે આફ્રિકામાં જોયું છે. આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા સમાજમાં સ્ત્રીની કિંમત શી છે? રસોઇઆને પગાર આપો ને ખાવાનું આપો એ શરતે તમને રાંધી આપે; સ્ત્રી બિચારી પગાર ન માગે, ખાવાની શરતે રાંધી આપે. ચાકરડીને પગાર આપો ને ખાવાનું આપો એ જ શરતે તમારા ઘરની મજૂરી કરે; સ્ત્રી બિચારી પગાર ન માગે, ખાવાની શરતે ઘરની મજૂરી કરે. રસોઇઓ રસોઇ કરે, ઘરની મજૂરી ન કરે; ચાકરડી ઘરની મજૂરી કરે, રસોઇ ન કરે; સ્ત્રી બિચારી રસોઇ યે કરે, ઘરની મજૂરી યે કરે. રસોઇઆને ને ચાકરડીને રીઝવી રાખવાં પડે, ખીજાય તો નાસી જાય; લગ્ન નામે ગુલામગીરીને દસ્તાવેજે સ્ત્રીને ગુલામડી કરીને ઘેર આણી, એટલે ગમે તો રીઝે કે ગમે તો ખીજે; તો ય નાસીને જાય ક્યાં? ખરીદી આણેલી ગુલામડી કરતાં યે સ્ત્રી સસ્તી; ગુલામડીના પૈસા આપવા પડે; સ્ત્રીના કુળવાનને પૈસા ન આપવા પડે, ઊલટા એ લેતી આવે. ગુલામડી માત્ર મજૂરણ; સ્ત્રી તો મજૂરણ, રસોયણ; બૈરી જે કહો તે બધું ય! બહુ સ્ત્રીઓ પરણવાની ભ્રષ્ટ ભાવનાનું મૂળ આ હેતુમાં, આ ભાવનામાં રહેલું છે, અને એમ બહુપત્નીલગ્નની શરૂઆત થઇ છે ને તે સ્થાયી થઈ પડી છે.

ખેતીપ્રધાન જાતિઓમાં આમ સંયુક્ત કુટુંબની સંસ્થા ધીરે ધીરે વિકાસ પામી છે અને અનેક જુગમાં વિકાસ પામતી પામતી માનવીની સંસ્કૃતિની સાથે એ પણ સંસ્કાર પામી છે. મનુષ્યમાં ધર્મભાવના ખીલતી ગઇ તેમ એ સંસ્થામાં પણ ધર્મભાવના સ્થપાતી ગઇ. ત્યારે એ સંસ્થાએ જનસમાજ ઉપર અને ખાસ કરીને હિંદુસમાજ ઉપર અનેક ઉપકાર કર્યા છે. એણે સહકાર આપ્યો છે, એક માણસથી અસાધ્ય તે અનેક કુટુંબજનના સહકારથી સાધ્ય બનાવ્યું છે. રાજ્યોની ઉત્પત્તિ પણ સંયુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબની ભાવનામાંથી થઇ છે; ઘરમાં પિતૃરાજ્ય હોય, પિતા સૌનો રાજા હોય, એની છાયામાં ને રક્ષણમાં સૌ રહેતાં હોય, એની આજ્ઞા સૌ માનતાં હોય; તેવી જ રીતે સમસ્ત જાતિઓએ પોતાના રક્ષણ માટે અમુક બળવાન પુરુષને રાજ્યપિતા બનાવ્યો, તેની આજ્ઞા સૌએ માનવા માંડી, અરે એટલું જ નહિ, પણ ઇશ્વરમાં પણ જે પિતૃભાવના આરોપાઇ તે ય સંયુક્ત કુટુંબની એ પિતૃભાવનાથી. એ પિતૃરાજ્યમાં સબળ કામ કરે, નિર્બળ અને માંદા પોષાય, એ વ્યવસ્થા ન હોત તો એમની દશા ભૂંડી થાત. નારીજનનું સુંદર રીતે રક્ષણ થતું, એને આજની પેઠે વીમાની જરૂર તે વારે ન હોતી, કુટુંબ એ જ એવી વીમા કંપની; અને કુટુંબમાં એ દુર્ગતિ ન પામે એટલા માટે તેને અનુકૂળ થવાનું — કુટુંબને રંગે રંગાવાનું — એને શીખવું પડતું. એ રંગનો પાસ મોટપણમાં ઓછો બેસે, પારકે ઘેરથી આણેલી મોટી ઉમરની વહૂ સસરાના ઘરનો પાસ જલદી લેઇ ન શકે, માટે તેને નાનપણથી જ લાવવામાં લાભ થતો; આમ બાળલગ્નને એથી ઉત્તેજન મળ્યું. અને કામવાસનાએ જ રંગાયેલા સમાજમાં કોઇ પણ ધર્મભાવના વિનાના સમાજમાં યુવાલગ્ન કંઇ બહુ સુખી નથી નીવડતાં, ત્યાં તો બાળલગ્ન જ સારાં પડ્યાં છે. સંયુક્ત કુટુંબોનાં સૌ માણસ એક શરીરનાં અનેક અંગ જેવાં છે. શરીરમાંથી એક અંગ છેદાય, તો સમસ્ત શરીરને દુઃખ થાય; એમ એના કુટુંબની વિધવા પુનર્લગ્ન કરી કુટુંબમાંથી છેદાઇ બીજે જાય, તો કુટુંબને દુઃખ થાય. અને તેથી ધીરે ધીરે વિધવાલગ્ન નિષિદ્ધ મનાતું ગયું, અથવા તો દિયેરવટું કરીને, નહિ તો સંતતિની ઇચ્છા થયે નિયોગ કરીને પણ, ઘરમાં ને ઘરમાં જ રહેવાનો ચાલ પડતો ગયો; કુટુંબ એ જ વીમા કંપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી, એટલે વિધવાને ઉદરપોષણની તો ચિંતા નહોતી જ. એક જ ઘરમાં પિતાની સાથે તેનાં સંતાન ઠેઠ સુધી રહે એટલે પિતાની ભાવના સંતાનમાં ઊતરે. આમ કુળના આચારવિચાર વંશાનુગત ઊતરતા, એ કુળધર્મ અને કુળાચાર કપાઇ ન જતાં તેનું સતત્વ સચવાતું અને બહુ કાળે એ વિશિષ્ટ અને તીવ્રરૂપે વિકાસ પામતા. આમ સંયુક્ત કુટુંબની સંસ્થાએ માનવસમાજને બહુ સુંદર પરિણામ આપ્યાં છે — અને તેમ જ હિંદુ સમાજને.

પણ જેમ માણસના આયુને અવધિ હોય છે, તેમ સંસ્થાઓના આયુને પણ અવધિ હોય છે. એ સંસ્થા હવે વૃદ્ધ થઇ છે. એક કાળે જુવાનીમાં એ ગમે એટલી સુંદર હતી, પણ આજે હવે વૃદ્ધ થઇ છે, વિરૂપ થઇ છે, તેનું મરણ સમીપ દેખાય છે. દેશકાળ ફર્યો છે, લોકોને નવું નવું જ્ઞાન મળ્યું છે, નવા નવા અનુભવ મળ્યા છે, વૃત્તિઓ ફેરવાઇ છે, એટલે હવે સંયુક્ત કુટુંબની ઉપયોગિતા ઓછી થઇ ગઇ છે. હવે એ સંસ્થા નિરર્થક જ નહિ, કેટલેક પ્રસંગે અનર્થક થઇ પડી છે.

આજે સમાજમાં તેમ જ ઘરમાં વ્યક્તિસ્વાતંત્ર્ય વધતું જાય છે, એવે સમે લોકોને સમજાયું છે કે સંયુક્ત કુટુંબમાં વ્યક્તિ-સ્વાતંત્ર્યને સ્થાન જ નથી. પિતાની આજ્ઞા, પુત્ર ૮૦ વર્ષનો થાય તો ય, તેણે પાળવી જ જોઇએ. એ આજ્ઞા હડહડતા અધર્મથી ભરેલી હોય, તો ય તે પાળ્યે જ છૂટકો. આજે બળવાનમાં બળવાન બાદશાહની સામે નિર્બળમાં નિર્બળ ખેડૂત પણ માથું ઊંચકે, એવા વ્યક્તિસ્વાતંત્ર્યના જુગમાં પુત્ર પોતાને અણગમતી પિતાની આજ્ઞા શી રીતે સ્વીકારે ? પણ એક ઘરમાં બે જણનું રાજ્ય ન જ ચાલે, એટલે પુત્રે પિતાથી જુદું નીકળવું પડે. આમ સંયુક્ત કુટુંબનો ભંગ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી એક કુટુંબમાં અનેક માણસ હોય; કોઈ સબળાં, કોઈ નબળાં. નબળાંને નિભાવી લેવાં એ સબળાંનો ધર્મ. પણ એથી નબળાં નબળાં જ રહે, સબળાં ન થાય. વળી કેટલેક પ્રસંગે નબળાં જાણી જોઇને નબળાં રહે, આળસુ થઇ પડયાં રહે; સબળાં તેમને પોષવામાં ધર્મ માને, પણ તેમનો શ્રમધર્મ ફોકટ વેરાય ને પરિણામે નબળાં આળસુની સંખ્યા વધારે. આમ સદ્ભાવનાવાળાં માણસોનું સંયુક્ત કુટુંબ નબળાંને માટે વીમા કંપની છે, તો દુર્ભાવનાવાળા માણસોને માટે એ એદીખાનું છે. અને એવાં એદીખાનાંની સંખ્યા દેશમાં જેટલી વધારે એટલી દેશની ગરીબાઈ વધારે. અત્યારે આપણો દેશ આ પ્રકારનું વિશાળ એદીખાનું બની રહ્યો છે. અને ત્યારે હવે તો આ સંયુક્ત કુટુંબની સંસ્થા તૂટે તો સારું, એમ મનમાં થયા કરે છે.

પણ આજનું સંયુક્ત કુટુંબ તે એદીખાનું જ બન્યું છે એમ નથી, પણ કજિયાખાનું કે કૂતરાખાનું બની ગયું છે. ત્રણ ત્રણ ચાર ચાર પેઢીનાં દીકરાદીકરીઓ ને પારકી જણી વહૂઓ જ્યાં સ્વાર્થે ટોળે મળે ત્યાં, જુદી જુદી શેરીનાં કૂતરાંને પાંજરામાં ભર્યાં હોય ને જે તમાસો થાય, તે જ તમાસો જામે; વહૂઘેલા દીકરા વહૂનું સાંભળી મા સામે દાંતિયાં કરે; માવડીઆ દીકરા માનું સાંભળી વહૂને બચકાં ભરે; નણંદનું સાંભળી સાસુ વહૂઓ સામે ભસ્યાં કરે; નણંદો તેમની સામે ઘુરકીઆં કરે; વહૂઓ બિચારી એ પગ વચ્ચે પૂંછડી ઘાલી લપાતી છુપાતી ખૂણે ભરાય, ધણી દયાળુ હોય તો રાત્રે તે તેની સામે જોઇ પૂંછડી હલાવી ગેલ કરે ને પોતાનાં દુ:ખ રડે. વહૂ ઘરડી થાય કે જુદી થાય ત્યાં સુધી આ દશા, અને સ્વતંત્ર થઇને સાસુ બને કે પાછી પોતાની સાસુઆવૃત્તિ નવેસરથી નવે સાજે સજેલા એ કૂતરાખાનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી દેખાડે ! આ આપણું આજનું સામાન્યતઃ સંયુક્ત કુટુંબ. અને કયા હિંદુ વાચકને આનું વિશેષ વર્ણન આપવું પડે ? કોણે આનો અનુભવ નથી કર્યો ? અને ત્યારે તો હવે આ સંયુક્ત કુટુંબની સંસ્થા તૂટવી જ જોઇએ, એમ લાગ્યા કરે છે.

નવું ભણુતર ભણેલો યુવાન વર્ગ નિશાળમાં યુરોપનો વ્યક્તિ-સ્વાતંત્ર્યવાદ શીખીને ઘેર આવે, પણ ત્યાં તો જુદા જ રંગ દેખે. એટલે હવે એનું મન સંયુક્ત કુટુંબમાંથી ઊઠી ગયું છે અને માસ્તર અંગ્રેજની પેઠે હુતો–હુતીનું ઘર માંડવાનું એને મન થઇ ગયું છે. આ પ્રકારના ઘરમાં પણ ધારીએ છીએ એટલું સુખ નથી, એમાં પીળું દેખીએ છીએ એ બધું સોનું નથી. પણ જુવાનીઆનું દિલ ઊઠયું એટલે હવે તો એ જુદું ઘર માંડવાનો જ, સંયુક્ત કુટુંબ વંછેરી નાખવાનો જ, ત્યાં ઉપાય પણ શો ?

વળી ભણીગણીને વૃદ્ધ માણસના પુત્રો ઘર છોડીને વિલાસ કે કમાણી કરવા પરગામ કે પરદેશ જાય એટલે સંયુક્ત કુટુંબ માત્ર કહેવાનું જ રહે, સાપ ગયા પછી લિસોટા જેવું રહે. થોડો વખત સૌ દીકરા પોતાની કમાણી સંયુક્ત કુટુંબના ધનભંડારમાં મોકલે; પણ આજે વ્યક્તિસ્વાતંત્ર્યની સાથે વ્યક્તિજીવનનો વ્યક્તિવિલાસનો પણ વિકાસ થયો છે, તેવે સમે એ તે સાડીકોટ, ચંપલખૂટ, એરીંગઅછોડા જેવી વિલાસસામગ્રીમાં ધન ખર્ચે કે કુટુંબના ધનભંડારમાં આપે ? અને સૌ ભાઇ એવું કરે એટલે એ ધનભડારે તાળાં જ વાગે ! આ સ્થિતિમાં તમે સંયુક્ત કુટુંબની સંસ્થાને પકડી રાખો, તો ય શી રીતે રહેવાની ?

એવાં ધણીધણીઆણીના કુટુંબમાં વિધવાનું સ્થાન કયાં ? ત્યારે હવે એણે પુનર્લગ્ન કરીને પોતાનું સ્થાન કરી લેવાનું રહ્યું. જુવાનીઆ વિધવાની નિરાધાર સ્થિતિ દેખી ચેત્યા છે; સંયુક્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબની પરોક્ષ વીમા કંપની તૂટી, એટલે પ્રત્યક્ષ વીમા કંપનીમાં પ્રિમિયમ ભરીને એમણે ધાર્યો માર્ગ કરી લીધો ! ધણીધણીઆણીના કુટુંબમાં વહૂઓને સંયુક્ત કુટુંબને સંસ્કારે રંગવાની જરૂર રહી નહિ, એટલે નાનપણમાં વહૂ લાવવાની પણ જરૂર રહી નહિ. આમ બાળલગ્નનો નિષેધ થયો અને ઘણા પિતાઓ તો, નીવડેલો બીજવર પરદેશમાં કમાતો હોય, તેને પોતાની દીકરી – વર કરતાં બહુ યે નાની હોય તો ય તેને – દેવામાં દીકરીનું સુખ માનવા લાગ્યા. વિલાસપ્રિય નિશાળોમાં ભણેલા જુવાનીઆ નાની વહૂને વધારે પસંદ કરે છે અને તેમનાં શરીર રોળી નાખે છે, એ વાત પણ હવે છાની નથી.

ધણીધણીઆણીનું કુટુંબ અજાણ્યા લોકમાં એકલું રહેતું હોય, તો કાંઇક નિરાધાર થઈ જાય છે. પુરુષ કુટુંબલાજ ને લોકલાજ વિનાનો થઇ જાય ; પણ તે ઉન્નત ભાવનાવાળો હોય તો આત્માની લાજે ખોટું કરતાં ડરે, અવનત ભાવનાવાળો હોય તો ભ્રષ્ટ થઈ વગર મોતે મરે. સ્ત્રીને સંયુકત કુટુંબમાં જે રક્ષણ મળતું, એ રક્ષણ હવે ગયું. એથી એ અનેક ભયમાં આવી પડે ; પણ ઉન્નત ભાવનાવાળી હોય તો આત્મરક્ષણ કરવાની શક્તિ કેળવે, અવનત ભાવનાવાળી હોય તો ભ્રષ્ટ થઇ ભૂંડે મોતે મરે.

વસ્તુસ્થિતિ આ પ્રકારે છે. સંયુકત કુટુંબ સંસ્થા સારી કે નઠારી, એનો ઉત્તર આપવા માટે જાણવું જોઇએ કે એમાં વસનાર માણસ કેવાં છે. ઉન્નત અને ઉદાર ધર્મભાવનાવાળાં માણસોને માટે એ અમૃત જેવી છે અને એ સંસ્થાએ જગત ઉપર અનેક ઉપકાર કર્યા છે, એ આપણે આગળ જોયું છે. પણ અવનત અને સ્વાર્થી ભાવનાવાળાં માણસો માટે એ ઝેર જેવી છે. અને એણે આપણું મનુષ્યત્વ પણ આજે મારી નાખ્યું છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પણ આપણે પછી જોયું; એટલે જ્યાં સુધી આપણી ભાવનાઓ ઉન્નત થાય નહિ ત્યાં સુધી તો એનાથી દૂર રહેવું અને ધણી-ધણીઆણીના કુટુંબમાં જે કંઈ લાભ રહેલા છે તે જ ઉઠાવી લેવા એ જ ઇષ્ટ છે. ઉન્નત ભાવનાવાળાને હજી યે સંયુક્ત કુટુંબ અમૃત છે.

પણ સંયુક્ત કુટુંબમાં સ્ત્રીની અવસ્થા સારી ન હતી, તો વિભક્ત કુટુંબમાં સારી જ છે એમ માની લેવાનું કશું ય કારણ નથી. ત્યાં સ્ત્રીપુરુષ સ્વતંત્ર બને છે, પણ પુરુષ મૂળથી જ સ્વતંત્ર, એટલે ત્યાં પણ એ વધારે સ્વતંત્ર છે. કુટુંબનો અંકુશ ન હોવાથી પુરુષ કામલોલુપ હોય તો નિરંકુશ બની સ્ત્રીને ચૂસ્યે જાય છે. તેને સ્ત્રી ગમતી ન હોય તો નિરંકુશ બનીને બહાર રખડે છે ને ઘેર સ્ત્રીને સતાવે છે. આમ સ્ત્રી તો બંને પ્રકારની કુટુંબ-સંસ્થામાં પરાધીન જ છે.

અને પિતૃકુટુંબની એ બંને પ્રકારની સંસ્થામાં સ્ત્રીનો આર્થિક અધિકાર તો ધીરે ધીરે નાશ પામતો જ આવ્યો છે અને આજે તો એ છેક જ પરાધીન બની ગઇ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૦

સ્ત્રીની આર્થિક પરાધીનતા

પુરુષની કામવાસનાને પરિણામે સ્ત્રીની કેવી અધોગતિ થઈ છે તે ચોથા અધ્યાયમાં જણાવ્યું છે. સ્ત્રીપુરુષના લગ્નવયમાં તફાવત રાખ્યાથી એ પરિણામ આણવામાં પુરુષ કેમ ફાવ્યો છે એટલું જ નહિ, પણ તેની બુદ્ધિશક્તિને હીણી કરી મૂકવામાં અને એકંદરે તેને ગુલામડી કરી નાંખવામાં પણ કેમ ફાવ્યો છે એ હવે પછી બતાવીશું. સ્ત્રીપુરુષના લગ્નવયમાં તફાવત રાખવાનાં કેવાં ભયંકર પરિણામ આવ્યાં છે એ આજે આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. એથી સ્ત્રીની ત્રિવિધ અધોગતિ થઈ છે, ત્રિવિધ શક્તિ હણાઈ ગઈ છે: બૌદ્ધિક, માનસિક અને શારીરિક. પુરુષ ૨૫ વર્ષનો થતા સુધી અને સ્ત્રી ૧૬ વર્ષની થતા સુધી ગુરુકુળમાં અભ્યાસ કરે, એટલે પુરુષના કરતાં સ્ત્રીને અભ્યાસ કરવા માટે ૯ વર્ષ ઓછાં મળે. આથી એનો બૌદ્ધિક વિકાસ પુરુષના જેટલો ન થઈ શકે, એ દેખીતું છે. આમ સ્ત્રીની બૌદ્ધિક અધોગતિ થઈ છે. ૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષનો પુરુષ ૧૬ વર્ષની સ્ત્રી કરતાં શરીરે તો વધારે બળવાન હોય જ, તેમાં વળી વધારે બૌદ્ધિક વિકાસવાળો, એટલે બુદ્ધિએ પણ વધારે બળવાન હોય. અને બળવાનની છાયા નિર્બળ ઉપર પડે, નિર્બળ બળવાનની ગુલામગીરી સેવે, એ સ્પષ્ટ છે. એ સિદ્ધાન્તે સ્ત્રી પુરુષની ગુલામડી થઈ પડે એ પણ સ્પષ્ટ છે. અને આજે પ્રત્યક્ષ જોઇએ છીએ કે સ્ત્રી પુરુષની ગુલામડી થઈ છે. આમ તેની માનસિક અધોગતિ પણ થઈ પડી છે.

'સંયુક્ત કુટુંબની સંસ્થા' વિષેના અધ્યાયમાં લગ્નસંસ્થા કેવી રીતે અને કયા સ્વરૂપમાં ક્રમિક રીતે અસ્તિત્વમાં આવી તે આપણે જોયું. હવે, પિતૃગૃહમાં સ્ત્રી અને પુરુષ બંને સમાન ભાવે મિલકતનાં માલિક થયાં, એ બંને સમાન ભાવે दम्पती થયાં, પતિ અને પત્ની સરખા અધિકારી. વ્યાકરણમાં पतिનો નારી-જાતિનો શબ્દ पत्नी છે, તેથી કંઈ પત્ની પતિથી કોઈ રીતે નાની કે ઊતરતી નથી; વ્યાકરણમાં તો ઘણી વાર નારીજાતિના શબ્દની વસ્તુ નર જાતિના શબ્દની વસ્તુ કરતાં મોટી પણ હોય છે: નર-જાતિના वाडा કરતાં નારીજાતિની वाडी મોટી ને કીમતી છે, એ એક ઉદાહરણ.

આર્યો પોતાની પિતૃગૃહની પ્રથા લેઇને આર્યાવર્તમાં આવ્યા, ત્યારે પણ મિલકત ઉપર પતિપત્નીનો સમાન અધિકાર માનતા. વેદમાં એનાં અનેક પ્રમાણ છે. કન્યા પરણીને સાસરે જાય એટલે પતિ સાથે તે એકરૂપ થાય, પિતાનું ગોત્ર છોડી પતિનું ગોત્ર સ્વીકારે, અને પોતાના પતિ સાથે દરેક રીતે સહભાગિની થાય. અનેક શાસ્ત્રકારોએ આ વાત સ્વીકારી છે. જૈમિનિ કહે છે કે **दम्पत्यो : सहाधिकारात्** (એકઠા અધિકારને કારણે દમ્પતી). दत्त કહે છે કે **दम्पत्योर्मध्यगं धनम्** (દમ્પતીનું મઝિયારું ધન).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વે સ્ત્રી એકલીનો સર્વ મિલકત ઉપર અધિકાર હતો, તે પિતૃગૃહ બંધાતાં તેનો અધિકાર આમ દબાયો, તેમાં પુરુષનો પણ સરખો અધિકાર થયો. પણ છતાં યે પુરુષના જેટલો તો રહ્યો જ. કાળે કરીને યાજ્ઞવલ્ક્ય, વિજ્ઞાનેશ્વર, જિમૂતવાહન વગેરે અનેક પંડિતોએ આ વિષય ઉપર અનેક વિવેચન કર્યાં, અનેક મત આપ્યા. કોઇએ સ્ત્રીના સમાન અધિકાર સ્વીકાર્યા, કોઇએ તેના ઉપર બંધન નાખ્યાં, કોઈએ કંઇ કંઇ શરતો મૂકી, કોઇએ એ અધિકાર ઉપર કાપ પણ મૂક્યા. પુરુષ અનેકપત્ની લગ્ન કરતાં શીખ્યો ત્યારથી તો સ્ત્રીની સ્થિતિ છેક કથળી. પછી તો બળવાન પુરુષ ધીરે ધીરે તેરમા સૈકાથી સ્ત્રીના અધિકાર દબાવતો જ ચાલ્યો અને કાળે કરીને છેક નષ્ટ કર્યા. અંગ્રેજી રાજ્ય સ્થપાયું, ત્યારે આવા પંડિતોની ઊલટી સલાહથી અંગ્રેજ ન્યાયાધીશોએ હિંદુ ધર્મશાસ્ત્રોના ઊંધા અર્થ કરી સ્ત્રીઓના મિલકત અને તેથી વારસા ઉપરના પણ હક છેક નાબૂદ કર્યા, તેને આર્થિક દષ્ટિએ પુરુષને આધીન કરી દીધી!

આમ જે સ્ત્રી એક વાર ઘરની રાણી હતી, તે આર્થિક પરાધીનતાને લીધે સૌની દાસી થઈ પડી છે. લક્ષાધિપતિની સ્ત્રી સધવા હોય ત્યારે રંગમહેલમાં વિલાસ માણે, વિધવા થતે રસ્તાની ભિખારણ થઈ પડે! વિધવાને પતિના ધનનો વારસો મળે નહિ. તેને સુપુત્ર હોય તો સુખે રોટલો ખવરાવે, કુપુત્ર હોય તો તેનો જીવ કાઢી નાખે. વિધવા અપુત્ર હોય તો તેના પતિનો વારસો ખાનાર તેની પરવા પણ ન કરે. એ લોકની ચાકરી કરે, દિવસ-રાત તેમનું ગદ્ધાવૈતરું કરે તો તેને સુકોપાકો રોટલો નીરે, નહિ તો ઘરમાંથી યે હાંકી મૂકે. દેશની અઢી કરોડ વિધવામાંથી કેટલી સુખે રોટલો ખાઈ શકતી હશે? અનેક બિચારીનાં તો સ્ત્રીધન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સાસરિયાં ને પિતરાઈઓ ચાવી ખાય છે. આવી અનેક નિરાધાર વિધવાઓને પેટ ભરવા માટે જ કામલોલુપ પુરુષોની પાપવાસના પૂરી કરવાની ફરજ પડે છે અને એમ પતિત થએલી અનેક વિધવાઓને અંતે વેશ્યાવૃત્તિ સ્વીકારી પેટ ભરવું પડે છે!

અને આર્થિક દૃષ્ટિએ સધવાની દશા પણ બહુ સારી નથી, એ પણ બિચારી પુરુષની દાસી છે. સંસારના સર્વ વ્યવહાર આજે ધનથી ચાલે છે, ધનથી મપાય છે; તેવે સમયે ઘરની મિલકત ઉપરના પત્નીના સૌ અધિકાર નષ્ટ કરીને પતિએ તેને ગુલામગીરીની નાથે નાથી લીધી છે, પોતે તેનો નાથ થઈ બેઠો છે! ધનવાન પતિની પત્નીને એ પૈસાની બંગડી ખરીદવી હોય, તો ય પતિ પાસે હાથ ધરવો પડે. ઉપરઉપરથી રાજરાણી દેખાતી શેઠાણીને ભર્યાભાદર્યા ઘરમાં પણ પળે પળે આવી દીનતા ભોગવવી પડે છે. પરિણામ ઘણે પ્રસંગે તો એ આવે છે કે સ્ત્રીઓ નિરુપાયે કોઈને કોઈ રીતે પાઈ પૈસો ચોરીચોરીને એકઠો કરે છે. એમ કરીને પોતે છાનો ધનસંગ્રહ કરે છે અને કંઈક આર્થિક સ્વાધીનતા ભોગવવા પ્રયત્ન કરે છે. તમે જોશો કે અનેક સારે ઘેર પણ સ્ત્રીઓ આમ ચોરીને ગુપ્ત ધનસંગ્રહ કરે છે. એ ધનસંગ્રહ ગુપ્ત હોવાથી તેનો ઉપયોગ પણ સ્ત્રી ગુપ્ત રીતે કરે છે. અનેક ખોટે માર્ગે વાપરે છે, અનેક દુરાચારી મહારાજોને ને સાધુઓને પોષે છે, અનેકના એ સંગ્રહ જેને ત્યાં રાખ્યા હોય તે ખાઈ જાય છે, અને આમ એ ધન એળે જાય છે. થોડીક જ સ્ત્રીઓનો એવો ગુપ્ત સંગ્રહ સારે માર્ગે વપરાતો હશે.

વારસામાંથી સ્ત્રીને બાતલ કરવાની હિંદુઓની ભૂંડી પ્રથામાંથી કેટકેટલાં ભ્રષ્ટ પરિણામ આવ્યાં છે એ વિચારવું આ ટૂંકા અધ્યાયમાં બને એમ નથી. પણ સાચી વાત તો એ છે કે પ્રથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે માથે કલંકરૂપ છે. પતિપત્નીને સાચી રીતે દંપતી માનીએ તો મિલકત ઉપર તે બંનેનો સરખો અધિકાર હોવો જોઇએ. પતિપત્ની એક જ રૂપ છે અને તેટલા માટે પતિ જીવતાં તેના સરખા જ અધિકાર પત્નીના હોવા જોઇએ, પતિ મરતાં તેનું જ સ્થાન તેની વિધવાને મળવું જોઇએ. પિતા પોતાના જીવનમાં જેમ પુત્રો સાથે મિલકત વહેંચતાં સરખે ભાગે પોતે ભાગ લે છે, તેમ જ પિતા મરતે પણ વિધવા માતાને તેના પતિનો ભાગ મળવો ઘટે. અપુત્ર વિધવાને મિલકતનો પૂરો વારસો મળવો ઘટે.

કેટલાક એવી દલીલ કરે છે કે એમ જો વિધવાને વારસો આપશો, તો કુટુંબીની પરવા કર્યા વિના મિલકત ઉડાવી દેશે, કુમાર્ગે વેડફી દેશે. આ દલીલ છેક જ પોકળ છે. એમ તો ઘણા ય પુત્રો ધનવાન પિતાના વારસાની મિલકત ઉડાવી દે છે, કુમાર્ગે વેડફી દે છે, તેનું કેમ કોઈ નામ દેતું નથી? આજે ઘણાં ય કુટુંબમાં વિધવાની કોણ પરવા કરે છે? તેનું પોતાનું જ ધન તેના પતિના મરણ પછી ઘણાં કુટુંબો ઓહિયાં કરી જાય છે, તેને રસ્તાની ભિખારણ કરી મૂકે છે, તેમને કેમ કોઈ પૂછતું નથી? ધન સાચવવાની જવાબદારીની કેળવણી તેમને જેમ જેમ મળતી જાય, તેમ તેમ તે ધન સાચવતાં અને સુમાર્ગે વાપરતાં જરૂર શીખે.

કુંવારી દીકરીઓને પણ દીકરાઓને સરખે ભાગે મિલકતમાંથી વારસો મળવો ઘટે. આજે તો કુમારિકા રહીને સમાજસેવા કરવા ઈચ્છતી હોય, તોપણ ઘણી કન્યાઓને ઉદરપોષણની ચિન્તાથી જ પરણવું પડે છે. એ ચિન્તા ટાળી તેને સમાજસેવા કરવાની સવડ માટે પણ વારસો આપવો ઘટે. બેશક, પરણ્યા પછી તેની મિલકત તેના ભાઇઓ લે.

પરણ્યા પછી તેને પિતાના વારસાની મિલકત સાસરે લેઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવી ઘટતી નથી, કારણકે ત્યાં એ પતિની સહભાગિની – પતિના જેટલા જ અધિકારવાળી — થવી ઘટે છે. ચાલવામાં આગળનો પગ મંડાયો, એટલે પાછળનો ઉપાડી લેવો ઘટે.

જો સાચી રીતે સ્ત્રીનો મિલકત ઉપરનો અધિકાર પુરુષ જેટલો જ થાય, સાચી રીતે તે પતિની સહભાગિની થાય, તો જેમ પુરુષને પોતાની આગવી મિલકત હોતી નથી, તેમ સ્ત્રીને પણ પોતાની આગવી મિલકતની — સ્ત્રીધનની — જરૂર રહેતી નથી. બેશક અમુક વિપત્તિના પ્રસંગ માટે અપવાદરૂપ સ્ત્રીધન રાખી શકાય. પણ આ બધી વાતો નિષ્પક્ષપાત કાયદાના હાથમાં હોય.

સ્ત્રીની આર્થિક પરાધીનતા ટાળવી હોય, તો આજના વારસાના કાયદામાં મોટો ફેરફાર કરવો ઘટે. વડોદરા સરકારે એ કામ આરંભ્યું છે, એટલા માટે તેની પ્રજાએ તેનો આભાર માનવો ઘટે. પણ સાચો આભાર તો ત્યારે જ મનાય, કે એ પ્રકારનો કાયદો કરે. અને આવા કાયદા વિના પુરુષે લગ્નને નામે સ્ત્રી ઉપર પ્રપંચ કરીને નાખેલી આર્થિક પરાધીનતાની બેડી તૂટવાની નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૧

નારીની નરી પરાધીનતા

મનુ એક બાજુથી કહે કે જ્યાં નારી પૂજાય છે ત્યાં દેવતા રમે છે, પણ બીજી બાજુથી એની પૂજામાં એને ઘરેણાં-ગાંઠાં ને લૂગડાંલત્તાંથી રાજી રાખવાનું કહે છે; બાકી न स्त्री स्वातंत्र्यमर्हति – તેને સ્વતંત્રતા ઘટતી નથી. એટલે તેને કબજે રાખવાની સૂચના કરે છે. પરિણામે આજે ઘેર ઘેર દેવતા સળગી રહ્યો છે! ચીના લોક કાગળનાં રમકડાં બનાવે છે, તે આમ વાળીએ તો પંખો થાય, તેમ વાળીએ તો ટોપી થાય! હિંદીમાં કહેવત છે કે देखा मैंने ऐसा नर, पीर बवरची भिस्ती खर। ઘડીમાં પીર બની શ્રાદ્ધ સરાવવા બેસી જાય, ઘડીમાં રાંધવા બેસી જાય, ઘડીમાં પાણીની કાવડ ખભે ટંગાવી ભિસ્તી બની જાય, ઘડીમાં ગધેડાની ગુણ જેવો દાળ ચોખાનો ખડિયો ખભે ટંગાવી ગધેડા જેવો બની જાય. એવો પુરુષ કોણ? બ્રાહ્મણ. સંસ્કૃત કવિને પણ જાણે આવો જ ખ્યાલ આવ્યો હોય તેમ લખે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कार्येषु मंत्री, करणेषु दासी, भोज्येषु माता, शयनेषु रंभा । मनोनुकूला क्षमया धरित्री, गुणैश्च दारा कुलमुद्धरन्ति ॥ આમ જુદા જુદા પ્રયોગો જેના ઉપર થાય તે દારા કુળનો ઉદ્ધાર કરે! હા સ્તો, ને વિધવાને પુણ્યે સ્વર્ગે ચડાય!

'જર જમીન ને જોરુ એ ત્રણ કજિયાનાં છોરુ' પૈસાની ને જમીનની માલિકી માટે કજિયા થાય, તેમજ જોરુ — સ્ત્રીને માટે પણ કજિયા થાય. એ રીતે જમીન એ પુરુષની સ્થાવર મિલકત છે, જરની પેઠે જોરુ પણ જંગમ મિલકત મનાઇ છે! પછી તો એને એ હરી લાવે, વિવાહ કરી લાવે – તેના પિતાને ત્યાં જઈ પરણી લાવે, તેને માટે યુદ્ધ મચાવે. તેને પોતાના દેવા પેટે વેચી શકે – સત્યુગમાં ય એમ **સત્યવાદી** રાજા હરિશ્ચન્દ્રે રાણી તારામતીને વેચી હતી! તેને જુગારમાં પણ મૂકી શકે – દ્વાપરયુગમાં ય **ધર્મરાજા** યુધિષ્ઠિરે રાણી દ્રૌપદીને જુગારમાં મૂકી હતી! અનેક વનવાસી જાતિઓ આજે પણ પિતાના મૃત્યુ પછી પોતાની જનેતા સિવાયની સૌ માતાઓને વારસામાં પામી પરણે છે! સ્ત્રી એ આમ પુરુષની મતા છે!

શેઠ પૈસાખત કરીને ચાકર આણે, પુરુષ લગ્નખત કરીને સ્ત્રીને આણે. શેઠ પોતાને ગોઠે તો ચાકરને મારે, પુરુષ પોતાને ગોઠે તો સ્ત્રીને મારે. ત્યારે શું ચાકરની ને સ્ત્રીની કિંમત સરખી? ના, સ્ત્રીની કિંમત ચાકરની કરતાં યે ઓછી. ચાકરને ના ગોઠે તો 'લે તારી ઘોડી ને ચાકરી છોડી' કહી છેડો ખંખેરી ચાલતો થાય; સ્ત્રીથી કંઈ એમ છેડો ખંખેરી ચાલ્યું જવાય? પુરુષ સરકારદરબારમાં જઇને સ્ત્રીને જતી અટકાવે, ગએલીને પાછી આણે. સુધરેલામાં ખપાવતા ગાયકવાડી રાજ્યમાં તો એમ ચાલી ગએલી સ્ત્રીને પોલીસ પકડી લાવી પુરુષને સોંપે! ढोल गँवार पशु

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अरु नारी, ये सब ताडनके अधिकारी ॥ એમ કહીને ભક્તરાજ તુલસીદાસજી ઢોલ, ગમાર અને પશુની હારમાં સ્ત્રીને બેસાડીને માર ખાવાની અધિકારિણી ઠરાવે છે!

પુરુષ ઘરમાં ખાસડાના તળિયાના જેટલી એની ખાવાપીવામાં કિંમત આંકે છે, બહાર આબરૂને દિપાવવા તેને લૂગડેલત્તે રૂપાળી કરીને ફેરવે છે. સારા સારા કેળવાએલા અધિકારીઓ પણ રેલવેમાં પહેલા કે બીજા વર્ગમાં બેસે છે, સ્ત્રીઓને ત્રીજા વર્ગમાં બેસાડે છે. દીકરાની કેળવણી પાછળ સૌ પોતપોતાના ગજા પ્રમાણે પૈસા ખરચે છે; દીકરીની કેળવણી પાછળ ગજા કરતાં બહુ જ ઓછું ખરચે છે, નથી પણ ખરચતા. 'દીકરી ને વળી ગાય, દોરે ત્યાં જાય.' માલેક દૂઝણી ગાયને સારું ખવરાવે અને તેને દોહી લે. ઊચી જાય તો ઠીકઠીક નીરે, ઘરડી થાય એટલે પાંજરાપોળમાં કે કસાઈવાડે મોકલે. પુરુષમાલેક પોતાની સ્ત્રીનો ઉપયોગ કામવાસનામાં કે ઘરકામમાં કે બીજી રીતે થઈ શકે એમ હોય, ત્યાં સુધી તેને લૂગડેલત્તે ને દરદાગીને ઠઠારે કે બીજી રીતે સંભાળે; એ ઉપયોગમાંથી એ નીકળી જાય એટલે એની અવગણના કરે. બેશક, એવે પ્રસંગે એને માટે પાંજરા-પોળ કે કસાઈવાડા નથી બનાવ્યા, એને માટે પુરુષ કૃપાભિમાન લેઈ શકે; પણ અત્યારની અવગણના કરતાં તો એવી સંસ્થાઓ બનાવી હોત તો બહુ કૃપા થાત, એમ અનેક સ્ત્રીઓ હૃદયમાં કકળાટ કરી કહી રહી છે!

સંતતિ પ્રાપ્ત કરવી એટલા માટે લગ્ન. એ માટે આપણાં શાસ્ત્રોમાં પુંસવનસંસ્કારનું વિધાન છે, પણ પુંસ્ એટલે પુરુષ. આમ સંતતિમાં ય પુત્રની ઇચ્છા અંદર પેટે રહી છે. પુત્ નામના નરકમાંથી તારે એટલા માટે પિતાને પુત્રની ઇચ્છા રહે છે. પણ એ નરકમાં પડે કોણ? परदाराभिगमनादि षोडशभिः 'एतैस्तु पापैः पुरुषः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुन्नामनरके पचेत्'। પુરુષ વ્યભિચારાદિ ૧૬ પાપને લીધે **पुत्** નામે નરકમાં પડે છે. માટે એ નરકમાંથી નીકળવાને એ પાપી પિતા પુત્રને વાંચ્છે છે! પાણિનિએ પોતાના વ્યાકરણમાં **पितरौ** શબ્દમાં પિતાની અંદર જ **माता**નો સમાવેશ કરી નાખ્યો છે. લગ્નવિધિના મંત્રોમાં પુરુષ અચળ **ध्रुव** છે, સ્ત્રી એની ચારે બાજુ ફરતી **अरुन्धती** છે. તાત્પર્ય કે સ્ત્રીની પરાધીનતા બહુ પ્રાચીન કાળથી શરૂ થઈ ગઈ છે.

સ્ત્રી અમુક પુરુષની મતા છે અથવા થવાની છે, એમ જગત જાણે એટલા માટે તેણે માથે વાળ રાખવા જોઈએ, કપાળે ચાંલ્લો[1] કરવો જોઈએ, હાથે ચૂડીબંગડી[2] પહેરવી જોઈએ. એ મતાનો માલેક મરી જાય તો તેથી વિધવા થએલી સ્ત્રીએ એમાંનું કશું નહિ કરવું જોઈએ. પુરુષને એવા કશા વિધિ નહિ! સ્ત્રી કોઈની મતા થવાની હોય તો તેના નામ આગળ કુ(મારિકા), કોઈની મતા થઈ ગઈ હોય તો સૌ(ભાગ્યવતી) અને એ મતાનો માલેક મરી ગયો હોય તો ગં(ગારવરૂપ) લખવું જોઈએ. પુરુષના નામ આગળ એવું કશું ય લખવાનું ના હોય, અનેક સ્ત્રીઓના પરણનારને પણ નં(દીસવરૂપ) લખવાનું ના હોય! કોઈકની મતા થવાની હોય એવી તે **कन्या** કહેવાય, કારણકે તે પ્રીતિ (**कन्** પ્રીતિ ઉપજાવવી) ઉપજાવે છે. **ललना**, **कामा**, એવાં એવાં અનેક કામસૂચક અને વળી **दारा** જેવાં અશ્લીલ નામ સ્ત્રીનાં કેટલાં ય

૧ પુરુષને પ્રસન્ન રાખવા, તેને આકર્ષવા સૌ દેશની સૌ જાતિઓમાં સ્ત્રીઓનાં શરીર રંગવાનો રિવાજ છે.

૨ એનું ગ્રામ્ય નામ શેંખલાં પણ છે, તે સં. **शृंखला** (અં. shackles, ગુ. સાંકળ) શબ્દ ઉપરથી નીકળ્યો છે અને ગુલામગીરીની નિશાની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ હેતુએ પુરુષનું કોઇ નામ નથી. સ્ત્રીને શુદ્ધ રાખવા સતી વિશેષણ યોજ્યું છે, પુરુષને એવા વિશેષણની જરૂર નથી!

લોકવાયકા સાંભળીને **વિષ્ણુના અવતાર** ગણાતા રાજા રામચંદ્રે અગ્નિપરીક્ષામાંથી પાર નીકળેલી સતી રાણી સીતાને વનવાસ આપ્યો. પુરુષપંડિતો કહે છે કે એમ કરીને રામચંદ્રે પ્રજાધર્મ સાચવ્યો. ત્યારે એમને પત્નીધર્મ અને સૌથી મહત્ત્વનો સત્યધર્મ સાચવવો કેમ નહિ સૂઝ્યો? એ તો મિથ્યા લોકવાયકા હતી, પણ પુરુષને માટે સાચી હોય તો ય કોણ પરવા કરે છે?

પુરુષને લગ્ન કરવું મરજિયાત, સ્ત્રીને ફરજિયાત. વિધુર થતાં કે થયા પહેલાં પુરુષ અનેક સ્ત્રી પરણી શકે એ વેદકાળથી ચાલ્યું આવે છે, પરણીને તરત જ વિધવા થતાં પણ તેણે પૂર્વે સતી થઇ જીવતાં બળી મરવું પડતું, આજે પરાણે વૈધવ્ય પાળવું પડે છે! પુરુષને તેમાંનું કંઇ નહિ! પુરુષ સ્ત્રીને પોતાની કામલોલુપતા માટે શણગારીને પોતાની રસપૂતળી કરી નચાવે છે, કોઇક કામપુરુષ દેખી જાય ને ઉપાડી જાય, એ ભયે તેને ઘરમાં ઘાલી તેના ઉપર પડદો નાખી લાજ કઢાવે છે. કામપુરુષને પાપે સ્ત્રીએ પડદો પાળવો પાડે, તેવા પાપી નિરકુંશ ને છૂટા! કોઇકની સ્ત્રી ભૂલેચૂકે કામદષ્ટિએ દેખી જવાય એટલા માટે પુરુષે કેમ પડદો ન ઓઢવો? પુરુષ સ્ત્રીના આચાર માટે વહેમ ખાય, તેને મારે પીટે ને કનડે. પુરુષના આચાર માટે સ્ત્રીને વહેમ ખાવાનો અધિકાર નહિ. મારવાપીટવા ને કનડવાની વાત તો નેવનાં પાણી મોભે ચઢ્યાં ગણાય! આ સૌનું કારણ એ જ માત્ર કે સ્ત્રીરૂપ મતાનો માલેક જ પુરુષ છે. અને એટલે જ કારણે સ્ત્રીના વ્યભિચાર માટે તેનો માલેક રાજદરબારે ચડી શકે, બીજો કોઇ નહિ. સ્ત્રી કંઇ પુરુષની માલેક નથી, એટલે પુરુષના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યભિચાર વિરુદ્ધ તેનાથી ચૂં કે ચાં થાય નહિ, પુરુષ રાજકર્તાઓના સ્ત્રીને ગુલામીમાં રાખવાના આજના સુધરેલા કાળમાં પણ આ કાયદા જીવે છે! નારીની નરી પરાધીનતા!

પુરુષની સ્ત્રી ઉપરની ગુલામગીરીને આઘાતે તેના પોતાના ઉપર પણ પ્રત્યાઘાત થયો છે. અંગ્રેજ હિંદીને ગુલામીમાં રાખવા જતાં તે પોતે પણ તેનો ગુલામ બની ગયો છે. હિંદી વગર અંગ્રેજ પાંગળો છે. આમ ગુલામ રાખનારને પોતાને પણ ગુલામના ગુલામ બની રહેવું પડે છે – જો કે બહારથી તે શેઠ દેખાય છે ખરો. અને એ રીતે આઘાત અને પ્રત્યાઘાત સામસામા છે, એ નિયમ સિદ્ધ થાય છે. પુરુષે લગ્નને નામે પ્રપંચ કરીને પોતાની કામલોલુપતાને હેતુએ સ્ત્રીને ગુલામ બનાવી, પરિણામે એ જ કામલોલુપતાને હેતુએ પુરુષ સ્ત્રીનો પણ ગુલામ થઇ પડ્યો! દેખાય તો એ સ્ત્રીનો માલેક, પણ જેમ એની કામલોલુપતા વધારે, તેમ તેની ગુલામી સખ્ત. પુરુષ કાંડાબળથી સ્ત્રીને વશ રાખે છે; સ્ત્રી પોતાના કૃત્રિમ સાન્દર્યથી, લાલિત્યથી, વિલાસસામગ્રીથી પુરુષ ઉપર વશીકરણના ઉપાય યોજે છે. પરસ્પરની ગુલામગીરીથી જગત ભયંકર પીડા પામી રહ્યું છે.

અને આ સ્થિતિ અતિપ્રાચીન કાળથી ચાલી આવે છે. ભૌતિક ઉન્નતિને બળે પ્રાચીન હિંદુ ભૌતિક શાન્તિ પ્રાપ્ત કરી શક્યો, ને ત્યારે અનેક વિલાસસામગ્રીઓ યોજી શક્યો. કલા અને કવિતાનો પણ ઉપયોગ એ અર્થે થવા લાગ્યો અને વિલાસપ્રિયા સ્ત્રી પ્રત્યે પણ કલા ને કવિતા યોજાઈ. તાત્પર્ય કે પૂર્વકાળથી પુરુષ સ્ત્રીને પોતાની પ્રેયસી માનતો આવ્યો છે, શ્રેયસી ભાગ્યે જ. તમે ગાર્ગી, સરસ્વતી કે મૈત્રેયીનાં નામથી મિથ્યા રાચીને એમ ન માની લેતા કે તે જુગમાં નારીસમાજની ઉન્નતિ હતી. તે જુગમાં નારીજનની શી અવદશા હતી, તે આગળ જણાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ તો સ્ત્રીપરાધીનતાના આ અંધારા જુગમાં પણ સરોજિની દેવીનું નામ ઇતિહાસમાં નોંધાવી બે હજાર વર્ષ પછી એમ મનાવી શકાય, કે વિક્રમની વીસમી સદીમાં ભારતવર્ષનો નારીસમાજ બહુ ઉન્નત હતો! પણ આજે આપણા નારીસમાજની અને તેથી એકંદર માનવસમાજની કેવી ભયંકર અવદશા છે, એ આપણે નથી જાણતા?

આ અવદશામાંથી છૂટવાનો એકમાત્ર ઉપાય એ જ છે, કે સ્ત્રીસમાજ ઉપર આપણે ઠોકેલી બેડીઓ એકેવારે તડાતડ તોડવી જોઇશે, તેને સાચી સ્વતંત્રતા આપવી જોઇશે. દેશમાં આન્તર્વિગ્રહ જાગવાનો સંભવ દેખાય, ત્યારે બહારના દેશ સાથે વિગ્રહ જગાવીને કે બીજી રીતે પ્રજાનાં મન બીજે માર્ગે ચડાવી દેવાં, એ રાજપુરુષોની નીતિ છે. પણ એ સાચી રાજનીતિ નથી. આજ નારીજાતિની પરાધીનતા દૂર કરવા, તેને સ્વતંત્રતા આપવા તેને કાઉન્સિલોમાં કે કચેરીઓમાં જવા દેવાની વાતો કરવી એ સાચી સ્વતંત્રતા નથી. એ તો સ્ત્રીને આડે માર્ગે વાળી મન મનાવી લેવાની વાતો છે. તેનું સાચું કલ્યાણ તો એ છે કે આપણી કામલોલુપતાને પોષવા તેના ઉપર આપણે ગુલામગીરીની જે બેડી ઠોકી છે, તે તોડવી જોઇશે; કારણકે એ ગુલામગીરી બીજી બધી ગુલામગીરી કરતાં વધારે ભયંકર છે. આપણે એના વિષયસ્વામી થઇ બેઠા છીએ, આપણે આપણો એ સ્વામીત્વનો અધિકાર ઉઠાવી લેવો જોઈશે. આપણે એને વિષયસામગ્રી નહિ માનવી જોઇએ, તેનું જીવન આપણે નહિ રોળી નાખવું જોઇએ. તેના શરીરનો ને જીવનનો આપણે નાશ કરી નાખ્યો છે. દારૂ, અફીણ, તમાકુ વગેરે ઉત્તેજક પદાર્થો અને કામોત્તેજક ઔષધો સેવીને આપણે નારીનાશને માર્ગે ધસ્યા જઇએ છીએ. સ્ત્રી શીલવતી રહે એ ઇર્ષ્યાએ તેને એ પદાર્થો ને ઔષધો નથી લેવા દેતા, એ એનું હજી યે અહોભાગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે! પણ છતાં યે તેનાં શરીરનો ને જીવનનો આપણે નાશ કરી નાખ્યો છે. તેને હિસ્ટિરિયા લાગુ કરી દીધો છે, આપણી વિષયતૃપ્તિને માટે હવે તેને સંતતિનિરોધના કૃત્રિમ ઉપાય લેતી કરી મૂકી છે. તેના શરીરની ને જીવનની યોજના આપણા વિલાસ અને બીજા ઉપાય માટે કરીએ છીએ, તેના કે આપણા કલ્યાણ માટે નથી જ કરતા. બાકી આપણી કલ્પનાનાં સ્વર્ગમાં ય કામવિલાસ માટે આપણે તો અપ્સરાઓ સર્જી છે!

આપણે એને ખવરાવીએ છીએ, એવે હક એને આપણે વિલાસ-સામગ્રી બનાવવી નહિ જોઇએ. જેમ આપણે રળીએ છીએ, તેમ એ ઘરને વાડી જેવું બનાવે છે. છતાં ખાવાપીવામાં પણ એને નિરાધાર ન રાખવા માટે ધનનો એનો પૂરો વારસો એને આપવો ઘટે.

ત્યારે પુરુષભાઇઓ, એને આપણી સમાન કક્ષાએ આણવી ઘટે. જન્મભેદ તો છે જ, પણ તે ઉપરાંત કશા સમાજભેદ ન રાખવા જોઇએ. તે માટે આપણે વિષયલોલુપતાને ભયંકર પાપ-માર્ગેથી પાછા વળી બ્રહ્મચર્યને પુણ્યમાર્ગે ચડવું ઘટે. આપણે વિલાસને અર્થે નહિ, પણ સેવાને અર્થે લગ્ન કરવાં ઘટે. આ સિવાય નારીસમાજનો ને સમસ્ત માનવસમાજનો ઉદ્ધાર નથી, ના નથી જ.

આ વાતો પુરુષો ન સમજે, તો બહેનો, તમારે તો સમજવી જ જોઈ શે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૨

સ્ત્રીજાતિને અન્યાય

આપણા સમાજમાં સ્ત્રીઓને કેટલો ભારે અન્યાય થાય છે, તે વિષે છૂટકછૂટક બહુ લખાઈ ગયું છે. એમાંની ઘણી વાતોનું આજે નીચે એકીકરણ આપું છું:

પુરુષ	સ્ત્રી
૧. પુરુષ પરણે કે ન પણ પરણે.	૧. સ્ત્રીએ પરણવું જ પડે.
૨. પુરુષ ગમે ત્યારે પરણે.	૨. સ્ત્રીએ અમુક ઉમરમાં જ પરણવું પડે.
૩. પુરુષ લગ્નસમયથી સ્ત્રીનો ઉપરિ બને. લગ્નક્રિયામાં જ તે ધ્રુવના તારા સમાન મધ્યબિંદુએ સ્થપાય છે. પુરુષ પત્નીનો પ્રભુ છે.	૩. સ્ત્રીએ બાલ્યાવસ્થામાં પિતાને તાબે, સધવાવસ્થામાં પતિને તાબે, અને વિધવાવસ્થામાં પુત્રને તાબે રહેવાનું મનુસ્મૃતિ ફરમાવે છે. લગ્નક્રિયામાં ધ્રુવની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

	ચારે બાજૂ પ્રદક્ષિણા કરતા અરુન્ધતિના તારા સાથે તેની સરખામણી છે. પત્ની પતિની દાસી છે.

(અંગ્રેજલગ્નમાં પણ પુરુષ જે પ્રતિજ્ઞા લે છે, તે પ્રતિજ્ઞા ઉપરાંત સ્ત્રીએ ‘હું તમારી આજ્ઞામાં રહીશ’ એટલા શબ્દો ઉમેરવા પડે છે.)

૪. પુરુષ ગમે તેટલી જીવતી સ્ત્રીઓ કરી શકે.	૪. એક પતિ જીવતાં સ્ત્રી પરણે, તો તેને દંડ કે સાત વર્ષ સુધીની સજા થાય.
૫. તેથી તેને છૂટાછેડાની જરૂર નથી.	૫. તેથી તેને છૂટાછેડા કરવાની જરૂર પડે છે, પણ ઘણી નાતો તેમ કરવા દેતી નથી.
૬. પુરુષ વ્યભિચાર કરે તો તેને કોઈ પૂછે નહિ! એ સ્થિતિમાં ય બિચારી સ્ત્રીએ તેના લગ્નહક પૂરા કરવા જ પડે.	૬. સ્ત્રી વ્યભિચાર કરે તો પુરુષ તેને કચેરીમાં સજા કરાવી શકે, તેમજ લગ્નહકમાંથી છૂટો થઈ શકે.
૭. પુરુષના શરીર ઉપર સ્ત્રીના નામનું નામનિશાન નહિ.	૭. સ્ત્રીએ પતિના નામના ત્રણ ચ (ચૂડો, ચોટલો ને ચાંલ્લો) ધારણ કરવા પડે છે.
૮. પુરુષના નામ આગળ કુમાર, સધુર કે વિધુર કશાની ખણખોતર નહિ.	૮. સ્ત્રીના નામ આગળ કુ., અ. સૌ., કે ગં. સ્વ.નાં તિલક લગાડવામાં આવે છે.
૯. સ્ત્રી મરતાં તેનો વિધુર પતિ રાતીચોળ પાઘડી પહેરી	૯. પતિ મરતાં સ્ત્રીને સૌ શણગાર — માથાના વાળ સુદ્ધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી શકે. શોકને કારણે બીજા મૂછ ઉતારે, પતિ તો નહિ જ.	— ઉતારવા પડે.
૧૦. અને પછી તરત ફરી પરણવાની પેરવી કરે.	૧૦. વિધવાને પુનર્લગ્ન કરવાને કાયદો રજા આપે છે, સમાજ નથી આપતો.

૧૧. અનેક સ્મૃતિકારોએ દંપતીને મિલકતનાં સરખાં ભાગી ગણ્યાં છે, છતાં આજ તો,

પુરુષ બધા ધનનો માલેક છે.	સ્ત્રી માત્ર સ્ત્રીધનની તથા સૌદાયિક ધનની (સગાંસંબંધી તરફથી મળેલી બક્ષિસની) માલેક છે.
૧૨. તેમજ સ્ત્રીના સ્ત્રીધનનો પણ જરૂર પડયે તે ઉપયોગ કરી શકે.	૧૨. પણ પોતાનું સ્ત્રીધન પણ તે કોઇને આપી શકે નહિ. સૌદાયિક ધન આપી શકે.
૧૩. વળી સ્ત્રીની કમાણીનો પણ તે ઉપયોગ કરી શકે.	૧૩. પતિની પરવાનગી વિના તે પોતાની કમાણી વાપરી શકે નહિ.
૧૪. પતિ વ્યભિચારી હોય, તોપણ સ્ત્રી મરતાં તેના સ્ત્રીધનનો વારસ થાય અને કુલમાલેક થાય.	૧૪. વિભક્ત કુટુંબમાં અપુત્ર પતિ પછી વિધવા, પતિવ્રતા હોય તો, પતિના ધનની વારસ થાય; પણ કુલમાલેક ન થાય, માત્ર તેની ઊપજ જ ખાઈ શકે.
૧૫. પત્નીની ઇચ્છા હોય કે નહિ, તોપણ તે ગમે તેને દત્તક લેઈ શકે.	૧૫. પતિની ઇચ્છા વિરુદ્ધ પત્ની કોઇને ય દત્તક લેઈ શકે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૬. બાળકોનો હકદાર પાલક પિતા જ ગણાય.	૧૬. પેટનાં જણ્યાં બાળકની પણ માતા પાલક ન ગણાય.
૧૭. સ્ત્રી જુદી રહે તો બાળકોને લેઇ લેવાને પિતા અધિકારી છે.	૧૭. શોકયના સાલમાં પણ રોતીકકળતી આંખે પતિ માગે ત્યારે બાળક તેને સોંપવાં પડે.
૧૮. એટલું જ નહિ, પણ પતિ ધર્મ બદલે તો ય મૂળ ધર્મમાં રહેલી પોતાની સ્ત્રી પાસેથી બાળકોને એ ખૂંચવી શકે.	૧૮. અને વળી વિધવા ધર્મ બદલે તો મૂળ ધર્મ પાળનાર તેનાં સગાંસંબંધી પણ કચેરીએ ચડીને તેનાં બાળકને ઝૂંટવી શકે.
૧૯. મરતા પહેલાં પતિ જીવતી પત્નીએ ગમે તેને પોતાનાં બાળકનો પાલક નીમી જાય.	૧૯. મરતા પહેલાં પત્ની જીવતા પતિએ કોઇને પણ પોતાનાં બાળકનો પાલક નીમી શકે નહિ.
૨૦. પિતા મરતાં પુત્રો જ તેના ધનના વારસ ને માલેક થાય.	૨૦. પુત્રી વારસ થઈ શકે નહિ. પુત્રી કૂંવારી રહેવાની હોય તો કંઇક વારસો આપવાનો સ્મૃતિકારોના મત છે. (અંગ્રેજમાં પુત્રીને સરખો ને મુસલમાનમાં અર્ધો ભાગ મળે છે.)

આવા આવા તો અનેક અન્યાય આજે આપણો સમાજ સ્ત્રીઓ પ્રત્યે વર્તાવી રહ્યો છે. જે પ્રજા પોતાની માતાઓને, પત્નીઓને, બહેનોને ને દીકરીઓને પણ ગુલામગીરીની બેડીઓમાં જકડી રહી છે, તે પ્રજાને તે રાજાની ગુલામગીરીમાંથી કોણ છોડવી શકશે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૩

પ્રાચીન લગ્નવ્યવસ્થા

જ્યારે જ્યારે લગ્નવ્યવસ્થા કેવી હોવી જોઇએ એ વિશે મિત્રોમાં ચર્ચા થાય છે ત્યારે કેટલાક પ્રાચીન લગ્નવ્યવસ્થા ઉત્તમ હતી એવો મત દર્શાવે છે અને એથી વિરુદ્ધ મત દર્શાવનારને તે સમયની પદ્ધતિનો ઊંડો અભ્યાસ કરવાની ભલામણ કરે છે. બેશક મેં પ્રાચીન લગ્નવ્યવસ્થાનો ખૂબ ઊંડો અભ્યાસ નથી કર્યો, પણ જેટલો અભ્યાસ કર્યો છે, તેટલાથી આપણી પ્રાચીન લગ્નભાવના અને લગ્નવ્યવસ્થા વિષે મારા મન ઉપર બહુ સારી છાપ નથી પડી.

શાસ્ત્રકારોએ ગમે એટલી ઊંચી ભાવના આંકી હોય, પણ વ્યવહારમાં એ ભાવના ભાગ્યે જ પળાઇ છે. સ્મૃતિકારોએ પોતાના કાળની લગ્નવ્યવસ્થાનું ચિત્ર દોર્યું છે, અથવા તો પોતાની ભાવના પ્રકટ કરી છે. મહાભારતમાં પ્રાચીન લગ્નવ્યવસ્થાનો આખો ઇતિહાસ આવી જાય છે એમ કહીએ તો ચાલે. મનુસ્મૃતિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્ન વિષે કેટલાંક વિધાનો આપ્યાં છે. આ બંને ગ્રંથોથી પ્રાચીન કાળની લગ્નવ્યવસ્થાનું ઝાંખું ચિત્ર આંકવા આ અધ્યાયમાં ત્યારે પ્રયત્ન કરું છું.

અતિપ્રાચીન કાળમાં તો લગ્નનું નામનિશાન નહોતું. રાજા પાણ્ડુ રાણી કુન્તીને કહે છે: "હું તને ધર્મવેત્તા મહાત્મા ઋષિઓએ જોએલું પુરાતન ધર્મતત્ત્વ કહું છું. પૂર્વે સ્ત્રીઓને કોઈ જાતનું બંધન ન હતું. તેઓ સ્વતંત્ર અને ઇચ્છામાં આવે તેમ રતિસુખને માટે વિહાર કરતી હતી. કૌમાર વયથીજ તેઓ પુરુષપુરુષાન્તર વિહાર કરતી, છતાં તે અધર્મ ગણાતો નહિ. કારણકે પહેલાં તે ધર્મ ગણાતો. તે પ્રાચીન ધર્મને હજી પણ કામક્રોધથી રહિત એવાં પશુપક્ષીઓ અનુસરે છે" (આદિપર્વ અ. ૧૨૨). અને એ જ ધર્મે પરાશર મુનિએ મત્સ્યગંધાના સંગથી વ્યાસને જન્મ આપ્યો (આદિપર્વ ૬૩), શરદ્વાન મહર્ષિએ જાનપદી નામની દેવકન્યાના સંગથી કૃપાચાર્યને અને ભરદ્વાજ નામના મહર્ષિએ ઘૃતાચી નામની અપ્સરાના સંગથી દ્રોણાચાર્યને જન્મ આપ્યો (આદિપર્વ ૧૩૦). વિશ્વામિત્રે મેનકા નામની અપ્સરાથી શકુન્તલાને જન્મ આપ્યો (આદિપર્વ ૭૨), વ્યાસે ઘૃતાચી નામની અપ્સરાથી શુકદેવને જન્મ આપ્યો (શાન્તિપર્વ ૩૨૪). અને અપ્સરા એટલે પાણી જેવી ચંચળ નારી. દેવપુરુષો સાથે એ વિનાલગ્ન રહેતી અને તેમની ઇર્ષ્યાપ્રેરણાથી, દેવ થવા ઇચ્છતા માનવપુરુષોનાં તપ ભંગાવી તેમને ભ્રષ્ટ કરતી. જનસમૂહની – આખા ગણની – વિનાલગ્ન રહેતી નારી તે ગણિકા; વારની – સમૂહની – તેવી નારી તે વારાંગના.

પાણ્ડુ કહે છે: "પછી આ લોકમાં થોડા સમયથી મર્યાદા બંધાઇ છે. તે કોણે અને શા કારણથી બાંધી તે સાંભળ. ઉદ્દાલક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામના મહર્ષિને શ્વેતકેતુ નામે પુત્ર હતો. શ્વેતકેતુની માતાનો કોઈ બ્રાહ્મણે હાથ પકડી તેને કહ્યું : ‘ચાલ આપણે જઈએ.’ આથી શ્વેતકેતુને ક્રોધ થયો. ઉદ્દાલકે કહ્યું : ‘વત્સ, તું કોપ કરતો ના, કારણકે એ તો સનાતન ધર્મ છે. જેમ સંગને માટે ગાય વગેરે પશુઓ સ્વતંત્ર છે, તેમ સ્ત્રીઓ પણ સ્વતંત્ર છે.’ પણ છતાં યે શ્વેતકેતુનો ક્રોધ શમ્યો નહિ, અને તેણે મર્યાદા બાંધી. તે પણ મનુષ્યોને માટે, ઇતર પ્રાણીઓને માટે નહિ” (આદિપર્વ અ. ૧૨૨).

આમ લગ્નસંસ્થાની યોજના યોજાયા પછી પણ લગ્નમાં શિથિલતા તો રહી જ. સૂર્યે કુન્તીને કહેલું : “હે સુન્દરિ, સઘળી સ્ત્રીઓ અને પુરુષો પ્રતિબંધ વિનાનાં છે અને લોકોની એ સ્વાભાવિક સ્થિતિ છે; એ વિના બીજા વિવાહાદિક નિયમો તે વિકાર જ છે” (વનપર્વ ૩૦૭). દક્ષકન્યા સ્વાહા અગ્નિ પાસે ગઈ અને પોતે અંગિરાની સ્ત્રી શિવા છે એમ કહીને તેની સાથે ગમન કર્યું (વનપર્વ ૨૨૪). કર્ણે મદ્ર દેશની સ્ત્રીઓનું જે વર્ણન કર્યું છે, તેથી તો રોમાંચ ખડાં થાય (કર્ણપર્વ ૪૪–૪૫)!

એ શિથિલ લગ્નપ્રણાલીમાં ગૃહસ્થ પોતાની સ્ત્રીને અતિથિ પાસે મોકલી અતિથિસત્કાર કરતો. માહિષ્મતી નગરીના રાજા સુદર્શને પોતાની પત્ની ઓઘવતીને એવી રીતે અતિથિસેવા કરવાની આજ્ઞા કરી હતી. એક અતિથિ પાસે એમ ઓઘવતી ગઈ હતી, ત્યારે સુદર્શને કહ્યું : “હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! તમે સુખેથી સુરતક્રીડા કરો. મને તેથી પરમપ્રીતિ ઉત્પન્ન થાય છે; કેમકે હું ગૃહસ્થ છું અને ગૃહસ્થોનો એ મુખ્ય ધર્મ છે કે તેઓએ હરકોઈ પ્રકારે પોતાને ત્યાં આવેલા અતિથિનું પૂજન કરવું. મારું તો એ પ્રિય વ્રત છે કે મારા પ્રાણ, મારી સ્ત્રી અને મારી પાસે જે કંઈ દ્રવ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે સર્વ મારે અતિથિઓને અર્પણ કરવું" (અનુશાસનપર્વ ૨). સ્ત્રીઓ દાનમાં પણ દેઈ દેવાતી. "રાજા મિત્રસહ મહાત્મા વસિષ્ઠને પોતાની પ્રિયપત્ની મદયન્તી અર્પણ કરી દેઈને સ્વર્ગલોકમાં ગયો છે" (અનુશાસનપર્વ ૧૩૭, શાન્તિપર્વ ૨૩૪). "વૃષાદર્ભનો પુત્ર યુવનાશ્વ રાજા સર્વ પ્રકારનાં રત્નો, સ્ત્રીઓ તથા સુંદર ગૃહ દાનમાં આપી દેઇને સ્વર્ગલોકમાં ગયો છે" (શાન્તિપર્વ ૨૩૪). વૈશમ્પાયન કહે છે: "હે ભારત, ભારતનું શ્રવણ કર્યા પછી પોતાનો આત્મા, સ્ત્રીઓ તથા પુત્રો સુદ્ધાં અર્પણ કરવાં" (ભારતશ્રવણવિધિ).

સ્ત્રીઓ જુગારમાં મુકાતી, તેનાં તો દ્રૌપદીથી માંડીને અનેક ઉદાહરણ છે. અને રાજા હરિશ્ચન્દ્રે પોતાની સ્ત્રી તારામતીને વેચ્યાનું પણ ઉદાહરણ છે.

કન્યાહરણ તો છેક સામાન્ય હતાં. ભીષ્મે કાશીરાજની કન્યાઓનું હરણ કરીને વિચિત્રવીર્ય સાથે પરણાવી હતી (આદિપર્વ ૧૦૨). અર્જુને સુભદ્રાનું અને કૃષ્ણે રુક્મિણીનું હરણ કર્યું હતું. એટલું જ નહિ પણ પરણેલી સ્ત્રીનાં પણ હરણ થતાં. "હે સુન્દર કટિપ્રદેશવાળી, તું પાણ્ડવોને છોડી દે, મારી ભાર્યા થા અને સુખ ભોગવ," એમ કહીને પાણ્ડવોની ગેરહાજરીમાં દ્રૌપદીનું હરણ કરવાનો જયદ્રથે પ્રયત્ન કર્યો હતો (વનપર્વ ૨૬૭). ઉતથ્યની સ્ત્રી ભદ્રાનું હરણ વરુણે કર્યું હતું (અનુશાસનપર્વ ૧૫૪).

પુરુષે ૨૫ વર્ષ સુધી અને કન્યાએ ૧૬ વર્ષ સુધી ગુરુકુળમાં બ્રહ્મચર્યાશ્રમ પાળી તથા અભ્યાસ કરી લગ્ન કરવાનું અનેક શાસ્ત્રમાં વિધાન કર્યું છે. પણ મનુ કહે છે કે "ત્રીશ વર્ષના પુરુષે મનને ગમતી બાર વર્ષની કન્યા સાથે અથવા તો ચોવીશ વર્ષના પુરુષે આઠ વર્ષની કન્યા સાથે લગ્ન કરવું" (૯ : ૯૪).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરાશરનો अष्टवर्षा भवेद् गौरी એ તો આજના પુરાણીઓનો પ્રિયશ્લોક છે. રામચંદ્ર કોઈ ગુરુકુળમાં અભ્યાસ નહોતો કર્યો. યજ્ઞરક્ષણ માટે વિશ્વામિત્રે રાજા દશરથ પાસે રામચંદ્રને માગ્યા, ત્યારે રાજાએ કહ્યું : "કમળ સરખાં નેત્રવાળા મારા પુત્ર રામચંદ્રને હજી સોળ વર્ષ પણ પૂરાં થયાં નથી" (રામાયણ–બાલકાણ્ડ ૬૨). છતાં રામચંદ્રને વિશ્વામિત્ર સાથે મોકલવા પડ્યા. યજ્ઞમાં વિઘ્ન કરતા રાક્ષસોનો સંહાર કરી રામે તુરત જ જનકપુરીમાં જઈને સીતા સાથે લગ્ન કર્યું. બાળક અભિમન્યુ યુદ્ધે ચડ્યો તે પૂર્વે તો ઉત્તરાને પરણ્યો હતો; અને ઉત્તરાને ગર્ભ પણ રહ્યો હતો.

રામાયણ એકપત્નીવ્રતની ભાવનાને માટે પ્રખ્યાત છે. પણ આખા રામાયણમાં રામ વિના કોઈએ કે મહાભારતમાં પણ કોઈએ એકપત્નીવ્રત પાળ્યાનું ભાગ્યે જ ઉદાહરણ મળી આવશે. દશરથ રાજાને ત્રણ પત્ની હતી. અને વળી "મહાતેજસ્વી અને પૃથ્વીપતિ કુશનાભ રાજાએ પોતાના દૂતો દ્વારા બ્રહ્મદત્તને પોતાને ત્યાં તેડાવ્યો અને શુભ દિવસે શુભ મુહૂર્તમાં પ્રસન્ન ચિત્ત વડે પોતાની સો ય કન્યાઓનાં તેની સાથે લગ્ન કર્યાં" (રામાયણ–બાલકાણ્ડ ૩૩).

એટલું જ નહિ, પણ સ્ત્રીઓ પણ અનેક પતિ કરી શકતી. યુધિષ્ઠિર કહે છે : "મારી વાણી કોઈ વખત અસત્ય બોલતી નથી, તેમ મારી બુદ્ધિ અધર્મમાં પ્રવૃત્ત થતી નથી. બહુ પતિ કરવા એ કોઈ રીતે અધર્મ નથી. પુરાણમાં પણ સંભળાય છે કે ગૌતમ ગોત્રની જટિલા નામે બ્રાહ્મણી સાત ઋષિઓને પરણી હતી. વાર્ક્ષી નામે કન્યા પવિત્ર અંતઃકરણવાળા પ્રચેત નામના દશ ભાઈઓને પરણી હતી." વ્યાસે અને સૌએ એ ધર્મમત સ્વીકાર્યો અને દ્રૌપદી પાંચ પતિ સાથે પરણી (આદિપર્વ ૧૯૬).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજા ઉત્પન્ન કરવાને સધવા તેમજ વિધવા પરપુરુષ સાથે નિયોગ કરી શકતી. પુત્રલાભની ઇચ્છાએ બલિ રાજાએ પત્ની સુદેષ્ણાને દીર્ઘતમા ઋષિ પાસે મોકલેલી (આદિપર્વ ૧૦૪). પાણ્ડુ, ધૃતરાષ્ટ્ર, વિદુર અને સૌ પાણ્ડવો એવી રીતે નિયોગથી જ ઉત્પન્ન થએલા પુત્રો હતા, એટલું જ નહિ પણ કર્ણ કન્યાનો પુત્ર હતો અને તેથી કાનીન કહેવાતો.

વિધવાવિવાહની અને વિવર્ણવિવાહની સમ્મતિ અનેક સ્મૃતિઓ આપે છે. પ્રાચીનકાળે દિયેરવટું પણ થતું. "જેમ પોતાના પતિના મૃત્યુ પછી સ્ત્રી પોતાના દિયેરને પતિ તરીકે સ્વીકારે છે" (શાન્તિપર્વ ૭૨). "વરના મરણ પછી કન્યાની ઇચ્છા હોય તો તેના દિયેર સાથે પરણાવવી" (મનુ ૯: ૯૭).

પ્રાચીન કાળે લગ્નવિચ્છેદ પણ થતો. પરાશરસ્મૃતિમાં કહ્યું છે કે નાસી ગએલા, મરી ગએલા, સાધુ થઇ ગએલા, નપુંસક, તથા વટલી ગએલા પતિની સ્ત્રી બીજો પતિ કરી શકે. એ તો ઠીક, પણ મહર્ષિ અત્રિની પત્ની અનસૂયા પતિનો ત્યાગ કરીને 'હવે હું ભર્તાને વશ રહીશ નહિ,' એમ કહીને મહાદેવને શરણે ગઇ હતી (અનુશાસનપર્વ ૧૪). પ્રદ્વેષીએ પોતાના પતિ દીર્ઘતમા ઋષિ અંધ થતાં તેમનો ત્યાગ કરીને પુત્રો દ્વારા તેમને નદીમાં નાખી દેવરાવ્યા (આદિપર્વ ૧૦૪).

મનુસ્મૃતિમાં (અ. ૩) અને મહાભારતમાં પણ (આદિપર્વ ૧૦૨) આઠ પ્રકારના વિવાહ કહ્યા છે: (૧) પિતા સદાચારી વરને વસ્ત્રાભૂષણે સજેલી કન્યા આપે તે બ્રાહ્મ વિવાહ; (૨) યજ્ઞમાં ઋત્વિજનું કર્મ કરનાર બ્રાહ્મણને તેવી કન્યા આપે તે દૈવ વિવાહ; (૩) વરની પાસેથી ગાય કે વૃષભ લેઇ કન્યા આપે તે આર્ષ વિવાહ; (૪) તમે બંને સાથે રહી ધર્મ આચરો એમ કહીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કન્યા આપે તે प्राजापत्य વિવાહ; (૫) કન્યાપક્ષ ધન લેઈને કન્યા આપે તે आसुर વિવાહ; (૬) વરકન્યા પોતાની ઇચ્છાએ કામવાસનાથી લગ્ન કરે તે गान्धर्व વિવાહ; (૭) કન્યાની ઇચ્છા વિરુદ્ધ તેનું હરણ કરી લાવી લગ્ન કરે તે राक्षस વિવાહ; અને (૮) ઊંઘતી કે કેફમાં પડેલી કન્યાની સાથે સંબંધ કરે તે पैशाच વિવાહ. સહજ નજર નાખવાથી જણાશે કે આમાં એક પછીનો એક વિવાહ નીચ પ્રકારનો છે. અને આ ક્રમને બિલકુલ અવળો કરી નાખી પૈશાચ વિવાહથી શરૂ કરીએ, તો લગ્નના આખા ઇતિહાસનું સૂત્ર હાથ આવે. બિલકુલ લગ્નરહિત સ્થિતિમાંથી સમાજ સુધરતે સુધરતે ब्राह्म વિવાહ સુધી આવ્યો છે.

પણ જ્યાં લગ્નપ્રણાલી આવી અનેકવિધ વિચિત્ર હોય, ત્યાં પુત્રોના પ્રકાર પણ વિચિત્ર હોય એમાં શું આશ્ચર્ય! પ્રાચીનકાળે અનેક પ્રકારના પુત્ર મનાતા: (૧) દંપતીનો સ્વાભાવિક પુત્ર તે औरस; (૨) क પતિની પરવાનગીથી નિયોગ વડે ઉત્પન્ન કરેલો પુત્ર તે नियुक्तज અને ख પતિની પરવાનગી વિના નિયોગ વડે ઉત્પન્ન કરેલો પુત્ર તે प्रसूतिज, આ બંને પુત્રો क्षेत्रज; (૩) પતિના કે બીજા કોઈના જાણ્યા વિના જન્મ આપેલો પુત્ર તે गूढोत्पन्न; (૪) ગર્ભવતી કન્યાનું લગ્ન થયા પછી થએલો પુત્ર તે सहोढ; (૫) પુત્રીને જે પુત્ર થશે તે મારો ગણાશે એમ કહીને પરણાવેલી પુત્રીનો પુત્ર તે पुत्रीक; (૬) બીજા પતિથી થએલો પુત્ર તે पौनर्भव; (૭) બીજાએ ખોળે આપેલો તે दत्तक; (૮) માબાપ વિનાનો જાતે ખોળે આવેલો તે स्वयंदत्तक; (૯) માબાપ વિનાનો પાળેલો પુત્ર તે कृत्रिम; (૧૦) જડી આવેલો ને પાળેલો अपविद्ध; (૧૧) ખરીદી લીધેલો તે क्रीतक; (૧૨) એકના પતિએ અને બીજાની પત્નીએ 'આ પુત્ર આપણા બેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થશે' એવી શરતે ઉત્પન્ન કરેલો પુત્ર તે દ્વામુષ્યાયણ—એ પુત્ર એ બન્નેની ઉત્તરક્રિયા કરી શકે ને વારસ થઈ શકે; (૧૩) દ્વિજને શૂદ્ર સ્ત્રીથી થએલો પુત્ર તે શૌદ્ર; (૧૪) કન્યાને લગ્ન પહેલાં થાય તે પુત્ર કાનીન; (૧૫) વ્યભિચારથી સધવાને થએલો પુત્ર તે કુંડ અને (૧૬) વ્યભિચારથી વિધવાને થએલો પુત્ર તે ગોલક. આ પુત્રોને જુદેજુદે અંશે માતાપિતાનો, માતાનો કે પિતાનો વારસો મળતો; કોઇ કોઇને ન પણ મળતો.

પ્રાચીન કાળની લગ્નવ્યવસ્થા વિષે આખો ગ્રંથ લખાય, પણ સંક્ષેપમાં આપેલી ઉપરની હકીકતથી જોઈ શકાશે કે પુરુષોએ લગ્નને નામે કરેલો સ્ત્રી પ્રત્યેનો પ્રપંચ પ્રાચીન કાળે આજના કરતાં પણ ભયંકર હતો. ત્યારે પણ પડદો હતો. સ્ત્રી અસૂર્યંપશ્યા કહેવાતી અને તેથી તેને સૂર્ય પણ ન દેખી શકે, એવી રીતે ઘરમાં રહેવા યોગ્ય મનાતી. પાણ્ડવોના દૂત બનીને કૃષ્ણ દુર્યોધન પાસે ગયા હતા, ત્યારે નગરનારીઓ તેમનું સમ્માન કરવા 'પડદા વિના ખુલ્લી રીતે જશે' એવી આજ્ઞા ધૃતરાષ્ટ્રે કરી હતી (ઉદ્યોગપર્વ ૮૬). રામે સીતાને કહેલું કે યજ્ઞમાં, વિવાહમાં, વિપત્તિમાં ને વનમાં સ્ત્રીએ પડદો ન રાખવો (પ્રતિમા નાટક). શકુન્તલા દુષ્યન્તના દરબારમાં અવગુંઠન (ઘુમટો) રાખીને ગઈ હતી (અભિજ્ઞાનશાકુન્તલ નાટક ૫).

અને પુરુષો કાંડાબળે સ્ત્રીઓને વશ રાખે (મનુ ૯), ત્યાં નારીજન એવી હીન દશામાં પુરુષોને વશ કરવાનાં વશીકરણ ને કામણ શીખે એમાં પણ આશ્ચર્ય શું! સત્યભામા દ્રૌપદીને પૂછે છે: "હે પ્રિયદર્શના, પાણ્ડવો હમેશાં તમને વશ રહે છે તથા તે સર્વે તમારું મુખ જોયા કરે છે, એનું ખરું કારણ શું છે તે મને કહો. એ પ્રમાણે થવામાં શું વ્રતાચરણ, તપ, સ્નાન, મંત્રેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔષધો, કામવિદ્યાનો પ્રભાવ, જડીબુટી, જપ, હોમ, કે અંજન વગેરે ઔષધોનો પ્રભાવ કારણભૂત છે? આજે મને કહો, જેથી શ્રી કૃષ્ણ નિરંતર મને વશ થઈને રહે" (વનપર્વ ૨૨૩).

પ્રાચીન કાળે આ સ્થિતિ હતી. એનો અર્થ એ નથી કે સ્ત્રી વિષેની હીન ભાવના સર્વવ્યાપક હતી. ના, અનેક આચાર્યોએ તેને ઊંચું સ્થાન આપ્યું છે. શંકરને अर्धनारीश्वर ભગવાન કહીને સ્ત્રીને પુરુષની પદવીએ મૂકી છે. દંપતી શબ્દમાં પણ એ જ ભાવના છે. પણ ગમે તેવી યે ઊંચી ભાવના સમાજે આચારમાં મૂકી નહોતી. તેથી તે કાળના સુધારક ધર્માચાર્યોને વિરોધ ઉઠાવવો પડ્યો હતો ને તે પ્રકારે વિધાન કરવાં પડ્યાં હતાં.

એટલે આપણે પ્રાચીન કે પશ્ચિમ તરફ અંધશ્રદ્ધાએ તણાઈ જવું ઘટતું નથી. જેમાંથી જે સારું મળે તેનો અંગીકાર કરવો એ જ ઇષ્ટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૪

લગ્નવય

પુરુષે પોતાના શરીરબળની સત્તાએ સ્ત્રી ઉપર જે લગ્નપ્રપંચ માંડ્યો છે અને તેથી તેનો જે નાશ કરી મૂક્યો છે, તેમાં ગંભીર વિચારથી મને એમ જણાય છે કે સ્ત્રીપુરુષના લગ્નવયમાં મોટો તફાવત રાખવાથી એ પરિણામ આવ્યું છે. તેમાં વળી હિંદુઓની સભ્ય ગણાતી નાતોમાં અને કુલીન ગણાતાં કુટુંબોમાં બાળવિધવા પણ લગ્ન કરી શકે નહિ અને વૃદ્ધ વિધુર પણ લગ્ન કરી શકે, એવા પુરુષે ઘડેલા પ્રપંચી કાયદાને પરિણામે તો સ્ત્રીપુરુષના લગ્નવયમાં મોટો તફાવત પડી જ જાય એમાં નવાઇ શી!

આજે સભ્ય ગણાતી જાતિઓમાં ઘણું કરીને પુરુષ સ્ત્રી કરતાં મોટો હોય છે. હિંદુઓમાં પરાશરે તો કન્યાને છેક નાનપણમાં પરણાવી મારવાની આજ્ઞા કરી: अष्टवर्षा भवेद् गौरी, नववर्षा तु रोहिणी । दशवर्षा भवेत् कन्या ततो ऊर्ध्वं रजस्वला ॥ દશ વર્ષની તે કન્યા અને તેને પરણાવી જ દેવી જોઇએ; દશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષથી મોટી થઈ જાય તો તે રજસ્વલા ગણાય અને તે કુંવારી હોય તો તેનાં માબાપ ને મોટા ભાઈ નરકમાં પડે! પુત્રને કેવડો મોટો થતા સુધીમાં પરણાવી દેવો એ વિષે આજ્ઞા કરવાની પુરુષ સ્મૃતિકારને પરવા શી? સ્મૃતિકારની ભ્રષ્ટ આજ્ઞાને પરિણામે મૂર્ખ લોક છેક નાની કન્યાઓને ગમે તેવડા મોટા વર સાથે પરણાવવા લાગ્યા. હવે કન્યા અનેક કારણે મોટી થાય છે, છતાં વર તેના કરતાં તો મોટો જ હોય છે.

વસ્તુસ્થિતિ એ થઈ પડી છે કે ૨૦, ૨૫, ૩૫, ૫૦ કે ૬૦ વર્ષનો પુરુષ ૧૬વર્ષની કે તેથી યે નાની બાળા કે બાળાઓ સાથે લગ્ન કરે છે અને પોતાની તીવ્ર કામવાસનાને તૃપ્ત કરે છે. વિધવાએ લગ્ન કરાય નહિ, એટલે વિધુરે લગ્ન કરવું હોય તો ય નાની કન્યા શોધવી જ રહી.

વેદથી મનુ સુધીના શાસ્ત્રકારોએ અને ચરક સુશ્રુત વગેરે વૈદ્યોએ પણ એવું વિધાન આપ્યું છે કે પુરુષે ૨૫ વર્ષનો થતા સુધી અને સ્ત્રીએ ૧૬ વર્ષની થતા સુધી બ્રહ્મચર્ય પાળી ગુરુકુલમાં અભ્યાસ કરવો, ને તે ઉમરનાં થતાં લગ્ન કરવું. પરિણામે ૨૫ વર્ષનો પુરુષ ૧૬ વર્ષની સ્ત્રી સાથે લગ્ન કરે.

આનાં કેવાં ભયંકર પરિણામ આવ્યાં છે એ આજે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. એથી સ્ત્રીની ત્રિવિધ અધોગતિ થઈ છે, ત્રિવિધ શક્તિ હણાઈ ગઈ છે: બૌદ્ધિક, માનસિક અને શારીરિક. પુરુષ ૨૫ વર્ષનો થતા સુધી અને સ્ત્રી ૧૬ વર્ષની થતા સુધી ગુરુકુળમાં અભ્યાસ કરે, એટલે પુરુષના કરતાં સ્ત્રીને અભ્યાસ કરવા માટે ૯ વર્ષ ઓછાં મળે. આથી એનો બૌદ્ધિક વિકાસ પુરુષના જેટલો ન થઈ શકે, એ દેખીતું છે. આમ સ્ત્રીની બૌદ્ધિક અધોગતિ થઈ છે. ૨૫ વર્ષનો પુરુષ ૧૬ વર્ષની સ્ત્રી કરતાં શરીરે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે બળવાન હોય જ, તેમાં વળી વધારે બૌદ્ધિક વિકાસવાળો, એટલે બુદ્ધિએ પણ વધારે બળવાન હોય. અને બળવાનની છાયા નિર્બળ ઉપર પડે, નિર્બળ બળવાનની ગુલામગીરી સેવે, એ સ્પષ્ટ છે. એ સિદ્ધાન્તે સ્ત્રી પુરુષની ગુલામડી થઈ પડે એ પણ સ્પષ્ટ છે. અને આજે પ્રત્યક્ષ જોઇએ છીએ કે સ્ત્રી પુરુષની ગુલામડી થઇ પડી છે. આમ તેની માનસિક અધોગતિ પણ થઇ છે.

બળવાન શરીરના પુરુષની કામલોલુપતાએ નબળા શરીરની સ્ત્રીની શારીરિક અધોગતિ પણ ખૂબ કરી છે. અખો ભગત કહે છે કે 'નાની નારી હવો પ્રસૂત, અંગ વાધે નહિ અદ્ભુત.' પણ અનેક બીજવરની નાની નારી તો પ્રસવકાળમાં જ મરે છે અને અનેક કસુવાવડ થાય છે. જીવે છે તે આખો જન્મારો નબળી રહે છે. આમ મોટા પુરુષની નાની સ્ત્રીનું શરીર ચુસાઈ જાય છે, ચૂંથાઈ જાય છે, કથળી જાય છે કે મરી પણ જાય છે. વળી જીવે છે ત્યાં સુધી આ કારણે પણ માનસિક નિર્બળતા આવે છે —સ્ત્રીઓને જ ભૂત આવે છે, તેને જ હિસ્ટીરિયા થાય છે. અને છતાં ય બાર વર્ષની બાળાવહુને બાળક અવતરતાં સાકર વહેંચાય છે !

સ્ત્રીપુરુષના લગ્નવયમાં આ પ્રકારે ફેર હોવાથી સ્ત્રીની ત્રિવિધ અધોગતિ થઇ છે. સ્ત્રીનું જો એમાંથી રક્ષણ થયું હોય તો એક જ પ્રકારે થયું છે. પ્રાચીન કાળે રોમે પોતાના કાંડા-બળથી ગ્રીસને પરાભૂત કર્યું હતું – હરાવ્યું હતું, પણ સાહિત્યથી અને કલાથી રોમ પોતે ગ્રીસથી અભિભૂત (hypnotised) થઇ ગયું હતું, લટ્ટુ બની ગયું હતું. પુરુષે પોતાના કાંડાબળથી સ્ત્રીને પરાભૂત તો કરી નાખી છે, પણ પોતાની કામવાસનાને તૃપ્ત કરવાની અભિલાષાએ અને સ્ત્રીના હૃદયલાલિત્યને બળે પુરુષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનાથી અભિભૂત થઇ ગયો છે, વશીભૂત થઈ ગયો છે, લટ્ટુ બની પડ્યો છે! આટલું રક્ષણ સ્ત્રીને ન હોત તો તેનો સર્વથા નાશ હતો. તમે જોઇ શકશો કે એ વસ્તુસ્થિતિને જ પરિણામે બીજવરના સંસારમાં પુરુષનું નહિ, પણ સ્ત્રીનું ચલણ હોય છે. એ સંસારમાં પુરુષના ભાઇ પોષાઇ શકાતા નથી, સ્ત્રીના ભાઇ પોષાઇ જાય છે. તેનું કારણ આ વશીભવન છે. રામાયણમાં સ્પષ્ટ વાંચી શકશો કે વૃદ્ધ રાજા દશરથ પોતાની કામલોલુપતાને કારણે નાની નારી કૈકેયીના મોહપાશમાં એવો ફસાઇ પડ્યો હતો કે તેની હઠથી તેણે ગાદીના સાચા વારસ રામચંદ્રને ચૌદ વર્ષનો વનવાસ આપ્યો ને કૈકેયીના પુત્ર ભરતને ગાદી આપી! આવાં તો અનેક પરિણામો મોટી ઉમરના કામલોલુપ પુરુષે નાની નારીના મોહથી વશ થઇને આણ્યાં છે અને આમ આટલી આ જ વસ્તુસ્થિતિ નારીનું રક્ષણ કરી રહી છે.

યુરોપમાં પણ સ્ત્રી કરતાં પુરુષ મોટા હોય છે, પણ ત્યાં સ્ત્રીઓને ખૂબ મોટી ઉમરે તેમજ વિધવાઓને લગ્ન કરવાની સ્વતંત્રતા હોવાથી આપણા જેવી વિષમ સ્થિતિ હોતી નથી. પણ ત્યાં વળી બીજા જ પ્રકારની વિષમતા હોય છે. ત્યાં કોઇ કોઇ પ્રસંગે પુરુષ કરતાં સ્ત્રી મોટી હોય છે. એવાં વિચિત્ર લગ્નનાં ઉદાહરણ તા. ૬ : ૧૦ : '૨૯ના *Sunday Observer* નામને પત્રે આપ્યાં છે: ૧૯૨૮ની સાલમાં

૩૦ વર્ષની ૨૧ સ્ત્રીએ ૨૦ વર્ષના, ૫૫ વર્ષની ૧ સ્ત્રીએ ૨૦ વર્ષના
૩૦ ,, ૧ ,, ૧૭ ,, ૫૫ ,, ૧ ,, ૨૯ ,,
૩૮ ,, ૧ ,, ૧૯ ,, ૫૭ ,, ૧ ,, ૨૪ ,,
૪૦ ,, ૧ ,, ૨૦ ,, ૬૩ ,, ૧ ,, ૨૯ ,,
૪૧ ,, ૧ ,, ૧૭ ,, ૬૯ ,, ૧ ,, ૩૪ ,,
૪૦થી૫૧ની ૧૭ ,, ૨૨ ,, પુરુષ સાથે લગ્ન કર્યાં હતાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા પ્રસંગોમાં સ્ત્રીઓએ કામલોલુપતાને કે બીજા કોઈ હેતુએ પોતાના ધનબળથી પુરુષોને ખરીદી લીધેલા હોય છે. મેં એક ફ્રેંચ આગબોટમાં આશરે ૨૫ × ૫૫ વર્ષનાં નરનારીનું દંપતી જોયું હતું. રોજ એ પળિયાંવાળી નવયૌવના પરપુરુષો સાથે દાંતઠીઠિયા કરે, પતિ બિચારો નીચું ઘાલી બેસી રહે. પતિ જરા પણ ઈર્ષ્યાનો ભાવ દેખાડે, કે પેલી રિસાય ને તે માનિનીને મનાવવા તે બિચારાને તેની પાછળ ફરવું પડે! મોટાનો પ્રભાવ નાના ઉપર સદા આમ જ પડતો હશે?

પણ ત્યાં લગ્નમાં કોઈ કોઈ પ્રસંગે સેવાનો પણ હેતુ હોય છે. એક જર્મન પાદરી પૂર્વ આફ્રિકામાં બહુ વર્ષ ત્યાંના લોકની સેવા કર્યા પછી આંધળો થયો. આફ્રિકામાં એ આંધળા પાદરીની સેવાશુશ્રૂષા નહિ થઈ શકે, એમ જાણીને ત્યાંની જર્મન સરકારે એને જર્મની મોકલી દીધો. એ વખતે તેને ત્યાં ઘરબાર પણ નહોતું, કોઈ સગુંવહાલું પણ નહોતું. આ સ્થિતિમાં તેની દયા ખાઇને તેના જેવડી એક વૃદ્ધ વિધવાએ તેની સેવાશુશ્રૂષા સારી રીતે થઈ શકે, એટલા જ માટે તેની સાથે લગ્ન કર્યાં! આપણા દેશમાં લગ્નપ્રણાલીની દુર્દશાને લીધે આવાં સેવાવ્રતનાં ઉદાહરણ આજે અશક્ય થઈ પડ્યાં છે, બેશક પુરાણોમાં વાંચીએ છીએ.

પણ યુરોપનું સારું અનુકરણ આપણને સૂઝતું નથી, ત્યાંનું ભૂંડું અનુકરણ આંખો મીંચીને કરીએ છીએ. યુરોપનું સારું જોઇને આપણું ભૂંડું પણ ટાળવા તૈયાર નથી. સાચી વાત તો એ છે કે દેશકાળનો વિચાર કરીને આપણા રીતરિવાજોમાં વિવેકથી ફેરફાર કરવા જ જોઇએ, યુગધર્મ સમજવો જ જોઇએ, નહિ તો મૃત્યુ છે.

મને તો આ વિષયનો ગંભીર વિચાર કર્યા પછી એમ સૂઝ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે પુરુષે પોતાની કામવાસનાને માટે સ્ત્રી ઉપર જે પ્રપંચબાણ માર્યું છે, તે તેને તો વાગ્યું જ છે, પણ પાછું વળીને પુરુષની છાતીમાં પણ ચોંટયું છે. લગ્નવયના વિષયમાં પણ એમ જ બન્યું છે: સ્ત્રીને તો અતિશય હાનિ થઈ છે જ, પણ પુરુષને થયા વિના નથી રહી, આખો સમાજ આજે એથી પીડાય છે. અંતે હું એ મત ઉપર આવ્યો છું કે **સ્ત્રીપુરુષના લગ્નવયમાં કશો તફાવત ન હોવો જોઇએ: પતિપત્ની સરખી ઉમરનાં હોવાં જોઇએ.**

જાણું છું કે આ મત ભયંકર લાગશે, એની સામે વિરોધ જાગશે. ધર્મશાસ્ત્રીઓ કહેશે કે વેદ ને અનેક સ્મૃતિઓ વરકન્યાનું લગ્નવય ૨૫ : ૧૬ ઠરાવે છે એટલે એ જ યોગ્ય છે. હું કહું છું કે વેદ રચાયા પૂર્વે પણ બહુ કાળથી પુરુષ પોતાનાથી નાની સ્ત્રી સાથે લગ્ન કરતો આવ્યો છે, વેદકાળ સુધી એ ચાલતું આવેલું હતું, તે જમાનાના લોકને એ છેક સ્વાભાવિક થઈ ગયું હતું, એટલે વેદે એ સ્વીકારી લીધું. સમાજશાસ્ત્રની એ રૂઢિની ઐતિહાસિક નોંધ વેદે ટાંકી લીધી છે. પ્રાચીન છે માટે જ એને સત્ય માની શકાય નહિ. ત્યારથી આજ સુધીના અનુભવનું અવલોકન કરીને રૂઢિમાત્રમાં વિવેકથી ફેરફાર કરવા ઘટે. એમાં જ જાતિનું જીવન છે.

વૈદ્યશાસ્ત્રીઓ કહેશે કે પુરુષનું શરીર ૨૫ વર્ષે પરિપક્વ થાય છે, પણ સ્ત્રીનું શરીર તો ૧૬ વર્ષે પાકી ઊઠે છે. હું કહું છું કે પુરુષે પોતાની કામવાસનાની લોલુપતાએ, કેરીકળાંની પેઠે, કૃત્રિમ ઉપાયે સ્ત્રીનું શરીર વહેલું પકવી નાખ્યું છે. વિષયી અને લંપટ વાતાવરણમાં રાખીને એનું શરીર અને મન વહેલું પકવી નાખ્યું છે, નહિ તો શહેરના મલિન વાતાવરણમાં સ્ત્રીઓ વહેલી પાકી ઊઠે છે ને ગામડાના કંઈક શુદ્ધ વાતાવરણમાં ત્યાંની સ્ત્રીઓ કંઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોડી પાકે છે, એનું કારણ શું? અને ધીરે ધીરે જુગજુગના અભ્યાસથી એ વહેલી પરિપક્વ થવા ટેવાઈ જાય, એટલે આપણને એ સ્વાભાવિક લાગે અને એ પણ યાદ રાખવું જોઇએ કે સ્ત્રી જેમ કૃત્રિમ ભાવે પુરુષથી વહેલી પાકે છે, તેમ તેના કરતાં વહેલી – ૫૦ વર્ષની ઉમર થતાં પહેલાં – સુકાઇ પણ જાય છે.

કુદરતમાં એમ હોઈ શકે નહિ, છે પણ નહિ. કુદરતમાં તો સૌ પશુપંખીનાં નરનારી લગ્નને માટે સરખી ઉમરે પાકે છે, સરખી ઉમરે સુકાય છે. વધારે દૂર ન જતાં વાનર, ઘોડો, ગાય, ભેંસ, હાથી, વાઘ, સિંહ, બિલાડી, કૂતરો વગેરે કરોડવાળાં પ્રાણીઓનું અવલોકન કરશો, તો જણાશે કે પ્રાણીઓમાં નરનારી લગ્ન માટે સરખી ઉમરે પાકે છે, સરખી ઉમરે શારીરિક લગ્ન કરે છે, સરખી ઉમરે સુકાય છે. વનવાસી મનુષ્યોમાં પણ એમ જ છે. કારણ કે તેઓ પણ સરખી ઉમરે લગ્ન કરે છે. એ પ્રાણીઓમાં તેમ જ વનવાસી મનુષ્યોમાં પણ પુરુષ કરતાં સ્ત્રી બહુ નિર્બળ નથી હોતી. કંઇક નિર્બળ છે, તેનાં બીજાં કારણો છે.

આ સર્વ અવલોકન ઉપરથી હું તો એ જ નિર્ણય ઉપર આવું છું, કે સ્ત્રીપુરુષનાં લગ્ન સરખી ઉમરે થવાં જોઇએ. વેદ નરનારીને માટે ૨૫ : ૧૬નું પ્રમાણ આપે છે, એ બેને વચગાળે ૨૦ : ૨૦નું પ્રમાણ મને યોગ્ય લાગે છે. પાંચથી વધારે વર્ષનો ફેર તો કાયદેથી અટકાવવો જોઈએ. આમ થશે તો જ નારીજાતિની બૌદ્ધિક, માનસિક અને શારીરિક અવનતિ અટકશે. નારીજાતિની અવનતિ અટકશે તો જ નરજાતિ અને આખો સમાજ ઉન્નતિને પંથે પળશે. સમાજસુધારકો આ વાત વિચારશે? અને એ ના વિચારે તો ય સ્ત્રીસમાજે તો પોતાના ઉપર થતા અન્યાય અટકાવવા આ વાત વિચારવી જોઇશે. એ વિના બીજી ગતિ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૫

લગ્નની કલ્યાણભાવના

માનવીએ બ્રહ્મચર્ય પાળવું – લગ્ન કરીને પણ બ્રહ્મચર્ય પાળવું, સુપ્રજા પ્રાપ્ત કરવાને અર્થે શારીરિક લગ્ન કરવું અને પછી સંયમ રાખવો — બ્રહ્મચર્ય પાળવું; અને એમ પેઢી દર પેઢી કરીને માનવસમાજને ઉન્નત કરવો. એ લગ્નનો ઉન્નત હેતુ છે. પણ પુરુષે પોતાને કાંડાબળે સ્ત્રીને ગુલામડી બનાવી, પોતાની કામલોલુપતાના સ્વાર્થહેતુએ લગ્નના આ ઉન્નત હેતુનો ભાંગીને ભુક્કો કરી નાખ્યો છે.

પશુપંખી માત્ર સ્વભાવપ્રેરણાએ પ્રેરાઇને ચાલે છે. તેમનાં નરનારી એ પ્રેરણાથી પ્રેરાઇને પોતાને ઋતુકાળે શારીરિક લગ્ન કરે છે અને વંશવર્ધન કરે છે. પછી સંયમ — બ્રહ્મચર્ય પાળે છે. માનવીએ પોતાનામાં રહેલા બુદ્ધિના અંશને કેળવ્યા, વિકસાવ્યા. એ ખૂબ બુદ્ધિમાન થયો, પણ એણે બુદ્ધિનો સદુપયોગ ન કર્યો, દુરુપયોગ કર્યો : ઋતુકાળની સીમાઓ તોડી નાખી બ્રહ્મચર્યનો નાશ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકૃતિનો નિયમ છે કે ઇષ્ટ અને ઉપયોગી વસ્તુ ઇન્દ્રિયોને રુચિકર હોય. ઇષ્ટ અને ઉપયોગી ખોરાકમાં સુવાસ હોય, સુસ્વાદ હોય. પ્રાણીમાત્ર પોતાના શરીરપોષણને ઇષ્ટ અને ઉપયોગી ખોરાક સૂંઘીને ને ચાખીને ખાય છે. અરુચિકર લાગે તો તેને અડે પણ નહિ. ઇતર પશુપંખી પોતાને પ્રેરણાબળે હજી એમ જ કરે છે. પણ આપણે માનવી, બુદ્ધિબળે પશુપંખી કરતાં પોતાને સુધર્યાં માનતા માનવી, શરીરપોષણને ઇષ્ટ અને ઉપયોગી ખોરાકને તરછોડી સ્વાદને વળગ્યા છીએ. બરાબર એ જ સ્થિતિ વંશવર્ધનમાં પણ છે. વંશવર્ધન એ પ્રકૃતિમાં ઇષ્ટ અને ઉપયોગી છે, અને તે સધાય એટલા માટે પ્રાણીમાં કામપ્રેરણા ઇષ્ટ રૂપે રહેલી છે. પ્રાણીમાત્ર એ ભાવને વળગી રહ્યાં છે, પણ આપણે માનવીઓ, બુદ્ધિબળે પશુપંખી કરતાં પોતાને સુધર્યાં માનતા માનવીઓ, વંશવર્ધનને તરછોડી કામવાસનાને વળગ્યા છીએ. પણ પરિણામ શું? પ્રકૃતિને અનુસરી ખોરાક લેનાર પશુપંખી મોટે ભાગે નીરોગ છે, પ્રકૃતિને તરછોડી ખોરાક લેનાર આપણે રોગનાં ખોખાં બની ગયા છીએ. પ્રકૃતિને અનુસરી પશુપંખી વંશવર્ધન કરે છે ને તે એ દિશાએથી પણ માનસિક અને શારીરિક વિષયોમાં નીરોગ છે. પ્રકૃતિને છોડી વિષયવાસનામાં ઊંધું જોઇને ઝોકાવનાર આપણે કામલોલુપ માનવી માનસિક વિષયમાં ભ્રષ્ટ અને પતિત થઇ પડ્યા છીએ, શારીરિક વિષયમાં પણ રોગથી સડી ગયા છીએ. આમ આપણું અનેકવિધ પતન થઇ ગયું છે!

ત્યારે હવે કરીએ શું? એ જ માર્ગ છે: એક તો આપણે જઇએ છીએ એ માર્ગે ધસ્યા જઇએ અને સમૂળો નાશ સાધીએ, અને નહિ તો પાછા પશુમાર્ગે વળીને ત્યાંથી સાચા માનવી બનીએ. ઉપર જણાવ્યું તેમ આજે પશુપ્રાણી માણસ કરતાં સારાં છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ માત્ર વંશવર્ધનને વળગી રહી શરીરલગ્ન કરી રહ્યાં છે અને માત્ર પ્રેરણાબળે પ્રેરાઇને પ્રકૃતિધર્મ સાચવી રહ્યાં છે. આપણે પ્રથમ તો એ કોટિએ પહોંચીએ. સ્વાભાવિક પશુધર્મ પાળતા થઇએ. પણ આપણે માત્ર પશુ નથી, માનવી છીએ — બુદ્ધિવાળાં માનવી છીએ. જેની જીભમાં સ્વાદ કેળવાયા નથી, તે નવા નવા સ્વાદ કરે નહિ, એમાં કંઈ વિશેષતા નથી. સ્વાદ કેળવાએલા હોવા છતાં, જેની જીભ સ્વાદલોલુપતા પાછળ દોડે નહિ, તે જ સાચો સંયમી. પશુની વિષયલોલુપતા સ્વાભાવિક પ્રેરણાથી વિશેષ રીતે કુમાર્ગે કેળવાઈ નથી, એટલે એ સ્વાભાવિક માર્ગે જ ચાલે, એમાં કંઈ વિશેષતા નથી. પણ માનવીની વિષયલોલુપતા બુદ્ધિએ કેળવાયા છતાં કલ્યાણમાર્ગે ચાલે, બુદ્ધિનો ઉપયોગ કલ્યાણમાર્ગે કરે, તો જ તે માનવી થાય. અવળે માર્ગે કરે તો તે માનવી તો નથી જ, પશુ પણ નથી, એથી યે અધમ છે. પશુના બ્રહ્મચર્યમાં વિવેક નથી, સંયમ નથી, એટલે એ બ્રહ્મચારી નથી. વ્યંડળમાં બ્રહ્મચર્ય તોડવાની શક્તિ નથી, એટલે એ પણ બ્રહ્મચારી નથી. જેનામાં બ્રહ્મચર્ય તોડવાની શક્તિ છે, પાળવાનો વિવેક છે, એ માનવી જ બ્રહ્મચારી બની શકે.

ત્યારે વિનાશને માર્ગે ન જવું હોય, કલ્યાણને માર્ગે જવું હોય, પૃથ્વી ઉપર નરકને બદલે સ્વર્ગ ઉતારવું હોય તો આપણે બ્રહ્મચર્યને જીવનનું ધ્યેય બનાવવું રહ્યું. માનવજાતિમાં એક ભ્રમ એવો સજ્જડ પેસી ગયો છે કે દરેક પુરુષે અને સ્ત્રીએ લગ્ન કરવું જ એ જીવનનો મુખ્ય હેતુ છે. આપણા નાશનું પ્રથમ કારણ તો આ ભ્રમ છે. બ્રહ્મચર્ય પાળી આત્મકલ્યાણ અને લોકકલ્યાણ સાધવું એ આપણા જીવનનો મુખ્ય હેતુ બનવો જોઇએ, અને એ હેતુ પ્રચંડભાવે આપણા હૃદયમાં ચોંટવો જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રકારે આપણાં હૃદય કેળવાય, એ પ્રકારે આપણાં બાળકોને કેળવણી મળે, તો કાળે કરીને એ સ્થિતિ આવે કે આજે જેમ આપણે લગ્નના ને કામવિલાસના વિચાર સેવ્યા કરીએ છીએ, એમ ત્યારે બ્રહ્મચર્યના અને કલ્યાણના વિચાર સેવવા સ્વાભાવિક થઈ જાય.

પણ કેટલાક એમ તર્ક કરે છે કે આખી માનવજાતિ બ્રહ્મચારી બની જાય તો એકએ પેઢીમાં પૃથ્વી ઉપરથી આખી માનવજાતિનો નાશ થઇ જાય. આવા તર્ક કરનાર વિષે પ્રથમ તો કહીએ કે પૃથ્વી ઉપર માનવજાતિને અમર રાખવાને શુભ વિચારે તેઓ ઘણું કરીને નથી કહેતા, માત્ર પોતાની વિષયવાસનાના સેવનનો બચાવ કરવા એમ કહે છે. પણ જે કોઈ શુદ્ધબુદ્ધિથી એ તર્ક કરતા હશે, તેમણે જાણવું જોઇએ કે આખી માનવજાતિ બ્રહ્મચર્ય પાળે કે ન પાળે એની પરવા આપણે શાને કરવી ? અનેક જણ અસત્ય બોલે છે, જીભના સ્વાદ કરીને કે બીજી રીતે શરીર બગાડે છે, માટે આપણે પણ એમ કરવા બંધાયા છીએ ? બીજા દુષ્ટ છે માટે આપણે પણ દુષ્ટ થવા કદાપિ ઇચ્છા કરીએ છીએ ? ત્યારે તો આ વિષયમાં પણ આપણને આપણી ધર્મબુદ્ધિ બતાવે તે કલ્યાણને માર્ગે જવું એ જ આપણો માનવધર્મ રહ્યો.

વાત સાચી છે કે પૃથ્વી ઉપરનાં સૌ માનવી બ્રહ્મચર્ય પાળી શકતાં નથી, કારણ કે એ ધર્મ ખાંડાની ધાર જેવો આકરો છે. પણ ત્યારે એવા લોકોએ ડોકાબારીની જ પેઠે લગ્નધર્મ સ્વીકારવો. ખંડની હવા ખૂબ ઘેરાયાથી ન રહેવાય, ત્યારે જેમ ડોકાબારી ઉઘાડીએ, તેમ સ્વાભાવિક કામપ્રેરણાથી મૂંઝાઈ જવાય, ત્યારે જ લગ્ન કરવું અને તેવે જ પ્રસંગે પત્ની સાથે શારીરિક લગ્ન કરવું; પછી તો મુખ્યત્વે બ્રહ્મચર્ય જ પાળવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આમ જો લગ્ન કરવાની જરૂર જ લાગે, તો કામવાસનાની દૃષ્ટિએ નહિ, પણ સમાજસેવાની દૃષ્ટિએ કરવું ઘટે. ગૃહસ્થાશ્રમ સુંદર રીતે સ્થાપીને આત્મકલ્યાણની ને લોકકલ્યાણની દૃષ્ટિએ કરવું ઘટે. ગૃહસ્થાશ્રમમાં પણ યથાયોગ્ય બ્રહ્મચર્ય પાળવું અને સુપ્રજા પેદા કરીને સમાજને અર્પણ કરવી. બ્રહ્મચર્ય વડે શુદ્ધ રહેલા જીવનથી થનારી પ્રજામાં બ્રહ્મચર્યનાં બીજ રોપાએલાં હશે અને એમ પેઢી દર પેઢી પ્રજા ઉન્નત ને ઉન્નત બનતી જશે. પરિણામે સંસારમાં સ્વર્ગ ઊતરશે.

આવે હેતુએ લગ્ન કરવામાં સ્ત્રીપુરુષે એકબીજાની પસંદગી ધર્મદૃષ્ટિએ કરવી જોઇશે. આજે આપણે જેને પ્રેમ કહીએ છીએ, તે ઘણું કરીને મોહ હોય છે. કામવાસના મટી જવાની ઉમર સુધી જે પ્રેમ અમર રહે તે જ સાચો પ્રેમ કે સ્નેહ છે. યુવાવસ્થામાં પ્રેમને નામે મોહમાં ફસાવાનો ઘણો સંભવ છે, માટે પસંદગી કરતાં વડીલોની કે અનુભવીઓની શુદ્ધ દૃષ્ટિનો ઉપયોગ કરવો ઇષ્ટ છે. કારણ કે લગ્ન માટે વિલાસસામગ્રી નહિ, પણ સાચી સહધર્મિણી, સાચી સહભાગિની, સાચી સહચરી શોધવાની છે.

આપણે પુરુષજાતિએ માનવસમાજનો ભારે અપરાધ કર્યો છે, આપણે આપણા કાંડાબળથી નારીજાતિને — માતૃજાતિને — નીચી નમાવી દીધી છે, તેને દબાવીને હીન બનાવી દીધી છે. આ અપરાધનું આપણે પ્રાયશ્ચિત્ત કરવું જોઇશે, માતૃજાતિને આપણી સમાન માનવાનું આપણે વ્રત લેવું જોઇશે. લગ્નજીવનમાં એક વ્રત બ્રહ્મચર્ય, બીજું વ્રત પત્નીસમાનતા – પત્નીપરાયણતા. ત્યાર વિના માનવસમાજની સાચી સેવા થવાની નથી, માનવજાતિનો સાચો ઉદ્ધાર થવાનો નથી.

માતૃજાતિ પવિત્ર જાતિ છે. માતાના ચુમ્બનથી બાળક સ્નેહનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો પાઠ ભણે છે. માતા ગૃહને સ્નેહસદન બનાવી મૂકે છે. એનામાં સુખની વાસના ન રાખીએ, કલ્યાણની જ વાસના રાખીએ. સહધર્મ બજાવીને પરસ્પરનું અને કુટુંબનું અને સમાજનું કલ્યાણ સાધીએ. તેને સેવક માનીને તેની સેવાની અપેક્ષા ન રાખીએ; એની સહાયતાની અપેક્ષા રાખીએ, તેને સહાયતા કરીએ. બેમાંથી કોઈ ઊંચું નથી, કોઇ નીચું નથી. પુરુષ અને સ્ત્રી માનવસમાજના બે હાથ છે, પુરુષોમાં જેમ ગુણભેદ છે, તેમ સ્ત્રીપુરુષમાં ગુણભેદ હોવાનો સંભવ છે; પણ તેથી પંક્તિભેદના — ઉચ્ચનીચના — ભેદ ન બની શકે. એક સતારના જુદાજુદા તાર સુરભેદને કારણે કંઇ ઊંચાનીચા હોઈ શકે? પંખી જેમ બે સમાન પાંખે આકાશમાં ઊડે છે, તેમ દંપતી નરનારીની બે સમાન પાંખે કલ્યાણને માર્ગે સમાજના આકાશમાં ઊડે, એ જ સાચો માનવધર્મ, એ જ સાચો ગૃહધર્મ.

શાક્તધર્મ કહે છે કે શક્તિથકી જ શિવ **શિવ** છે, શક્તિ વિના શિવ **શવ** છે. અને આપણે આજે અનુભવીએ છીએ કે માતૃજાતિને આપણે હણી નાખીને આપણે પોતે હણાઈ ગયા છીએ, મૃત્યુદશાને પામી શવરૂપ બની ગયા છીએ. આપણને લાગે છે કે આપણો સંસાર સરસ ચાલે છે, પણ એક પૈડાથી કે બંને દોદળાં પૈડાંથી ગાડું ખેંચાય, તેને ગાડું સરસ ચાલે છે એમ કહીએ તો આપણો સંસાર સરસ ચાલે છે, એમ કહી શકીએ. માટે જ્યાં સુધી સ્ત્રી સાચી રીતે **શક્તિ** ન થાય ત્યાં સુધી પુરુષ સાચી રીતે **શિવ** ન થાય, અને ત્યાં સુધી એ બે મળીને **અર્ધનારીશ્વર** ન થાય.

ત્યારે આપણો પુરુષ જાતિનો ધર્મ એ રહ્યો કે સેવાભાવે લગ્ન કરીએ, વિલાસભાવે નહિ; પત્નીને **શ્રેયસી** માનીએ ને બનાવીએ, **પ્રેયસી** નહિ; બંને મળીને ગૃહસેવા કરીએ, કુટુમ્બસેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીએ, સમાજસેવા કરીએ, સંસારસેવા કરીએ; સુપ્રજાને જન્મ આપીએ ને તે સમાજને ચરણે ધરીએ; પ્રજાને વાત્સલ્ય-ભાવે ઉછેરીએ ને કેળવીએ; બ્રહ્મચર્ય પાળી સંયમિત જીવન જીવીએ અને ત્યાગવૃત્તિ, ભ્રાતૃભાવ, સમાનભાવ વગેરે કલ્યાણસાધક ભાવનાઓ પોતાનામાં અને પ્રજામાં કેળવીએ.

આવાં પવિત્ર લગ્ન તેજ ધર્મલગ્ન. એવે પવિત્ર લગ્ને જોડાએલાં દંપતી એકબીજાને ધર્મપતિ અને ધર્મપત્ની કહી શકે. લગ્નની આજની પતિત ભાવનામાંથી છૂટીને એ પવિત્ર ભાવના તરફ આપણે વળવું જોઇશે, લગ્નમાં બ્રહ્મચર્યની ને સેવાની ભાવના મુખ્ય બનવી જોઇશે, જો સંસારમાં સ્વર્ગ ઉતારવું હશે તો. નહિ તો આજ આપણે જે માર્ગે ધસીએ છીએ, એ તો જરૂર નાશનો, નરકનો માર્ગ છે; એજ છે, એજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાય ૧૯

દંપતીના સેવાવિભાગ

લગ્નજીવન એટલે સેવાજીવન. નરનારી લગ્નમાં જોડાઈને દંપતી થાય, બે મટીને એક થાય. દંપતીએ સેવાજીવન માટે જ જીવવું રહ્યું. એમણે આત્મકલ્યાણ, કુટુંબકલ્યાણ, સમાજકલ્યાણ અર્થે અર્થાત્ યજ્ઞાર્થે સેવા કરવી રહી. એ સેવા ન થાય તો લગ્નજીવન નિરર્થક.

પતિપત્ની લગ્ને તો એક થયાં, પણ બીજી રીતે — શરીરે અને બુદ્ધિએ — તો જુદાં છે. એટલે તે બે જણ જુદાં જુદાં કાર્ય કરી શકે. પ્રકૃતિથી તેમના શરીરની રચના જુદી છે, અને તે કારણે કાળે કરીને તેમનો માનસિક વિકાસ પણ જુદી દિશામાં અને જુદા પ્રમાણમાં થયો છે. પુરુષમાં બીજગુણ છે, સ્ત્રીમાં ક્ષેત્રગુણ છે. પુરુષને જનનકાર્ય નથી, એટલે તે સ્વતંત્ર ભાવે બહાર હરીફરી શકે છે; સ્ત્રીને જનનકાર્ય છે, એટલે તેણે અમુક વખત તો એક ઠામે ઠરી જવું પડે છે. આથી પુરુષને કુટુમ્બના ભરણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોષણનો બોજો લેવો પડ્યો છે, સ્ત્રીને બાળઉછેરનો ને ગૃહ-વ્યવસ્થાનો બોજો લેવો પડ્યો છે. પરિણામે પુરુષમાં બુદ્ધિનો વિકાસ થયો છે, સ્ત્રીમાં વાત્સલ્યનો, સ્નેહનો વિકાસ થયો છે. આમ કાળે કરીને બંનેનો વિકાસ જુદીજુદી દિશામાં અને જુદા પ્રમાણમાં થયો છે.

ત્યારે એ બેનાં સેવાક્ષેત્ર પણ જુદાં જ હોઈ શકે. પુરુષે પોતાના બુદ્ધિપ્રભાવથી વર્તમાન સમાજની સેવા કરવાની છે, સ્ત્રીએ સ્નેહભાવથી સુપ્રજા આપીને ભાવિ સમાજની સેવા કરવાની છે. એ બે પ્રકારની સેવામાં કોઈ ઊંચી નથી, કોઈ નીચી નથી. એક વિના બીજી નિરર્થક છે, એક બીજીને પરિપૂર્ણ કરે છે. માટે જ પુરુષ કે સ્ત્રી એક બીજાથી ઊંચે નથી, નીચે નથી.

પણ પુરુષે કાંડાબળે પોતાને ઊંચો મનાવ્યો છે, સ્ત્રીને નીચી મનાવી છે. પુરુષ તો એમ માને મનાવે. પણ દુર્ભાગ્ય તો એ છે કે સ્ત્રી પણ પોતાને નીચી માની રહી છે. પરિણામે તે પુરુષની સમાન મનાવાને માટે પુરુષના સેવાપ્રદેશમાં – અને ખોટી રીતે મનાતા અધિકારપ્રદેશમાં – પેસવાનો આજે પ્રયત્ન કરી રહી છે: નારીસુલભ સ્નેહનો પ્રદેશ છોડીને બુદ્ધિના પ્રદેશમાં પેસવાનો તે પ્રયત્ન કરી રહી છે.

પણ એમ બે જુદી જુદી શક્તિઓને એકાકાર કરી નાખવાથી હાનિ જ થાય છે. પુરુષના બુદ્ધિક્ષેત્રને લાભ નથી થતો. સ્ત્રીના સ્નેહક્ષેત્રનો તો નાશ જ થાય છે. અને સ્નેહક્ષેત્રનો નાશ થતાં સુપ્રજાનો પણ નાશ જ થવાનો. સંસારનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જુદા જુદા લોક સેવાકાર્ય કરી રહ્યા છે, બધા યે બધું ય પોતે જ કરી શકતા નથી. ગૃહ એ પણ નાનો સંસાર છે. ત્યારે તેમાં નરનારી બંને સેવાવિભાગ ન કરતાં સેવાક્ષેત્રને એકાકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી નાખે, એ કેમ પાલવે? અને વખતે સ્ત્રી પુરુષનાં કેટલાંક કાર્ય કરી શકે, પણ પુરુષ સ્ત્રીનું જનનકાર્ય તો કેમ જ કરી શકે?

હવે સંસારનાં કાર્યક્ષેત્રમાં એ બે સરખે આસને બેસી કામ કરે તો શું પરિણામ આવે? કાઉન્સિલોમાં સ્ત્રીઓ જાય તો એ બુદ્ધિક્ષેત્રમાં પુરુષની સાથે એને સ્પર્ધા કરવી જોઇશે. શરૂઆતમાં પુરુષ સહાનુભૂતિને કારણે એને ચલાવી લેશે, પણ જતે દહાડે સ્પર્ધાના દિવસો આવવાના જ. પરિણામે જેટલે અંશે સ્ત્રીનું બુદ્ધિક્ષેત્ર વિશાળ થશે એટલે જ અંશે એનું સ્નેહક્ષેત્ર સંકોચાશે. ન્યાયાસન ઉપર બેસી ન્યાયાન્યાયની અદલ તુલા હાથમાં ઝાલતાં, જોઇએ તો બુદ્ધિવિકાસને પ્રભાવે ન્યાય આપશે, પણ સ્નેહ, દયારહિત થઈ જશે, અથવા જોઇએ તો સ્નેહપ્રભાવે અન્યાય કરી બેસશે. પોસ્ટ ઓફિસમાં સ્ત્રીઓ કારકુન થાય એ વિચારથી તો કમ્પારી જ છૂટે છે.

સ્ત્રીઓએ બુદ્ધિક્ષેત્રમાં ઝોકાવવાનો યુરોપિયન વાયરો આપણા દેશમાં પણ આવી પહોંચ્યો છે. કાઉન્સિલોમાં જવાના દરવાજા એમને માટે ખુલ્લા મુકાયા છે, ને એમની સ્વતંત્રતા ઉપર દબાણ નહિ કરવાની વૃત્તિએ જ એમને અભિનંદન ઘટે છે. પિતાના વારસામાં ભાઇઓ સાથે બહેનોના ભાગ પડે એવી પણ માગણી થઇ છે. આપણો દેશ ગરીબ છે, સેંકડે ૮૦ ટકા તો ખેડૂત છે, દેવાદાર છે; એ સ્થિતિમાં એમને ભાગે દેવું જ આવે. પણ દેવાદાર ન હોય તો ય એમને ભાગે જે જમીન આવે એનો વહીવટ શી રીતે થવાનો? કોણ કરવાનું? અને સાત પેઢીમાં તો એ કુળમાં જેટલાં ગામની કન્યાઓ આવી હોય તેટલાં ગામની જમીનના ટુકડા તેમના વારસામાં આવવાના અને તેટલાંનો વહીવટ તે કુળની એક જ જીવતી સ્ત્રીને કરવાનો થવાનો! લાંબે કાળે શી દશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય એનો વિચાર આ માગણી કરનાર થોડીક ધનવાન સ્ત્રીઓએ કર્યો જણાતો નથી, એમણે તો પોતાના પિતાના કે પછી પોતાના પતિના ધન ઉપર જ અને પોતાની અનુકૂળતાની લાલસા ઉપર જ વિચાર કર્યો જણાય છે. અનુકૂળ વ્યવસ્થાની ખાતર જે તે સ્થળે સ્થાયી ભાવે રહેનારને જ એ મિલકતના ભાગીદાર ઠરાવવામાં આવ્યા છે એમાં સમાજનું ઊંડું ડહાપણ છે: જ્યાં પુરુષવંશાનુગત વારસો ઊતરે છે, ત્યાં પુરુષને વારસ ઠરાવ્યો છે; જ્યાં સ્ત્રીવંશાનુગત ઊતરે છે, ત્યાં મલબાર, આસામ વગેરેમાં સ્ત્રીને વારસ ઠરાવી છે. અને એ જ દષ્ટિએ સ્ત્રીને કે પુરુષને પિતાનું ઘર છોડી સસરાને ઘેર જતાં પિતાનો વારસો છોડવો પડે છે ને સસરાના વારસામાં તે ભાગીદાર બને છે. દંપતી શબ્દનો અર્થ એ જ છે, પતિ અને પત્ની ઘરનાં સરખાં ભાગિયાં છે. પુરુષોએ બળાત્કારે આ વ્યવસ્થામાં સ્ત્રીઓને અન્યાય આપ્યો જણાય ત્યાં એ અન્યાય દૂર કરવો ઇષ્ટ છે, પણ સમસ્ત દષ્ટિબિંદુ ફેરવી નાંખવું એ તો અનિષ્ટ જ છે.

રસોડાના ભઠિયારામાં અમારે શા માટે પડી રહેવું? પુરુષોનું વધ્યુંઘટ્યું એઠુંજૂઠું લૂખુંપાખું અમારે શા માટે ખાવું એવી પણ બૂમ ઊઠી છે. આમાં સત્ય નથી એમ તો નથી જ. પણ પુરુષોએ માન્યું કે એ ઘરકામ હલકું છે, એ તો સ્ત્રીઓએ જ કરવું ઘટે, એટલે સ્ત્રીઓએ પણ માની લીધું કે એ કામ હલકું છે માટે અમારે કરવું નથી. આમાં પણ દષ્ટિભેદ થયો છે: अतिथिदेवो भव – અતિથિ જેનો દેવ છે એવો થા, અતિથિનો સત્કાર કર, એને જમાડ્યા પછી જમ. ભગવદ્ગીતા કહે છે કે:—

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषात् ।
भुंजते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥ ३ : १३ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પંચમહાયજ્ઞનો શેષ ભાગ ખાનાર મનુષ્યો સર્વ પાપથી મુક્ત થાય છે, જે પાપીઓ પોતાને જ માટે રાંધે છે તે અઘ – પાપ – નું ભક્ષણ કરે છે.) આમ અતિથિ વગેરે પંચયજ્ઞને માટે ન રંધાએલા અન્નને અઘ કહેલું છે. મનુ કહે છે કે:

विघसाशी भवेन्नित्यं नित्यं वामृतभोजनः।
विघसो भुक्तशेषं तु यज्ञशेषं तथामृतम्॥ ३ : २८५॥

(પંચયજ્ઞ કરી રહ્યા પછી વધેલું અન્ન તે અમૃત અને સૌ જમી રહ્યા પછીનું અન્ન તે વિઘસ. નિત્ય એ અમૃતનું અને વિઘસનું ભોજન કરવું ઘટે.) પંચયજ્ઞ કર્યા પૂર્વે જમનારને મનુ પણ ઉપર આપેલા ગીતાના જ લગભગ શબ્દોમાં અઘાશી કહે છે. આમ અતિથિ વગેરેને જમાડ્યા વિના ગૃહસ્થથી જમાય નહિ, એ સૌના જમી રહ્યા પછી શેષ – બાકી – રહેલું, વધ્યુંઘટ્યું ખાવું, એ જ ગૃહસ્થનો ધર્મ, અને ગૃહસ્થનો ધર્મ એ જ ગૃહિણીનો ધર્મ. અને વળી એ તો માતા; ઘરનાં વૃદ્ધ, રોગી, બાળકને જમાડ્યા વિના એને તો અન્ન ગળે ઊતરે જ કેમ? સ્નેહ એને જમવા દે જ કેમ? આવી સુંદર ભાવના આજે વેઠરૂપે માથે પડી મનાય છે. વિઘસને ને અમૃતને વધ્યુંઘટ્યું એઠુંજૂઠું લૂખુંપાખું માનવામાં આવે છે એવી આપણી દશા આવી પડી છે! બેશક, આમાં સૌ દોષ સ્ત્રીઓનો જ છે એમ નથી, પુરુષોનો પહેલો છે.

सुवासिनीः कुमारीश्च रोगिणो गर्भिणी स्त्रियः।
अतिथिभ्योऽग्र एवैतान्भोजयेदविचारयन्॥ ३ : ११४॥

(સુવાસિનીને, કુમારિકાને, રોગીજનને અને ગર્ભિણીને તો કંઈ વિચાર પણ કર્યા વિના અતિથિની યે પહેલાં જમાડી દેવાં.) એ આજ્ઞાનું પુરુષે પણ પાલન ન કર્યું ને સ્ત્રીને માથે ધર્મને વેઠરૂપે ઠોકી બેસાડ્યો, એટલે સ્ત્રી પણ એને વેઠ માનતી થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ. આ સુંદર ભાવના પાછી જીવતી કરવી ઘટે, પુરુષોએ બળાત્કારે આ ભાવનામાં સ્ત્રીઓને અન્યાય આપ્યો જણાય ત્યાં એ અન્યાય દૂર કરવો ઇષ્ટ છે; પણ સમસ્ત દૃષ્ટિબિંદુ ફેરવી નાખવું એ તો અનિષ્ટ જ છે.

સ્ત્રીપુરુષમાં કોઈ ઊંચું નીચું નથી, બન્ને પોતપોતાને સ્થાને સરખાં ઊંચાં છે; બાકી એક બીજાથી ઊંચે જવાની સ્પર્ધામાં તો ઇસપની પેલી વાર્તાના જ જેવું પરિણામ થાય. હાથ કહે કે પેટ ખાય ને માત્ર મારે તો કામ જ કરવાનું ? એ તો મારાથી નહિ બને. કામ ન કર્યાને પરિણામે પેટ ભૂખ્યું રહ્યું ને હાથને પણ જીવનરસ ન મળ્યે તે નબળા પડ્યા. દાંત અને જીભ પોતપોતાને સ્થાને જ સુંદર ધર્મ બજાવી શકે. પોતપોતાના ધર્મ ચૂકયે આખા સમાજને હાનિ થાય અને આપણા સમાજનાં બન્ને અંગ પોતપોતાનો ધર્મ ચૂક્યાં છે, એટલે આપણે અધઃસ્થિતિ ભોગવીએ છીએ અને હજી યે નહિ સમજીએ તે આપણી અધોગતિ અટકવાની નથી.

બેશક, અમુક પુરુષોમાં નારીઅંશ હોય છે તેમ જ અમુક સ્ત્રીઓમાં નરઅંશ હોય છે, તેમના કાર્યક્ષેત્રમાં તે તે અંશ પ્રમાણે ફેરફાર હોઈ શકે; પણ એ તો અપવાદ જ, નિયમ નહિ.

બહાર જઈ બુદ્ધિના કઠોર ક્ષેત્રને પોતાનું કાર્યક્ષેત્ર કરવું એ સ્નેહાળ સ્ત્રીને જરૂર ન પાલવે. ઘેર રહી પોતાનાં બાળકોને સુંદર રીતે કેળવે ને સમાજને સુંદર સુપાત્ર નાગરિકો આપે એથી ઊંચું કાર્યક્ષેત્ર એનું હોઈ શકે નહિ. 'Family Budget of Clerks' નામના પુસ્તકમાં મિસિસ કૅલેબ (Mrs. Caleb) લખે છે : 'I would deny higher education to no one, but first and foremost a woman should

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

be a good housewife.' (ઊંચી કેળવણી લેતાં હું કોઈને વારતી નથી, પણ સૌથી પહેલાં તો સ્ત્રીએ સુગૃહિણી થવું ઘટે.) અને गृहिणी गृहमुच्यते (ગૃહિણી એ જ ઘર છે). ગૃહિણી વિના ઘર નથી. યુરોપમાં ખોટો વાયરો વાયો છે, પુરુષની સમાન થવા સ્ત્રી મથી રહી છે. પરિણામે ઘર ભાગતાં ને હૉટલો જામતી જાય છે. અવિવાહિત રહીને પણ લગ્નવિલાસ ભોગવવાની અને લગ્નવિલાસ ભોગવીને પણ સન્તતિધર્મથી દૂર રહેવાની લાલસાઓ વધતી જાય છે. જીવન ધૂળધાણી થતું જાય છે. આવા જીવનમાં સ્નેહલગ્નની અને રસજીવનની આશા વ્યર્થ છે. પશુલગ્નમાં જ આવાં જીવન મંડાય છે ને આવાં જીવન હણાય છે. પરિણામે બેશક થાકીને પણ છેવટે પોતાની સાચી સ્થિતિ જોશે ને ત્યારે બહારથી ફરી ઘર તરફ પાછી આવશે. આજે ભલે એ પોતાનો પ્રયોગ કરી જુએ, એના ઉપર અંકુશ મૂકવો ઇષ્ટ નથી; સમજીને પાછી વળશે ત્યારે જ સાચી ગૃહિણી થઈ શકશે. બાકી અત્યારે તે અર્ધાંગના વિનાના પુરુષથી અને અર્ધાંગન વિનાની સ્ત્રીથી સમાજનું શ્રેય થઈ શકતું નથી, સમાજ પીડાય છે. તેવી દશામાં નારી નારી ટળી નર થઈ જાય તો સમાજની અધઃસ્થિતિનો પાર કયાં ?

સાચી વાત તો એ છે કે જે ભાવનાઓ સુંદર છે તેને કેળવવી, નવી સુંદર ભાવનાઓ ઉમેરવી, જે ભ્રષ્ટ છે તેને દૂર કરવી, સ્ત્રી ઉપરના અન્યાય દૂર કરવા, તેને તેના સ્વાભાવિક ધર્માસન ઉપર સ્થપાવા દેવી અને એમ કરી પુરુષે પણ પોતાના સ્વાભાવિક ધર્માસન ઉપર પાછું સ્થપાવું એમાં જ સમાજનું હિત છે.

એમને સારી કેળવણીની અગત્ય છે. સ્નેહસહજ કલા સમજવાની જરૂર છે. સમયનો સદુપયોગ કરતાં શીખવું જોઈએ. બાળકોની,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃદ્ધોની અને રોગીઓની સેવાશુશ્રૂષા કરી પોતાનો સ્નેહધર્મ બજાવવો જોઇએ, સમાજનું શારીરિક સ્વાસ્થ્ય વધે એમ કરવું જોઇએ, નારીજાતિની શારીરિક દુર્બળતા ઘટે એવી યોજનાઓ કરવી જોઈએ. બાળલગ્ન તેમનાં શરીરને ધોઇ નાખે છે, માટે તે અટકાવવાં જોઇએ; લગ્નમાં સ્ત્રીપુરુષની ઉમરનો તફાવત રાખવાની જે સૂચનાઓ થાય છે તે પણ મને તો અયોગ્ય લાગે છે; પુરુષ કરતાં સ્ત્રી નાની હોવાથી જરૂર તેના શરીરને હાનિ થાય છે. બન્ને સરખી હોય તો એ હાનિ થવાનો સંભવ નથી. આવી આવી વાતોનો વિચાર કરી તેના ઉપર નિર્ણય લાવવા જોઇએ. એકંદરે તેણે પુરુષની સામે થઇને પણ સમાજમાં પોતાનું સાચું ધર્માસન પ્રાપ્ત કરવું જોઇએ: ત્યારે જ પુરુષ પણ પોતાને સાચે ધર્માસને સ્થપાશે ને સંસાર તથા સમાજ સર્વાંગસુંદર થશે. "સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી, રોગહીન અને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબબંધનમાંથી તેઓ મુક્ત — સ્વતંત્ર — થાય ને તે મુક્તતાથી ને સ્વતંત્રતાથી કુટુંબની મૂર્ખ ઇચ્છાઓ અને ક્લેશમાંથી છૂટી એ કુટુંબનાં ખરાં કલ્યાણ કરવા શક્તિમતી અને ઉત્સાહિની બને, કુટુંબના બાળકવર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધવર્ગની કલ્યાણવાસનાઓને તૃપ્ત કરે.." (સરસ્વતીચંદ્ર ભાગ ૪, પૃ. ૭૮૩)

આમ છતાં સ્ત્રીઓ આજે જો પુરુષના સેવાક્ષેત્રમાં પેસવા ઇચ્છતી જ હોય, તો પ્રયોગ કરી જોવાને માટે પણ તેમને તેમ કરવાની સ્વતંત્રતા તો હોવી જોઇએ. ગાંધીજીનો એક લેખ લંડનના 'ડેલી હેરલ્ડ'માં છપાયો હતો, તેનો તા. ૧૫ : ૧૦ :'૩૧ના 'મુંબઈ સમાચાર'માં ઉતારો હતો. તેમાંથી ઉપયોગી ભાગ નીચે આપું છું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઑફિસો, ધંધાઓ તથા નોકરીનાં સ્થાનો સ્ત્રીઓ માટે ખુલ્લાં રહે, એ જોવાની મારી ઇચ્છા છે. નહિ તો પછી ખરી સમાનતા સંભવી જ ન શકે. પરંતુ હું નિખાલસપણે આશા રાખું છું કે સ્ત્રીઓ ગૃહરાજ્ઞી બનવાનો પોતાનો પરાપૂર્વથી ચાલતો આવેલો હક જાળવી રાખશે અને તેનો અમલ કરશે. આ ઉચ્ચ પદ ઉપરથી તેને કદી ઉતારી પાડવી ન જોઇએ. ગૃહરાજ્ઞી વિનાનું ઘર તે શૂન્ય સ્મશાનવત્ જ હોય. દાખલા તરીકે, હું એવું એક પણ સુખી ઘર નથી કલ્પી શકતો, જેમાં સ્ત્રી 'ટાઇપીસ્ટ' હોઇને ભાગ્યે જ ઘરમાં રહેતી હોય. બાળકોની કોણ સંભાળ રાખે? ગરીબ ઘરના ઉજ્જ્વળ રત્ન સમાન બાળક વિનાનું તે ઘર ક્યાંથી જ શોભે?

"એક ચતુર સ્ત્રીએ દુનિયામાં કમાવા માટે બહાર પડીને પોતાનાં બાળકોની સંભાળ રાખવા પૂરતું ધન ખર્ચીને ઘણો પૈસો પેદા કર્યો હોય, અને પોતાનાં બાળકોને માટે ઘણું કર્યું હોય એવા જૂજ દાખલા કદાચ ટાંકી બતાવવામાં આવશે. અસાધારણ સ્ત્રીઓ અપવાદરૂપ જ ગણાય. જીવનના દરેક દૃષ્ટિબિંદુમાં અપવાદ હોય છે. પરંતુ અપવાદ ઉપરથી સામાન્ય નિયમ બાંધી શકીએ નહિ. સામાન્ય રીતે પિતાએ જ ગુજરાનનું સાધન મેળવવું જોઇએ. જો તેને એવી ખાતરી હોય કે તેનું ઘર સુખી છે તો તે વધુ સરસ રીતે ગુજરાન મેળવી શકે. માતા આપી શકે એવી સુંદર સંભાળમાંથી બાળકને વંચિત રાખવું, એ તેના ઉપર અન્યાય કરવા સમાન જ છે. પુરુષોના જેટલી જ સમાનતા સ્ત્રીઓને મળે એવું હું ઇચ્છું છું. પરન્તુ પોતાનાં બાળકો પ્રત્યેની પવિત્ર ફરજમાં જો તે ચૂકે, તો પછી થએલી હાનિનો કોઇ પણ રીતે બદલો મળી શકે જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ગમે તે કામ હોય, પરન્તુ કૌટુમ્બિક જીવન એ પ્રથમ અને મુખ્ય છે. તેની પવિત્રતા જાળવાવી જોઇએ. રાષ્ટ્રોના કલ્યાણનો તેના ઉપર આધાર છે, સારા યા નરસા માટે પણ ઘરના સંસ્કાર લાંબો વખત ટકે છે; તે સંબંધમાં શંકાને સ્થાન જ ન હોય. ગૃહજીવનનું પવિત્ર વાતાવરણ જાળવી રાખવામાં ન આવે, તો કોઈ પણ રાષ્ટ્ર ટકી શકે જ નહિ. કદાચ એવી કેટલીક વ્યક્તિઓ હોય છે, જે મારી પેઠે કોઈ મહાન આદર્શ યા સિદ્ધાન્તને ખાતર કૌટુમ્બિક જીવનની આશ્વાસના જતી કરે અને તેને બદલે આત્મભોગનો તથા બ્રહ્મચર્યનો આશરો લે; પણ સાધારણ લોકો માટે તો કૌટુમ્બિક જીવનના રક્ષણની આવશ્યકતા છે."

આ વાક્યોથી પણ જણાશે કે પુરુષનું સેવાક્ષેત્ર વર્તમાન સમાજની સેવા છે. સ્ત્રીનું સેવાક્ષેત્ર ભાવિ સમાજની સેવા છે. ત્યારે આજે સમાજમાં પ્રચલિત થઇ રહેલો ભ્રમ, કે પુરુષ ઊંચે છે એટલે તેથી તેનો સેવાપ્રદેશ પણ ઊંચો છે તથા સ્ત્રી નીચે છે એટલે તેનો સેવાપ્રદેશ પણ નીચો છે, તે ટળવો જ જોઇએ. પુરુષમાં પુરુષત્વ હોય તો એ સ્ત્રીને નીચી ન માને, સ્ત્રીમાં સ્ત્રીત્વ હોય તો એ પોતાને નીચી ન માને. બંનેએ ઉપલા ભ્રમમાંથી નીકળવું રહ્યું. અને ત્યાર પછી બંને સમાન મનાશે, બંનેના સેવા-પ્રદેશ સમાન મનાશે.

અને ત્યારે તો એક બીજાને તેમના સેવાપ્રદેશમાં યોગ્ય સહાયતા પણ આપી શકશે. પુરુષ સ્ત્રીને ઘરકામમાં સહાયતા આપી શકશે, કારણ કે સ્ત્રીને ઘરમાં કંઇ ઓછું કામ નથી. સ્ત્રી પુરુષને બહારના કામમાં સલાહ આપી શકશે, કારણ કે પુરુષને બહારની ચિંતાઓ કંઈ ઓછી નથી. અને ખરે જ, સ્ત્રીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવગણના થતી દેખાયા છતાં, પુરુષ ઉપર એ ઘણો પ્રભાવ પાડી શકે છે. સમાજ લોકમતને અનુસરે છે, અને લોકમત બાંધવામાં સ્ત્રીનો કંઈ નાનોસૂનો પ્રભાવ નથી.

ત્યારે જો સ્ત્રીપુરુષ સમાનભાવે પોતપોતાના કાર્યક્ષેત્રમાં પ્રવર્તે, તો ઘર લીલી વાડી જેવું થાય, સંસારમાં સ્વર્ગ ઊતરે. આ મહત્ત્વના વિષયમાં અહીં તો માત્ર મારો અભિપ્રાય સંક્ષેપમાં દર્શાવ્યો છે, અને કવિકુલગુરુ રવીન્દ્રનાથે પોતાના નાટકમાં ચિત્રાંગદાને મુખે અર્જુન પ્રત્યે બોલાવેલાં વાક્યો ટાંકી આ અધ્યાય પૂરો કરું છું:

"હું તો ચિત્રાંગદા; દેવી યે નહિ, સામાન્ય રમણી યે નહિ; પૂજા કરીને માથે ધરી રાખો તેવી યે નહિ, અવગણના કરી ભરણપોષણ કર્યે જાઓ તેવી યે નહિ. સંકટને માર્ગે જો પાસે રાખો, ગૂઢ ચિન્તામાં જો ભાગ લેવા દો, કઠણ વ્રતમાં સહાય થવાની જો અનુમતિ આપો, સુખદુઃખમાં મને જો સહચરી કરો તો મારો પરિચય પામશો. તમારું જે સન્તાન મેં ગર્ભમાં ધારણ કર્યું છે, તે જો પુત્ર અવતરશે, તો એને નાનપણથી વીરશિક્ષા દેઇને બીજો અર્જુન બનાવી એક દિવસ એને એના પિતાને ચરણે સોંપીશ, ત્યારે જ, પ્રિયતમ, તમે મને ઓળખી શકશો! આજે તો તમારે ચરણે એટલું જ નિવેદન કરું છું કે હું માત્ર ચિત્રાંગદા છું, રાજકન્યા છું."

અને અર્જુને ત્યારે પોતાને ધન્ય થયો માન્યો.

LIBRARY,
GURUKULA KANGRI.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૉલ્સ્ટૉય ગ્રન્થાવલિ

આ ગ્રન્થાવલિના
ગ્રાહકોને
બધાં
પુસ્તકો
પોણી કિંમતે
મળે છે.

પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

પ્રેમનો દંભ	૧–૪–૦
સ્ત્રી અને પુરુષ	૧–૦–૦
કથાવલિ	૧–૪–૦
નવો અવતાર ભા.૧	૨–૪–૦
,, ભા.૨	૨–૦–૦
,, ભા.૩	૧ ૦–૦
દૃષ્ટિપરિવર્તન	૧–૪–૦

બૃહદ્ ગ્રન્થાવલિ

નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, રાજકારણ, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, ધર્મ
વગેરે ઉપરના ગ્રન્થો આ ગ્રન્થાવલિમાં અપાય છે.
ગ્રાહકો નોંધાતા નથી.

પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

એક ક્રાન્તિકારની આત્મકથા ભા.૧	૧–૪–૦
એક ક્રાન્તિકારની આત્મકથા ભા.૨	૧–૪–૦
મારી જન્મટીપ [પૂર્વાર્ધ] *	૨–૦–૦
મારી જન્મટીપ [ઉત્તરાર્ધ] *	૨–૮–૦
ઈશ્વરનો ઇનકાર	૧–૦–૦
ગાતા આસોપાલવ	૧–૮–૦
ક્રિરેકની વાતો ભા.૨	૧–૮–૦
સત્યમય જીવન	૦-૧૦-૦
ગીતામન્થન	૧–૪–૦

(* જપ્ત થયાં છે.)

પ્રસ્થાન માસિક લવાજમ રૂ. ૫–૦–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar